કુમાર

ભાદરવો '૮૪

અંક ૫૭

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી રવિશંકર રાવળ



ફોટો : નટવરલાલ પરીખ



ચેતવણી

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચ્ચેથી ગ્રાહકો નોંધાતા નથી. પણ આ વર્ષે શરૂઆતના ત્રણ અંક ખુટતા હોવાથી રૂા. ૪-૮-૦ લવાજમ લઇ ચૈત્રથી નવ માસ માટે ગ્રાહક નોંધાય છે. **લેખકોઃ** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



પ્રજ્ઞાપારમિતા

(સરસ્વતી)

પ્રાચીન ભારતીય કલામાં માત્ર સ્થૂલ સૌંદર્ય દર્શાવવાને નરદેહની યોજના નહોતી થતી, પરંતુ બ્રહ્માંડવ્યાપી આત્માનાં વિવિધ સ્વરૂપો બતાવવાને ફક્ત સાધન પુરતો જ ઘાટ લેવામાં આવતો. તે જ પ્રમાણે નારીદેહમાં પણ જગતની અનંત શક્તિઓનાં સ્વરૂપો બતાવવામાં આવતાં. યુરોપની હેલન, એફ્રોડાઇટ વગેરે જેવી વાસનાપ્રેરક આકૃતિઓ કરતાં સરસ્વતી-ઇશ્વરી બુદ્ધિ-પ્રજ્ઞાપારમિતા જેવું સ્વરૂપ ઘડવામાં ભારતીય કલા ગૌરવ લઇ શકે છે. આ સુંદર મૂર્તિ જાવામાંથી મળી આવેલી. હાલ જર્મનીના લીડન શહેરના એથ્નોગ્રાફિક મ્યુઝિયમ—માનવ વંશ વિજ્ઞાનના સંગ્રહસ્થાન—માં છે, ને યુરોપ કે એશિયાની ઉત્તમોત્તમ ભાવનાના મૂર્ત સ્વરૂપ તરીકે તથા કલાની આધ્યાત્મિક પ્રેરણાકૃતિ તરીકે અદ્વિતીય લેખાય છે.



કુમાર

વર્ષ ૫

અંક ૯

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

ભાદરવો

૧૯૮૪

સૈનિક

ઈન્દ્રવજ્ર : સૉનેટ

'તૈયાર છું' નો ધ્વજમંત્ર ધારી
રક્ષી રહું એક સ્વદેશ સત્ય;
સેવા તણો જીવનધર્મ પાળી
સાધું સદાકાળ સ્વરાજ્ય લક્ષ્ય.

ના ભૂતમાંની ન ભવિષ્ય આશ,
કર્તવ્યનો એકલ વર્તમાન;
ખાળી ઉભો છું જગનો વિનાશ,
છું રાષ્ટ્રનો પૂર્ણ જ્વલંત પ્રાણ.

પાછો દઉં શું ડગ દેશપૂત,
આ મસ્તકે છે સરદાર આજ્ઞા;
ડારી શકે શું લવ કાલદૂત,
સંગ્રામમાં ભસ્મ થવા પ્રતિજ્ઞા.

સૈનિક છું – સૈનિક હું રહીશ,
આત્માર્પણે અંતરને વહીશ.

દેશળજી પરમાર



"પશ્ચિમની પ્રજા પાસેથી ત્રણ સદ્ગુણો આપણે આંખો મીચીને ગ્રહણ કરવા જેવા અમને લાગ્યા છે. સ્વચ્છતા અને નિયમન વિષે તો બે મત છે જ નહિ. આપણે ત્યાં એ બંનેની અતિશય ખામી છે; જ્યારે પશ્ચિમની પ્રજાના લોહીમાં એ વસ્તુઓ ઉતરી ગએલી છે. ત્રીજો અનુકરણીય ગુણ અમને લાગ્યો તે પોતાના દેશની જ વસ્તુ વાપરવાનો એમનો આગ્રહ: ઇંગ્લંડમાં જ નહિ, યૂરોપના જે જે દેશોમાં અમે ફર્યાં તે તે દેશોની પ્રજા પોતાના જ દેશની ચીજના વપરાશ માટે અતિશય આગ્રહી અને ચોક્કસ લાગી. હૉટેલમાં જઇએ તો સિગરેટથી માંડીને સાબુ સુધીની દરેક ચીજ એ જ દેશની વપરાય. જર્મનીમાં જર્મનીની; ફ્રાન્સમાં ફ્રાન્સની: સ્વિટ્ઝર્લાંડમાં ત્યાંની. અમારી સાથેના એક મિત્રને અમુક જ જાતની સિગરેટ પીવા જોઇએ: તે બીજા દેશમાં ન મળે. હૉટેલવાળા પાસે એ જાત માગીએ તો કહે કે અમે તો અમારા જ દેશની આપવાના. કહો તો આપને માટે જોઈતી બહારથી ખાસ મંગાવી આપું."

વિલાયત જઈ હમણાં જ આવેલા એક સજ્જનની વાતચિત પરથી ઉપરનો ફકરો ઉતાર્યો છે. આ પહેલાં પણ આ જ વસ્તુ એક યા બીજી રીતે અનેક વાર કહેવાઇ ગઇ છે, આપણે અનેક ઠેકાણેથી જાણી છે; પણ આપણા આચરણમાં કદિ ઉતરી નથી. માત્ર સાંભળીને કાઢી નાખવા પુરતી બેપરવા વૃત્તિ જ આપણે તે તરફ બતાવીએ છીએ. પરતંત્રતાથી ઉપજતી ગુલામ મનોદશામાં એને આચરણમાં ઉતારવાની દૃઢતા, તત્પરતા કે ધગશ હોવી અસંભવિત છે. એ દેશદ્રોહી બેપરવાઇના નશામાં આપણે આપણા દેશમાં નીપજતી ચીજોની કદિ દરકાર સરખી પણ નથી કરી; અને જ્યારે નજરે પડી છે ત્યારે તેને અપૂર્ણ, જાડી કે ગંદી કહીને અવમાની છે. આપણા દેશની—શહેરની બેકરીમાં સારાં બિસ્કિટ બની શકતાં હોવા છતાં આપણે તો એક આને રતલના ઘઉં પરદેશ મોકલી દોઢ રૂપિયે રતલનાં બિસ્કિટ જ ખાવાં છે. ગોદરેજ ઉત્તમ સાબુઓ બનાવતા હોય છતાં આપણે પીઅર્સ ને ટર્કિશ બાથ વાપરવા છે; બંગાળ કેમિકલ વર્કસ સારાં ટુથપેસ્ટ અને પાઉડર પુરાં પાડતું હોય છતાં આપણે કોલગેટ ને કેલિમોસ વાપરવાં છે; કાઠિયાવાડના પારેખ બ્રધર્સ સસ્તી કિંમતે સારૂં કોલન વૉટર બનાવી આપતાં હોવા છતાં તેને અવગણી 'શુદ્ધ પરદેશી' જ વસાવવાની આપણને લગની છે; ફ્રેંચ સેન્ટનો મોહ તજીને આપણાથી બંગાળ ફાર્માસ્યુટિકલનું 'અગુરુ' કેમ વપરાય ?

પણ પ્રશ્ન તો એ છે કે આ બધી આપણને ખરેખર જરૂરની ચીજો છે? જીવનની એ ખરી જરૂરિયાતો છે ? લોકો મોંઘવારીની ફરિયાદ કરે છે; ટુંકા પગારમાં પુરૂં ન થવાની ઘણા બુમો પાડે છે; પણ એક રીતે જોઇએ તો જરૂરતોના નકામા વધારાને જ લીધે ખર્ચ વધે છે.

કેટલી નકામી જરૂરિયાતો આપણે હાથે કરીને ઉભી કરી હોય છે? બાવળના લીલા દાતણ વડે કોલસો અને મીઠું ઘસી દાંત સાફ કરવા સામે હજી સુધી કોઈ દાક્તરે વાંધો નથી ઉઠાવ્યો. કરકરા લોટની ઘઉંની ખરી શેકેલી ભાખરી અને દુધનો નાસ્તો ખોરાકનાં ઉંચામાં ઉંચાં પોષક તત્ત્વો ધરાવે છે તેની વિરુદ્ધ કોઈપણ આહારશાસ્ત્રીનો વાંધો નથી; સફેદ કપડાંનો પોષાક સૂર્યનાં કિરણોને જોઇતા જ પ્રમાણમાં આકર્ષી શરીરનું આરોગ્ય જાળવે છે, અને ખાદીમાં શિયાળે મધુરી હુંફ આપવાની ને ઉનાળે પરસેવો ચુસી ઠંડક આપવાની શક્તિ છે એની કોઇ આરોગ્યશાસ્ત્રીએ ના નથી કહી.

બહુ જુજ અને ઢીલા પોષાકની જરૂરત વાળા આ દેશમાં નેકટાઇ, કૉલર, કોટ, જૅકેટ, શર્ટ, પાટલુન, બુટ ને મોજાંમાં અકડાવા તથા બફાવાની શી જરૂર છે ? અચકન (કે પહેરણ), ધોતી (કે સુરવાળ) અને ટોપી, જોડા (કે ચંપલ) સિવાય પાંચમો પોષાક વધારી તેની પાછળ દરજી ને ધોબીનાં ખર્ચ વધારવાની શી જરૂર છે? દેશનાં તાજાં શાકભાજી ને ઘરની મીઠી ભાખરી છોડી ચાહકૉફી, બિસ્કિટચેવડા, મિઠાઇમલીદા ને પાન સિગરેટથી શરીર વણસાડવાની શી જરૂર છે ? સાદાઇની સુવાસ અને સુઘડતાની ફોરમનું નૈસર્ગિક સૌંદર્ય મળતું હોય છતાં મઘમઘતાં સૅંટ પાઉડર ને તેલઅત્તરોની ખર્ચાળ કૃત્રિમતાની શી જરૂર છે ? નકામી જરૂરિયાતો વધારીને પોતાની જાત, કુટુંબ ને દેશ પર બોજા રૂપ બની રહેલો એકેએક માણસ આ સવાલ પોતાના અંતરને પુછી જુએ ને નિખાલસપણે તેનો ઉત્તર મેળવે: પોતાની જાતને ફોસલાવીને નહિ.

પરદેશી ચીજોના વપરાશ વિષેની ચર્ચા દરમ્યાન એક મિત્ર કહે કે 'એ બધુ સાચું, પણ આપણને જોઇતી વસ્તુઓ આપણા દેશમાં ન બને ત્યાં સુધી તો આ પરદેશી વાપરીએ.' દેશનાં બધાં જ માણસો એમની પેઠે મન મનાવી લે છે, ને સ્વદેશી ચીજો દેશમાં આપમેળે તરતી થઇ જઇ પરદેશી ચીજો અદૃશ્ય થઇ જશે એવા અલૌકિક પ્રસંગની રાહ જોતા પરદેશી ચીજો વાપર્યા કરે છે. એના સમર્થનમાં એ મિત્રે દલીલ

એમ કરી કે 'રાજ્ય તરફથી દેશી ઉદ્યોગોને ઉત્તેજન મળે, વૈજ્ઞાનિક ઉદ્યોગગૃહો સ્થપાય ને તેનાં કારખાનાં થાય તે વિના સ્વદેશી માલનો વિકાસ ને પ્રચાર અશક્ય છે.' પણ વેપારના પાયા ઉપર જેનું રાજ્ય તપે છે એ સરકારને દેશી ચીજોના ઉદ્ધાર માટે કેવુંક દાઝે એ સમજી શકાય એવી વાત છે.

મનોદશાનો પલટો, એ સિવાય આ માટે બીજો એકકે સાચો ઉપાય નથી; અને એ પલટો એ તો અંતરની દાઝની વસ્તુ છે. રમકડે રમતું બાળક માતાને જોતાં હાથમાંનું રમકડું ફેંકી દઈ માને વળગી પડે છે એટલો તલસાટ સ્વદેશની ચીજને માટે હૃદયમાં ઉત્પન્ન ન થાય ત્યાં સુધી બીજાં બધાં ફાંફાં છે. જે પ્રજા જીવતી છે, જેને પ્રજા તરીકેનું આત્મભાન છે પોતાના દેશની સ્થિતિનું જ્ઞાન છે, તેને માટે પ્રેમ છે, એ આપમેળે પોતાના દેશની ચીજને માટે આગ્રહ રાખે છે. દેશની મળે તેટલી જ વાપરે છે; બીજી વિના ચલાવી લે છે. જરૂરિયાતના બહાના હેઠળ કોઈ પણ પરદેશી ચીજ પેસી ન જાય તેની એ સદા ચોંપ રાખે છે.

જરૂરિયાત એ શી ચીજ છે? જરા ઉંડો વિચાર કરીશું તો જણાશે કે જેના વિના આપણે ન ચલાવી શકીએ એમ માનીએ છીએ એવી પોકળ જરૂરિયાતની કેટલી યે જાળો આપણે આપણી મેળે ઉભી કરેલી હોય છે. જરૂરિયાત એ કાંઇ ઈશ્વરે માણસજાત પર ફેંકેલી વસ્તુ નથી. કુદરતે ખોરાક ને પોષાક એની જ જરૂરત માણસને માટે રાખી છે; બાકીનો વધારાનો બોજો માણસે પોતાની મેળે સુધારાને નામે પોતાની જાત પર લાદ્યો છે. શા માટે માણસ એ વસ્તુઓને માટે બીજા પર આશા રાખી ફર્યા કરે છે, ને એ બોજો ખેંચી-ખેંચીને પોતાની જાતને ભારે મારે છે? શા માટે પોતાની મેળે ઉભાં કરેલાં એ બંધનોના પાશમાં જકડાઇ હાથે કરી પામર બને છે? જગતમાં એક પણ ચીજ એવી શા માટે હોવી જોઇએ કે જેના વિના માણસજાતને ન ચાલે?

એક મિત્ર ચલાવી લેવાની કળા વિષે એક દિવસ વાત કરતાં કહે 'મુસાફરીમાં પણ હું બહુ બોજો સાથે રાખતો નથી. ખપજોગાં કપડાં ને એકાદ પુસ્તક. રાત્રે સુવા માટે બિસ્તર વિના હું ચલાવી લઉં છું: ન્યુસપેપર પાથરીને ઓશીકે પુસ્તક મુકી હું નીરાંતે ઉંઘ લઈ શકું છું.' દરેક માણસે આમ ઓછામાં ઓછી જરૂરિયાતોથી ચલાવી લેવું જોઇએ; અને ખાસ કરીને પરદેશીને સ્થાને ગમે તેવી ગરીબડી, જાડી-ખરબચડી, કાચીપાકી દેશી ચીજથી ચલાવી લેતાં શીખી લેવું જોઇએ. આપણા દેશમાં જ્યાં સંપત્તિનો પ્રવાહ નિશદિન પશ્ચિમ તરફ અવિરત વહ્યો જાય છે અને એને રોકવાની રાજદ્વારી શક્તિ આપણા હાથમાં નથી ત્યાં આપણા હાથમા રહેલાં બને તેટલાં દ્વારો બંધ કરીને એ પ્રવાહને યથાશક્તિ અટકાવવો જોઇએ. અંતરની ખરી ધગશથી આચરેલા આ કણ જેટલા કાર્યમાં પણ અનંત શક્તિ રહેલી છે. એમાં રહેલી સ્વદેશીધર્મની મર્યાદા, સંયમના તપ અને દેશપ્રેમથી પ્રેરિત આત્મબળ વડે, એ કણકણ જેટલા નાના કાર્યથી પણ દેશનાં અસંખ્ય માણસો દેશની સંપત્તિ જાળવવાના રચનાત્મક કાર્યમાં ફાળો આપી તેને પાર ઉતારી શકે,–રામચંદ્રજીને સેતુ બાંધવામાં ખિસકોલીઓએ કાંકરી કાંકરી કરીને સહાય કરી હતી તેમ. **ઈ. ત.**

આવતો અંક
દીવાળી લગભગ
બહાર પડશે

卐

'કુમારના વાચકો 'કુમાર' તરફ પોતાનો સ્નેહ દર્શાવવા અનેક રીતે યત્ન કરી રહ્યા છે. એ બધાંની કદર અમે શબ્દોથી શી રીતે કરીએ? મુંબાઇથી ભાઇ 'પ્રતાપ' પોતે વીસમા વર્ષમાં પ્રવેશ કરતાં, 'કુમાર' પણ એવા વીસ વર્ષનો જન્મદિવસ ઉજવે એવી ઇચ્છા સાથે રૂા. પાંચની ભેટ મોકલે છે. અમે એવી ભેટ ન જ રાખી શકીએ. કેટલાયે કુમારો દ્રવ્યના અભાવે સુંદર અને પ્રેરક વાચન મેળવી શકતા નહિ હોય. તેમને એવા વાચનની ભેટ પોતાની વર્ષગાંઠને દિવસે કરવાનું વધારે ઉચિત છે એમ ધારી, અમે ભાઇ પ્રતાપને 'કીરીટ'ની પાંચ નકલો મોકલી આપી છે. પોતાની વર્ષગાંઠ કોઈ સુંદર પરોપકારી કાર્યથી યાદગાર કરવાનું કોને ન ગમે?

મહત્ત્વનો પ્રશ્ન

તમે કેટલી સફળતા મેળવી છે ને કેટલી મેળવો છો એ મહત્ત્વનો પ્રશ્ન નથી. તમે કરો છો તે કામ મહાન છે કે નાનું સરખું એ પણ મહત્ત્વનો પ્રશ્ન નથી. ત્યારે?

તમે વિજય કરવા અવિરત પ્રયત્ન કરો છો? તમારૂં લક્ષ ઉંચામાં ઉંચી ટોચ પર છે? માર્ગમાં આવતી એક પણ આફતને નમતું નહિ આપતાં ઠોકરે મારવાની તમારી તૈયારી છે? આ જ મહત્ત્વનો પ્રશ્ન છે. એનો ઉત્તર તમે 'હા' આપી શકો તો તમે ઘણું કરી રહ્યા છો.

તમારી મહત્ત્વાકાંક્ષાને આખી દુનિયા હસી કાઢતી હોય, તમારી ગણના મૂર્ખમાં થતી હોય ને સ્થળેસ્થળથી તમને અપમાન ને તિરસ્કાર મળતાં હોય ત્યારે પણ મંદ મીઠું સ્મિત કરીને અંત સુધી લડવાની તમારામાં ધીરજ છે?—હિંમત છે? જો આ પ્રશ્નનો ઉત્તર તમે 'હા' આપી શકો તો તમે ઘણું કરી રહ્યા છો.


આફતોનો ભય રાખીને નહિ પણ એને વધાવવા ખોળો પાથરીને તમે બેઠા હો, તમારે લક્ષે પહોંચતાં તમને અટકાવવાની તાકાત કોઈમાં ન હોય, તમારૂં ધાર્યું કરવા મોતની પણ તમે પરવા મુકી હોય તો—તમારી બધી નિષ્ફળતા છતાં તમે ઘણું કરી રહ્યા છો. એને એ જ મહત્ત્વનો પ્રશ્ન છે. **પ્ર.**



સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય



જે યુવાનનાં ત્રણ ચિત્રો આ સાથે આપેલાં છે તેમનું નામ કૈકોબાદ વૈદ છે. સુરતના પારસી અનાથાશ્રમમાં ચિત્રકળા ને કસરતના તે શિક્ષક છે. ચિત્રકળાના તે પ્રવીણ શિક્ષક છે. જોકે સ્વતંત્ર ચિત્રો કલ્પનાના બળે દોરવાનો આરંભ તેમણે નથી કર્યો, પણ બીજું ચિત્રકામ જેવું કે (પોર્ટ્રેચર) મુખછબીઓ, શણગારચિત્રો, સુશોભનચિત્રો, બોર્ડરો વગેરે તેઓ ઘણી સરસ રીતે કરી શકે છે. આ તો તેમની માનસિક શક્તિઓની વાત થઇ. તેમની શારીરિક કેળવણી ને શક્તિ એથી યે વધારે સારી છે. તેમનું શરીર કોઇ મલ્લના જેવું આંખમાં ખુંચે તેવું નહિ, પણ નજરમાં ખુંપે તેવું પતલું અને નાજુક (wiry) છે. પણ તે પતલા શરીરની ખરી ખુબી તો જ્યારે તેઓ પોતાના શરીરના સ્નાયુઓ ઉપરનો અજબ જેવો કાબુ બતાવે છે ત્યારે જ જણાઈ આવે છે. પેટના સ્નાયુઓ વડે જે વખતે તે વલોણું શરૂ કરે છે, તે વખતે જોનારની આંખો ફાટી જાય છે. તેમનાં ખભાનાં હાડકાં અને ટ્રાપેઝીઅસ સ્નાયુઓ ઘણી સુંદર રીતે, મદારીની રતન દોશીની પેઠે, તેમના કહ્યામાં છે. ◖ શ્રી વૈદ મેક્સિક નામના યૂરોપીઅન મલ્લની સ્નાયુસંચલનની વ્યાયામપદ્ધતિના ભારે ઉપાસક છે. આપણું દેશી મલખમ શરીરને કેળવવામાં બહુ ઉપયોગી છે એમ તેઓ માને છે. પરદેશી સાધનોમાં વૉલ્ટિંગ હૉર્સ, પૅરેલલ બાર અને હૉરિઝૉંટલ બારમાં પણ તેમને સારી શ્રદ્ધા છે. કસરત સંબંધી તેમની એક જરા નવાઇ જેવી માન્યતા છેઃ બારે માસ એકની એક કસરત કરવા કરતાં, દરરોજ તો નહિ, પણ દર અઠવાડીએ જુદી જુદી કસરત કરવાથી શરીરને સારો ફાયદો થાય છે એમ તેમનું માનવું છે, અને એ પ્રમાણે પોતે વર્તે છે પણ ખરા. સામાન્ય મનુષ્ય, જેને ચોવીસે કલાક અને બારે માસ શરીરને તંદુરસ્ત રાખવું છે, તેને વાસ્તે તેઓ બે પ્રકારની કસરત સૂચવે છેઃ એક તો ખુબ ચાલો અને દોડો. બીજું, સુતી વેળા ઉભા ઉભા દસ ઉંડા શ્વાસ લ્યો, અને પથારીમાં સુતાં સુતાં પણ ૧૦ ફેરી તે જ પ્રમાણે કરો. ઉંડો શ્વાસ લેતી વખતે, શ્રાવણ મહીનામાં નાનાં છોકરાં રબરના ફુલકા ફુલાવે છે તેમ તમારૂં પેટ ફુલે અને બેસી જાય, તે ધ્યાનમાં રાખવું. ◖ શ્રી વૈદ મધ્યમ કદના હોઈ, એમનું વજન ૧૩૫ રતલ છે. એમના શરીરનો બાંધો કંઇક પાતળો સોટી જેવો છે. અંગ્રેજીમાં જેને ગ્રેહાઉન્ડ ટાઇપ કહે છે તેવા (ભીમ જેવા ભારે નહિ, પણ અર્જુન જેવા માંસલ છતાં) પાતળા શરીરના તે છે, એ એમનાં આ સાથે આપેલાં ત્રણ ચિત્રો જોનારના ધ્યાનમાં આવશે. આ ચિત્રો બે પરિસ્થિતિ દર્શાવે છે. મથાળાનું ડાબી બાજુનું ચિત્ર એમના આંતરડાં પરના સરસ કાબુનું સૂચક છે, અને બાકીનાં બંને એમની આરામની દશાનાં દર્શક છે. એમાં યે ઉભું ચિત્ર તો સૌથી સરસ છે. સરળ રેખાઓ અને સ્નિગ્ધ સ્નાયુઓથી સંકળાએલું શરીર નખથી તે શિખ સુધી કેટલું એકધારૂં સૌન્દર્ય મેળવી શકે,




એ આ ચિત્રને જોતાં તરત સમજાય છે. રજ પણ વિસંવાદ વિનાનું એમનું આખું શરીર આંખમાં રમ્યા જ કરે છે. ◖ શ્રી વૈદ બહુ જ સરળ પ્રકૃતિના, હસમુખા અને વિવેકી છે. આજ સુધી એમણે આશરે ૫૦ વાર જાહેર પ્રદર્શન કરી જોનારને પ્રોત્સાહન આપ્યું છે. બેએક વરસ ઉપર અમદાવાદમાં સ્કાઉટ સંઘ ભરાયો તે વખતે પોતાના સ્કાઉટો સાથે આવ્યા હતા. તે પોતે સ્કાઉટમાસ્તર છે અને પોતાની પદવીની કિંમત તથા સાચું ભાન ધરાવે છે. એમને ૧૪ ચંદ્રક અને ૫ પ્યાલા જાહેર હરીફાઇઓમાં મળેલા છે.

બાબુરાવ ગ. ઠાકોર

ધ્રુવપ્રદેશની શોધખોળની સાહસ-સફરોનો અગ્રણી

નૉર્વેજિયન નરવીર રાઓલ્ડ ઍમંડસન



ઉત્તર અને દક્ષિણ ધ્રુવ,—પૃથ્વીની ધરીના ઉત્તર દક્ષિણના બે છેડા પરના એ પ્રદેશોએ પહોંચવાની અમર નામના ખાટવા માટે પશ્ચિમની દુનિયાના સાહસવીરોએ આકાશપાતાળ એક કર્યાં છે. પૃથ્વીના એ અંતિમ છેડાઓ પર પોતાના દેશનો રાષ્ટ્રધ્વજ પહેલો ફડફડાવવા માટે યૂરોપના વિવિધ દેશના મરજીવા સફરીઓએ ગૌરવભરી હરીફાઇઓ ખેડી છે.

ઘણાના ખ્યાલમા પણ નહિ હોય કે ધ્રુવપ્રદેશોની એ શોધખોળમાં છેલ્લાં સો વર્ષમાં હજાર ઉપરાંત માનવ જીવ હોમાયા છે. ઇ. સ. ૧૮૪૭માં ઈંગ્લંડના સર જૉન ફ્રાંકિલને ઉત્તર ધ્રુવની શોધમાં ત્રીજો કાફલો હંકાર્યો તે સૌથી ભયંકર હોનારત ગણાય. પંદર પંદર કાફલા તેની શોધમાં ગયા, છતાં એ આખા કાફલાનો એક પણ આદમી હાથ આવ્યો નહિ.

એવા અનેક દરિયાઈ કાફલાઓના નિષ્ફળ પણ ભીષણ પ્રયત્નો પછી ઍન્ડ્રે નામના સ્વીડનના એક વતનીએ એરોપ્લેનમાં ઉડીને ઉત્તર ધ્રુવે પહોંચવાનો અખતરો કર્યો; પણ તેનું શું થયું તેનો યે હજુ કોઇને પત્તો મળ્યો નથી. ૧૯૧૨માં કૅપ્ટન સ્કૉટના કાફલાના, કમનસીબ પણ અજોડ વીરતા દાખવનારા અંતની વાત 'કુમાર'ના વાંચનારાઓ આગળ હજી હમણાં જ આવી ગઇ છે; સાઉથ જ્યૉર્જિયા આગળ મૃત્યુ પામેલા કૅપ્ટન શૅકલ્ટનની તવારીખ પણ તાજી જ છે. એમ છતાં ધ્રુવપ્રદેશની એ શોધ માટે દરેક દેશના બહાદુરોએ એટલા જ ઝનુનથી પ્રયત્નો જારી રાખ્યા છે.

શરીરનું ફરતું લોહી થાજી જાય એવી કડકડતી ટંડી, અંગ સોંસરી બરછીઓ ભોંકતો હોય એવો તીણો સૂસવતો પવન, અને આંખ મીચતામાં જીવતા દફનાવી દે એવાં વરસતા બરફનાં એ કારમાં તોફાનોમાં— રૌદ્ર રૂપે પ્રચંડ નૃત્ય કરી રહેલી કુદરતનાં એ ભીષણ શસ્ત્રોની સામે ધસી, એ દુર્જેય ધ્રુવપ્રદેશ પર માનવી પગલાં પાડવા માટે પડાપડી કરતા દેશદેશના અનેક સાહસવીરોની નામાવલિમાં નૉર્વેના નરપુંગવ કૅપ્ટન રાઑલ્ડ ઍમંડસનનું નામ સદા મોખરે પ્રકાશ્યું છે.

ધ્રુવપ્રદેશના શોધખોળના એ અડંગ સાહસવીરે ૧૯૧૧ના મધ્ય ડિસેમ્બરમાં, કૅપ્ટન સ્કૉટની પહેલાં ૩૩ દિવસ અગાઉ જઇ દક્ષિણ ધ્રુવ ઉપર નૉર્વેનો રાષ્ટ્રધ્વજ રોપ્યો, અને થોડા જ માસ પહેલાં ઉત્તર

ધ્રુવની ઉપર થઈને પણ એ પસાર થયો. આમ પૃથ્વીના બંને ધ્રુવ છેડા પર પ્રથમ પહોંચનારા માનવી તરીકેની કીર્તિમાળ એના ગળામાં પડી છે.

છતાં ધ્રુવપ્રદેશના સાહસિક સફરીઓની હારમાળા તો હજુ ચાલુ જ છે. હમણાં થોડાક સમય ઉપર ઇટાલીનો શોધક જનરલ નોબાઇલ 'ઇટાલિયા' નામના હવાઇ જહાજમાં પોતાનો કાફલો લઇ ઉપડ્યો હતો. શરૂઆતમાં જિજ્ઞાસાથી અને પછી ચિંતાથી ભરેલા અનેક દિવસો સુધી જગતે એની રાહ જોઈ, પણ એનો પત્તો નહોતો: એટલે એની શોધ માટે જુદીજુદી જગ્યાએથી અનેક શોધક વીરોના કાફલા ઉપડ્યા. તેમાં આ વૃદ્ધ નૉર્વેજિયન વીર ઍમંડસન પણ ઉપડેલો.

એ કેવા સંજોગોમાં ઉપડ્યો એની હકીકત પણ એ વૃદ્ધની વીરતાને જેમ આપે એવી છે. ગુમ થએલા ઇટાલિયન નોબાઇલની સાથે એને આ પહેલાંની સફર વેળા ઝગડો થએલો અને એની કડવાશ હજી ગઇ નહોતી. પણ નોબાઇલના ગુમ થવાના સમાચાર જાણતાંવેંત જ, એ બધી કડવાશ ફગાવી દઈ, એની શોધ અને બચાવ માટે જવા ઍમંડસન સૌથી પહેલો તૈયાર થઇ ગયો અને પહેલી તકે જે હવાઈ જહાજ હાથ લાગ્યું તે લઇને એ ઉપડ્યો.

પણ થયું છે એવું કે જનરલ નોબાઇલને તો બીજા કાફલાવાળાએ બચાવી લીધો છે; પણ આ લખાય છે ત્યાં સુધી—સાડા ત્રણ માસ થવા આવ્યા છતાં—હજી ઍમંડસનનો પત્તો નથી. છેલ્લા સમાચાર કહે છે કે એની શોધમાં ગએલા કાફલાઓને એના હવાઈ જહાજનો ટુકડો હાથ લાગ્યો છે ને તે પરથી લગભગ ચોક્કસ અનુમાન કરવામાં આવ્યું છે કે બરફના તોફાનમાં એનું હવાઇ જહાજ અથડાઇ ચુરો થવાથી તે તથા તેના પાંચ સાથીઓ નાશ પામ્યા છે.

દક્ષિણ ધ્રુવની સ્કૉટની મંડળીના ઓટ્સની માફક, પોતાના સહઅભ્યાસીઓને બચાવવા કાજે સ્વેચ્છાપૂર્વક આત્મસમર્પણ કરી, પોતાની વીરતાથી મૃત્યુના મહાપંથને ઉજાળનાર એ વીર નૉર્વેજિયનનું નામ ઉત્તરધ્રુવના ઇતિહાસમાં અમર બલિદાન રૂપે અંકાઇ જવાનું. આ રહી એ નરવીરની આછી પણ ઉત્તેજક જીવનરેખા.


૧૮૭૨ના જુલાઇ માસની ૧૬મી તારીખે રાઓલ્ડ ઍમંડસને નૉર્વેના પ્રદેશમાં જગતનો પ્રથમ પ્રકાશ જોયો. એનો પિતા એક નાનકડા વહાણનો માલિક હતો અને દરિયાઈ સફરો પર એનું ગુજરાન ચાલતું. પ્રાથમિક અભ્યાસ પુરો કરી ઍમંડસને ઑસ્લોની વિદ્યાપીઠમાં વૈદકનો અભ્યાસ શરૂ કર્યો; પણ એમાં એને રસ ન પડ્યો. એનો જીવ તો ચોંટ્યો હતો ઉછળતા સમુદ્રમાં અને તે પર હીલોળા ખાતાં વહાણોમા.

૧૮૯૪ની એક ધુમ્મસમય પ્રભાતે નૉર્વેની ભૂશિરોએ જાણે આંગળીઓનું રૂપ લઇ એને સમુદ્ર દેખાડવા માંડ્યો. સમુદ્રનો ઘુઘવાટ જાણે ઘેરો ને ઘેરો થવા લાગ્યો ને ઍમંડસનની વૈદકની ચોપડીઓ એક પછી એક ગુમ થવા માંડી. અંતે ઑસ્લો વિદ્યાપીઠના પ્રોફેસરોનાં વ્યાખ્યાનો કરતાં એને સમુદ્રનું ગર્જન વધુ મધુર લાગ્યું ને એણે ઑસ્લો ને વૈદક બંને છોડ્યાં.

તે દિવસથી એનું સમુદ્ર-જીવન શરૂ થયું તે આજની ઘડી સુધી. પચીસ વરસની એ ફુટતી વયથી જ એણે પોતાની જીંદગી ધ્રુવપ્રદેશની શોધખોળને અર્પણ કરી અને આજ ૫૬ વર્ષની વળતી વય સુધીમાં એણે કરેલી સફરો ને શોધખોળો વિસ્તાર અને વિજયમાં અદ્વિતીય ઉભી છે.

પહેલવહેલો એ ૧૮૯૭-૯માં દ ગરલાકની સરદારી નીચે દક્ષિણ ધ્રુવ તરફ ગએલી બેલ્જિયન શોધકોની ટુકડીમાં લેફ્ટેનન્ટ તરીકે ગએલો. એ ટુકડીએ દક્ષિણ આટ્લાંટિકમાં આવેલા પ્રદેશ વિષે બહુ ઉપયોગી શોધો કરી. આ સફરમાં એને અનુભવ અને સહનશક્તિ સાંપડ્યાં.

નાનપણથી જ તે માનતો કે ઉત્તર તરફથી પશ્ચિમ ગોળાર્ધમાં જવાનો રસ્તો હોવો જોઇએ. એટલે તેણે ૧૯૦૩માં ૩૧ વર્ષની વયે ઉત્તર ધ્રુવની પોતાની સ્વતંત્ર સફર યોજી. જોઆ (Gjoa) નામનું માત્ર ૪૭ ટનનું એક નાનકડું વહાણ લઇ એ ઉપડ્યો. સાથે છ જોડીદારો હતા. ગ્રીનલૅન્ડ વીંધીને તેઓ લૅંકેસ્ટરની સામુદ્રધુનીમાં પ્રવેશ્યા. પણ અહીં ટાઢી અસહ્ય થઈ પડી, સમુદ્ર ઠરી ગયો અને બે વર્ષ સુધી તેઓ ત્યાં બરફમાં જડાઈ ગયા. છતાં આવી કફોડી સ્થિતિમાં પણ તેણે



ઉત્તર ધ્રુવ આગળ

જ્યાં પ્રથમ માનવ પગલાં પાડવાના પ્રયત્નોમાં અનેક મરજીવા સાહસવીરોએ ઉમંગથી પોતાના જાન કુરબાન થવા દીધા છે, એ જીવલેણ ઠંડીથી સીજતા પૃથ્વીના ઉત્તર છેડા ઉપર ક્યાંય જમીન નથી; આ જામેલા બરફ નીચે બધે અગિયાર હજાર ફુટ ઊંડો સાગર ઘુઘવે છે.

ત્યાં પોતાનો સમય એળે ન જવા દીધો. તેમણે ત્યાં રહીને વાયુશાસ્ત્ર અને ચુંબકત્વનાં ઉપયોગી અવલોકનો કર્યાં, આસપાસના કેટલાક કિનારાના નકશા તૈયાર કર્યા અને 'નૉર્થ મૅગ્નેટિક પોલ'નું સ્થાન નક્કી કર્યું.

બે વર્ષ પછી ૧૯૦૫ના ઑગસ્ટમાં બરફ નરમ પડ્યો ને એ ત્યાંથી છુટ્યો; પણ વળી પાછું કિંગ્ઝ પૉઇન્ટ આગળના બરફમાં એનું વહાણ જામી ગયું તે છેક ૧૯૦૬ના જુલાઈની ૧૧મીએ એનો છુટકારો થયો, અને બીજે મહીને પાસિફિક મહાસાગરમાં તેણે પ્રવેશ કર્યો. આ સફર વડે તેણે ઉત્તર-પશ્ચિમના પંથની પોતાની માન્યતા ખરી પાડી. એ માર્ગે પંથ કરી આવવામાં ઍમંડસનનું જોઆ વહાણ હજી લગી એકલું અને પ્રથમ જ રહ્યું છે.


૧૯૧૦માં ઍમંડસન પોતાની સૌથી વિખ્યાત સફરે નીકળ્યો. નૉર્વેથી ફ્રામ નામના વહાણમાં એ ઉપડ્યો. એનો ઇરાદો તો આટ્લાંટિક વીંધી, દક્ષિણ ધ્રુવ સોંસરા નીકળી પાસિફિક પાર કરી, બેહરિંગની સામુદ્રધુનીમાં આવવાનો, અને પછી બને તો ઉત્તર ધ્રુવની પણ આરપાર નીકળી આવવાનો હતો. પણ એની પાસે એ યોજના પાર પાડવા પુરતાં સાધનો નહોતાં; એટલે જરૂર પુરતી આર્થિક મદદ મેળવવાને, દક્ષિણ ધ્રુવ આગળ જઇ રૅાસ સમુદ્રમાં રોકાયો. અહીં તેણે શિયાળો ગાળ્યો અને બરફગાડીની એક જ ઝડપી સફરમાં, કાંઈ પણ આફત વિના, ૧૯૧૧ની ૧૬મી ડિસેમ્બરે દક્ષિણ ધ્રુવ પહોંચ્યો. અહીં ઍમંડસને પોતાની હમેશની ચોકસાઇથી ધ્રુવની ચોમેર પ્રદક્ષિણા કરી ઠેકઠેકાણે નિશાનીઓ રોપી કે જેથી કોઇને પોતાના પહોંચવા વિષે સંદેહ ન રહે. આ જ સમયે અહીં કૅપ્ટન સ્કૅાટની સરદારી તળેની પેલી વિખ્યાત બ્રિટિશ સફર પણ ચાલુ હતી. સ્કૅાટ ત્યાં ૩૩ દિવસ મોડો પહોંચ્યો, અને તે પણ અનેક જહેમતો વેઠીને. ઍમંડસનની આ સફરની વિશિષ્ટતા એ હતી કે તેણે બહુ જ સહેલાઈથી એ પાર કરી, જ્યારે સ્કૅાટને કમનસીબે એની સફર અસંખ્ય હાડમારીઓભરેલી અને પાછા વળતાં કરુણાન્ત નીવડી.*

દક્ષિણ ધ્રુવે પહોંચ્યાની આ સફળતાથી ઍમંડસન ઉત્તેજિત થયો; પરંતુ તેની મહત્ત્વાકાંક્ષા તો બંને

* એનો વિગતે અહેવાલ કુમારના ૪૭મા અંકમાં આવી ગયો છે.



મૉડની સફરની તૈયારી વેળા ઍમંડસન : પોતાના છ સાથીઓ સહિત



હવાઇ જહાજ 'નૉર્જ' : જેમાં ઉડીને ઍમંડસને ઉત્તર ધ્રુવ પાર કર્યો

ધ્રુવને ફરીવળી પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની હતી. એટલે ૧૯૧૮માં તે ફરી પાછો 'મૉડ' નામનું વહાણ લઇને પાસિફિક પાર કરી બેહરિંગની સામુદ્રધુની આગળથી શીત પ્રવાહની મદદ વડે આર્કટિક સમુદ્ર વીંધવાના ઇરાદાથી નીકળ્યો. આગલી સફરના વિજયને લીધે આ વખતે તેને નાણાંની મદદ પણ ઠીક મળી; પરંતુ તેની ધારણા મુજબ શીત પ્રવાહ અનુકૂળ ન નીવડ્યો અને સફર નિષ્ફળ ગઈ.

આ સફર દરમ્યાન ઉત્તર તરફ જતાંજતાં રસ્તામાં સીએટલ આગળ ઍમંડસને કેવળ ઍલ્યુમિનમ ધાતુનાં બનેલાં એરોપ્લેન વિષે સાંભળ્યું. તરત તેની વેધક બુદ્ધિને લાગ્યું કે ગમે તેટલી સખત ઠંડી અને બરફનાં ઝાપટાં સામે ટક્કર ઝીલવાની શક્તિ ઍલ્યુમિનમમાં રહેલી હોવાથી પોતાની ધ્રુવ–પરિક્રમ્માની સફરમાં એ હવાઈ સાધન કદાચ સફળ નીવડે. એટલે તેણે એરોપ્લેનો વડે અખતરા કરવા માંડ્યા, પણ એ બહુ ખરચાળ અને નિષ્ફળ નીવડ્યા. 'મૉડ' વહાણ ઉપર એ એરોપ્લેન લઇને એ ઉપડ્યો પણ બંને ચુરો થઈ નાશ પામ્યાં.

છતાં એ પાણીદાર નૉર્વેજિયને હારી ખાધું નહિ. આ મુસીબતોથી તો ઉલટો એ વધારે ઘડાયો અને અનેક અનુભવો મેળવતો ગયો. એક ઘડી પણ એ જંપીને બેઠો નહિ. અવિરત ને એકધારા ખંતથી એણે પોતાના પ્રયત્નો જારી રાખ્યા અને પોતાના જ્ઞાન તથા અનુભવમાં ઉમેરો કરતો જ ગયો. ધ્રુવપ્રદેશની શોધખોળની બાબતમાં તે હવે લગભગ અજોડ અગ્રણી અને પ્રમાણભૂત વ્યક્તિ ગણાવા લાગ્યો.

૧૯૨૫માં જે. ડબ્લ્યુ. એલ્સવર્થ નામના અમેરિકન તરફથી ૮૫૦૦૦ ડોલર (લગભગ અઢી લાખ રૂપિયા)ની તેને સહાય મળી અને બે હાઇડ્રોપ્લેનમાં સ્પિટ્ઝબર્ગનથી ઉત્તર ધ્રુવ સુધી ઉડવાનો અખતરો કરવા એ તે વર્ષના મેની ૨૧મીએ ઉપડ્યો. એની એ સફરનો અહેવાલ 'કુમાર'ના ૧૯મા અંકમાં આવી ગયો છે તેમાંનો થોડો ભાગ અહીં ફરી ઉતારવા જેવો છે:

"એક મહિના સુધી બહારની દુનિયાને એના ખબર કે ખબર મળ્યા નહિ. આખું સ્પિટ્ઝબર્ગન એના આગમનની કાગને ડોળે રાહ જોઇ રહ્યું. એની શોધમાં વહાણો દોડાવ્યાં, પણ કશો પત્તો ન લાગ્યો. અચાનક એક દહાડો એક વહાણ કાંઠે આવ્યું અને કોઇ બોલી ઉઠ્યું, 'ઍમંડસન! ઍમંડસન!' તલપાપડ થએલાં લોકોનાં ટોળાંએ એને આનંદ ને અભિમાનથી વળગી વધાવી લીધો.

એ ઉપડ્યો ત્યારે કહેતો ગયો હતો કે 'મામલો જીવસટોસટનો છે; મોતનો પંજો છે. કાં તો મરૂં છું, કાં તો જીવતો પાછો આવું છું. બંને વિમાનો ભાંગી જશે તો યે, જો જીવીશ તો પગે ચાલીને પણ પાછો આવીશ.' ઉડવાની મજલ ૬૮૭ માઇલની હતી. જોકે એરોપ્લેનને માટે એ સાતઆઠ કલાકનું કામ હતું, પણ તેણે છ અઠવાડિયાંનું ભાતું સાથે બાંધી લીધેલું: ઠંડીનો પોશાક, પગના ખાસ જોડા, બરફની લપસણી ગાડી, હોડી, પથારી, દારૂ, બંદુકો, રાંધવાનો થોડો સામાન, બિસ્કિટ, ચૉકલેટ વગેરે.

પછી એણે પોતાના સાહસની વાત માંડીને કહી:

'અમે ઉપડ્યા ને પવનનું ઘમસાણ નડ્યું. ધ્રુવથી માત્ર સોએક માઇલ જ દૂર રહ્યા હઈશું એવામાં રાતના એક વાગ્યે એરોપ્લેનનું તેલ ખુટ્યું. દિશા પણ

ભુલેલા, એટલે વિમાન નીચે બરફ પર ઉતાર્યાં. ૨૫ નંબરનું વિમાન એકદમ ઉંડા બરફમાં ખુંચી ગયું અને બીજાને પણ લેતું ગયું. દિવસો વીતતા ગયા, ખોરાક ખુટતો ગયો, પણ વિમાન નીકળ્યાં નહિ. જે બરફ પર અમે ખુંચી ગયા હતા તેની નીચે ૧૧૦૦૦ ફીટ ઉંડો ભયંકર સાગર ગર્જતો હતો. અમારી લગભગ ખાતરી થઇ છે કે ઉત્તર ધ્રુવ પર ક્યાંય જમીન નથી.

અંતે બધું બળ એકત્ર કરી જેમતેમ અમે એક વિમાન તો કાઢ્યું. બીચારૂં હલમલી ગયું હતું. બને તેટલો ભાર ઓછો કરી નાખી અમે પછીના ૨૪ દિવસ તોફાની આર્કટિક મહાસાગરમાં કાઢ્યા. ઠંડીની તો વાત જ ન પુછો. અમે ખુદ મોતના પંજામાં જ સપડાયા હતા. મારા સાથીઓ પાછળ આવતા હતા. એકવાર તો બે જણને માંડમાંડ દરિયામાં ડુબી જતા બચાવ્યા. અંતે અમે ત્યાંના ૧૬૦ હજાર કિલોમિટર જેટલા પ્રદેશની માહીતી આપે તેવી ૬૦૦ છબીઓ પાડી પાછા વળ્યા. આ મળી તેટલી માહીતી વડે અમે હવે આખો ઉત્તર ધ્રુવ આવતી સફરે માપી લઇશું.'"

અને ખરેખર એ બીજે જ વર્ષે પાછો ઉપડ્યો. એક વાર હાથ ધરેલા કામને અંત સુધી પહોંચાડવાની એની લાક્ષણિક મક્કમતા તો અદ્ભુત છે. આ વખતે એણે ઇટાલિયન બાંધણીનું 'નોર્જ' નામનું હવાઇ વહાણ લીધું અને તેમાં ૭૧ કલાકમાં ૨૭૦૦૦ માઇલની વિજયી સફર ખેડી, ઉત્તર ધ્રુવની આસપાસ બે વાર પ્રદક્ષિણા કરી તથા આર્કટિક મહાસાગર પાર કરી બેહરિંગના સમુદ્રમાં ટેલર બંદરે એ ઉતર્યો. એના જીવનની આ બીજી મોટી ફતેહ હતી.

વયે વૃદ્ધ પણ પ્રાણે જુવાન એ ઍમંડસનને જુઓ તો જાણે તમને એમા નવું ચેતન ભર્યું લાગે. ૭ ફુટનું કદાવર શરીર, આસમાની આંખો અને ઘાડી ભ્રમર, માથે ટાલ ને કંઠ ઘેરો. સાહસ, જોમ ને શક્તિનો જાણે ભંડાર; અણડગ મક્કમતાનું મૂર્તિમંત સ્વરૂપ; જાણે તોફાનની આંધીમાં ઉભેલો બરફનો પહાડ.

પોતાના જીવનપંથે ઝળહળી રહેલા આ બે વિજયો છતાં એ લેશમાત્ર ફુલાયો નહિ. એને મન જીવનનો ખરો રસ વિજયમાં નહિ પણ યુદ્ધમાં હતો; એક કામ લઇને આગળ ને આગળ ધપવામાં હતો. એ હમેશાં



'નૉર્જ'માં ઉડી જે માર્ગે ઍમંડસને ઉત્તર ધ્રુવ પાર કર્યો તેનો નકશો

કહેતો કે 'જીતો તોપણ આગળ જાઓ; હારો તોપણ આગળ ધપો.

એના સમકાલીન દેશબંધુ, વિખ્યાત શોધક અને ભૂગોલવેત્તા નાન્સેન કરતાં ઍમંડસન કોઇ રીતે ઉતરતો નથી. વૈજ્ઞાનિક દષ્ટિએ જોતાં પણ એણે કરેલી ધ્રુવ-પ્રદેશની ભૌગોલિક શોધખોળોનું મહત્ત્વ ઘણું છે અને એણે દુનિયાના જ્ઞાનમાં આપેલો ફાળો જેવોતેવો નથી. પણ એને પોતાને તો આ બધી સફરો એ જ્ઞાનવૃદ્ધિ કરવાના ઉદ્દેશ કરતાં જોખમભરી સફરો ખેડવાના સાહસિક જુસ્સાને લીધે જ પ્રેરાએલી. એને તો બસ એ દુર્ઘટ ને દુર્જય મનાતા ધ્રુવપ્રદેશને ખેડવાની જ તાલાવેલી હતી.

અને કોઇને ન મળી એ ફતેહો એને મળી તે, એની વેધક બુદ્ધિ તથા ખાસ મુસીબતોને જીતવા માટે યોગ્ય સાધનો શોધી કાઢવાની એની તીવ્ર કલ્પના-શક્તિને કારણે. મુસાફરીને માટે એવીએવી પદ્ધતિઓ, હિકમતો અને સાધનો એ શોધી કાઢતો કે બીજાને જે સફર મુશ્કેલ કે નિષ્ફળ થઇ પડે તે એને બીલકુલ સરળ બની જાય. ૧૯૨૫ની એની સફર જોકે પાર ન ઉતરી ને એ મહા મુશ્કેલીએ જીવતો પાછો ફર્યો, છતાં એ પોતાના એકેએક સાથીને જીવતા પાછા બચાવી લાવ્યો. સફર માટેનાં નવાંનવાં સાધનો યો-

જવામાં એની બુદ્ધિની મૌલિકતા તો અદ્વિતીય છે. ધ્રુવપ્રદેશમાં જ્યાં સામાન્ય હોકાયંત્ર નક્કામાં પડે છે ત્યાં દિશાદર્શનના સાધન માટે એણે એક નવું 'સૂર્ય હોકાયંત્ર' યોજેલું, જે ગોઅર્ઝે બનાવી આપ્યું અને આજ ધ્રુવપ્રદેશની સફરોમાં દિશાદર્શક તરીકે અતિ ઉપયોગી સાધન થઇ પડ્યું છે. સફરની તૈયારીઓ કરવામાં એની અગમચેતી તથા દીર્ઘદષ્ટિ, અને મુસાફરીની પદ્ધતિઓ ને સાધનોની યોજના કરવામાં એની બુદ્ધિશક્તિ, હમેશાં અજોડ રહ્યાં છે.

અને નેતા તરીકેની એની શક્તિઓ પણ અજબ છે. પોતાનાં માણસો પરનો એનો કાબુ, કાફલાના એકેએક સાથીનો વિશ્વાસ જીતી લેવાની એની ઝિંદાદિલી, અને અણીને અવસરે કાફલાને દોરીને જોખમમાંથી પાર ઉતારવાની એની આવડત ને હિંમતને લીધે એ બહુ શક્તિશાળી સફર-નાયક ગણાયો છે. આવી પ્રતિભાવાળા માણસને વિજય કેમ ન મળે ?

પણ એના આ સહેલા વિજયોને લીધે ઍમંડસનને એક ગેરલાભ થયો. બીજાઓ જે અતિશય હાડમારીઓ ખમીને અને વીરતાપૂર્વક જાનને જોખમે સાધી શકતા, તે ઍમંડસન બહુ જ સહેલાઇથી પાર ઉતારતો હોવાને લીધે એને બીજાઓના જેટલી લોકપ્રિયતા ન મળી. સર જૉન ફ્રાંક્લિનનો કાફલો મૅકેન્ઝી નદી ઉપર ભૂખે નાશ પામ્યો ને બીજી વાર પોતાના આખા કાફલા સાથે એ ગુમ થયો એને લીધે એ અમર થઈ ગયો. અકલ્પ્ય હાડમારીઓ ને અસહ્ય યાતનાઓ વેઠીને નાશ પામેલા કૅપ્ટન સ્કૉટ અને એના સાથીઓનાં નામ આજ જગતની જીભે રમે છે. માનવ સ્વભાવનું એ લક્ષણ છે કે તે સિદ્ધિ મેળવનાર કરતાં યુદ્ધ કરનારને વધુ વખાણે છે. એટલે બીજાના જેટલી લોકપ્રિયતા ઍમંડસનને એની સહેલી જીતોને કારણે નથી મળી. પણ લોકપ્રિયતાની એને તમા નથી.

ઈંગ્લંડની પ્રજાને ઍમંડસનની સામે કચવાટ થવાનું એક કારણ બની ગયું છે. એ કર્ઝન વિરોધવાદ (Controversy)ને નામે ઓળખાય છે. વાત એમ હતી કે દક્ષિણ ધ્રુવની શોધ પછી એ સફર વિષે ઍમંડસને ઈંગ્લંડની રૉયલ જ્યૉગ્રૉફિકલ સોસાએટી આગળ વ્યાખ્યાન આપેલું. લૉર્ડ કર્ઝન એ સોસાએટીના સભાપતિ હોઇ તે વ્યાખ્યાનના પ્રમુખ હતા. તેમણે ઍમંડસનના વ્યાખ્યાન વિષે, પોતાની ટેવ મુજબ, થોડા તીણા હાસ્યકટાક્ષો કર્યા. આવા મર્મ કરવાની અને પોતાના વિરોધીઓ ઉભા કરવાની કર્ઝનની ટેવ તો જગવિદિત છે, અને કહેવાય છે કે એનામાં એ ટેવ ન હોત તો એ એટલો સમર્થ હતો કે નિઃશંક ઇંગ્લંડનો વડો પ્રધાન થઇ શક્યો હોત. ઍમંડસનને તેના આ મર્મ સાલ્યા, પણ તરતમાં એણે કશો ખુલાસો ન કર્યો. દરમ્યાન કર્ઝનનું અવસાન થયું. એ પછી છેક હમણાં ઍમંડસને પોતાની આત્મકથા બહાર પાડી તેમા તેણે, વરસોથી સમસમી રહેલો પોતાનો ઉભરો કાઢ્યો ને કર્ઝનના કટાક્ષોનો રદીઓ આપતાં કેટલાક આક્ષેપો તેના પર કર્યા. ઇંગ્લંડની પ્રજા આવા પાછળથી કરેલા પ્રહારોથી ખળભળી ઉઠી અને રૉયલ જ્યૉગ્રૉફિકલ સોસાએટીએ, પોતાના વિદેહ સભાપતિનું આવું અઘટિત અપમાન કરવાના કારણે ઍમંડસનને પોતાની સોસાએટીમાંથી સભ્ય તરીકે બાતલ કર્યો. પણ ઍમંડસનને એની પરવા ન હતી.

એના જીવનમાં એણે લોકાપવાદ કે લોકપ્રિયતા, સિદ્ધિ કે વિજય કશાની પરવા નથી કરી. ધ્રુવ-પરિક્રમ્માની એની સફરોનું ખરૂં પ્રેરણા-કારણ તો, અગાઉ જણાવી ગયા તે પ્રમાણે એ દુર્જેય મનાતું કાર્ય ખેડવાના સાહસનો જોશ હતો. અને એ જોશ જ હમેશાં એના જીવનનું મધ્યબિંદુ રહ્યા છે. એ કહે છે કે 'જીત મળી એટલે તો કામ પુરૂં થઇ જાય છે; એમાં પછી રસ શો રહ્યો ? ખરો આનંદ તો કામ ખેડવામાં છે; ખેડતાં ખેડતાં આવી પડતી જહેમતો સામે લડવામાં છે.'

વળી બીજા શોધકોની પેઠે પોતાની સફરો એણે ખાસ ભૌગોલિક શોધખોળો કે વૈજ્ઞાનિક ઉદ્દેશોના રસને કારણે પણ ખેડી નથી; માત્ર સાહસ, કેવળ વીરોચિત યુદ્ધરસથી જ પ્રેરાઇને એણે સફરો ખેડી છે; અને તેથી જ, ઇટાલિયામાં ગએલો જનરલ નોબાઇલનો કાફલો ગુમ થયાના સમાચાર મળ્યા કે તરત જ, આગુંપાછું જોયા વિના, કે પ૬ વર્ષની પોતાની ઉતરતી અવસ્થાની પરવા કર્યા વિના, પોતાને તેની સામે ઝગડાની કડવાશ હોવા છતાં, ખરા સંગ્રામશૂરને છાજે એવી ઝિંદાદિલીથી, જે પહેલું ફ્રેન્ચ હાઇડ્રોપ્લેન હાથ

...ન્ય સાથીઓને લઈ એ ઉપડ્યા. ટ્રેનમાં લાગ્યું ગયા જુનની ૧૮મી તારીખે એ ઉપડ્યા છે, મુકામ આજની ઘડી સુધી હજી એનો પત્તો નથી. છેલ્લા આવેલા સમાચાર પ્રમાણે એના હવાઇ જહાજનો એક ટુકડો હાથ લાગ્યો છે અને જગતે પોતાના રત્ન સરખા એ નરવીરને વિષે બધી આશાઓ છોડી દીધી છે.

ક્રૂર વિધિનું આ નિર્માણ જો સત્ય નીવડશે ને ઍમંડસન પોતાના સમાનધર્મી કાર્યકરોને બચાવવાના આ પ્રયત્નમાં નાશ પામ્યો હશે તો, એનું એ આત્મબલિદાન એના મહાન જીવનને યોગ્ય ગૌરવભર્યો અંતથી અજવાળશે. (અંગ્રેજી પરથી)

યુગાદેશ

: છંદ શિખરિણી :

ગુલાબી આશાના,
નવી જિજ્ઞાસાના વિમલ પથ જ્યાં શાન્ત પ્રસરે;
અજાણ્યા ભાવિને ઉગતી જનના અંતર ધરે:
પ્રલય રમણે પ્રાણ ઉભરે.

ભરી શ્રદ્ધા હૈયે,
મહાસ્વપ્નો મધ્યે અડગ વીરની જેમ ભમવું;
મચી અંતે ધૈર્યે જીવનસમરે મત્ત ઘુમવું:
પરમ પુરુષાર્થે વિચરવું.

સમેટાતા શ્વાસે,
ઉંશેટાની આશે પડી પડી ફરી સદ્ય ઉઠવું;
નવા પ્રાણોલ્લાસે સબળ થઇ આગે જ ધસવું:
વિજય ડગલે વિશ્વ ભરવું.

સૃજાતિ સૃષ્ટિનું,
પ્રજાની દૃષ્ટિનું અધિકતર ચૈતન્ય ભરવું;
યુગાદેશે આજે નવ જગતનું રૂપ ઘડવું:
યુગજીવનના પ્રાણ બનવું.

(મળેલું)

ઉમરેઠનું છઠ્ઠું વિદ્યાર્થી સંમેલન દીવાળી પહેલાં ભરવાનું તથા નીચેના ચાર દિવસો ઉજવવાનું ઠરાવ્યું છે: ૧ સામાન્ય દિવસ (પ્રમુખ: શ્રી નરીમાન) ૨ સ્ત્રીઓનો દિવસ (પ્ર: શ્રી સવિતાબ્હેન ત્રિવેદી) ૩ ઉમરેઠ દિવસ (પ્ર. શ્રી છોટાલાલ વ્યાસ) ૪ સામાન્ય દિવસ (પ્ર. શ્રી કિશોરલાલ મશરૂવાળા. આ ચારે દિવસમાં આરોગ્ય પ્રદર્શન, આનંદબજાર, નાટ્યપ્રયોગો અને રાસ તથા ગરબા, કલાપ્રદર્શન, વ્યાયામની હરીફાઇઓ વગેરે ગોઠવ્યાં છે તથા પ્રાંતના શિષ્ટ પુરુષોને આમંત્ર્યા છે.



દાઢીવાળા એક જુવાનને તેણે પોતાની છાતી પર લાકડીનો ગોબો દબાવીને ઉભેલો જોયો.

બાન

કાઠિયાવાડમાં સં. ૧૯૭૫માં દુકાળ પડ્યો હતો. એ પંચોતેરિયો '૫૬ના દુકાળ કરતાં યે અમુક રીતે આકરો હતો. આગલાં ત્રણ વરસ ખરાબ ગયાં હતાં, ને આ વરસ કોરૂં ગયું એટલે એણે તો ઘાણ જ વાળી નાખેલો. ખેડુતોનાં સારાંસારાં કુટુંબો પણ મજુરી કરી ટકનો રોટલો માંડ મેળવતાં. આવાં વરસોમાં સાધારણ રીતે બને છે એમ આ વખતે પણ ચોર લુટારૂ ને ધાડપાડુ ખુબ ફાટી નીકળેલા.

કાઠિયાવાડમાં કોઇક જ સ્થળ એવું હશે જ્યાં વડાળા સોદાણા ગામનાં નામ જાણીતાં ન હોય. એ બંને ગામના લોકો સંધી કહેવાય છે. એ મુસલમાનની જાત હિંદુ રીતે રહેતી હોય છે; પણ એમનો સામાન્ય ધંધો લુટફાટ, ચોરી વગેરેનો. સારૂં વરસ હોય ત્યારે વળી પોતાની કટકો જમીન ખેડી ખાય, પણ જરા મોળું વરસ આવ્યું કે પાંચસાતની ટોળી થઇ ઉપડ્યા જ છે.

અંગે પાંચ હાથ પુરો; લાંબા ગોઠણ સુધીના હાથ, પહોળી ચોરસ છાતી, માથે ઓળિયાં, ઉંડી ઝીણી આંખ અને ટુંકી બરછટ દાઢી વાળો જુવાન એટલે

સંધી. એક રાતમાં વીસવીસ ગાઉ ઉપર ચોરી કરી પોતાને ગામ પહોંચ્યાના દાખલા તો એ કોમમાં સામાન્ય છે. કાઠિયાવાડ ભરના પોલીસ ખાતાને ખબર હોય છે કે ચોરી કરવામાં એ કોમ સૌથી પાવરધી છે.

'છપ્પના દુકાળમાં આ સંધીઓનો સોકરડો બોલતો. એક દિવસ એવો ન જતો જ્યારે એકાદ ઠેકાણેથી વાડીના પીતના મોલ ન વઢાયા હોય કે એકાદ જુવાનને ન પકડી ગયા હોય. ખેડુતો ખીચારા કુવામાંથી છાલીએ છાલીએ પાણી કાઢી વાડીના થોડા મોલને પાતા અને મહા મહેનતે એને કરમાતાં અટકાવતા, એ ઉભા ને ઉભા સંધીઓ વાઢી જતા. સંધીઓનો ત્રાસ એટલો બધો હતો કે રાત્રે ત્રણત્રણ જણને સાથે રખોપે જવું પડતું, અને છતાં એમાંથી યે એકાદને રાત્રે ચુપચુપ મોંમાં ડુચા મારી એ ઉપાડી જાય, ને સારી રીતે પૈસા મળે ત્યારે જ છોડે. આવી રીતે પકડી જાય એને 'બાન' પકડી જવું કહે છે.

વરઝંગ જાળિયા નાનકડું ગામ છે. પાદરમાં વીણુ નદી વહી જાય છે. ગમે એવા કાળ દુકાળે પણ વીણુમાં પાણી હોય છે. અને નદી રૂડી પણ એટલી જ. બંને બાજુ ઉંચી ભેખડ ચાલી આવે અને વચ્ચે ધામેધામે માથોડાઢંક પાણી વહ્યું જાય. પાણી પણ, તળિયાની રેતીમાંથી મોતી વીણો એવું.

ગામમાં એક ડોસો રહે. ગામના પટેલ જેવું એનું માન. તન તોડીને એણે વાડીને લીલી રાખેલી. રખોપે જવાનો વખત આવી પહોચેલો, પણ રખોપે જવા એને ગામમાં સાથી નથી મળતો. ચારેકોર સંધીઓની ફે ફાટે છે. જો એકાદ સંધીને જ રખોપે રાખે તો વાડી ન લુંટાય. એ જાતમાં એવો ગુણ કે પોતાની જાતના માણસનું રખોપું કોઇ દિ' ન લજવે. પણ આખા ગામે ભેગા મળી નક્કી કરેલું કે સંધીને કોઇએ રખોપુ ન દેવું. ગામનો પાદ જેવો એ ડોસો એ મોઢાની કબુલત કેમ તોડી શકે? રામ-લક્ષ્મણની જોડ જેવા બે દીકરા એને હતા, પણ એને રખોપે કેમ મોકલાય? અને પોતે રહ્યા ઘરડું માણસ. બીજી બાજુ, રખોપું ન થાય તો જીવ પણ કેમ ધરપે?

બાપની ચિંતા છોકરાઓ કળી ગયા. બાપની આગળ આવી રખોપે જવા હઠ લીધી. બાપાએ ઘણી આનાકાની કરી પણ છોકરાઓ ન માને.

'બાપા અમે બે ય ભાઇઓ સાથે જાશું ને? પછી ઉચાટ છે?' મોટાએ કહ્યું

'અને અમે બે રખોપું કરતા હશું ને સંધા મોલ વાઢી જાશે એમ? હજી ગઈ જ હોળીમાં એકેય સંધાનો માડી ગાડું નો'તો ઉથલાવી શક્યો એ મેં ઉથલાવ્યું'તું. ને સાતસાત નાળિયેરના એકસાથે એક જ લાકડીએ ભાઇએ ભુક્કા કર્યા છે. અમે પણ જોઇએ તો ખરા કે એ કેટલામાં છે.' નાનો બોલ્યો.

'પણ ગગા, આ કાંઇ થોડી જ હોળીની રમત કે રવદ છે! આમાં તો જીવના જોખમનું કામ. એ જાત રહી અજડ, ને આડી અવળી મારી બેસે તો મારૂં ઘડપણ બગાડી બેસે.'


બાપાએ ઘણું સમજાવ્યું પણ ધગધગતા લોહીના જોબનમલ કેમ માને? બાપાએ કચવાતે મને એમની વાત રાખી. રાત્રે વાળુ કરીને છોકરા ઉપડયા.

હાથમાં સોળ સોળ કડી જડેલી કડિયાળી ડાંગો. માથે પછેડી, ડીલે બંડી ને ચોરણી અને ખંભે નર-ફાળ; ઉંચા પાતળા જુવાન; ગામના પાણીદારમાં પાણીદાર એ બે ભાઈ ઉપડયા.

ખેતરમાં એક ઘેઘૂર વડલો; પડખે આમલી ને એની નીચે વીરડો કુવો. વીરડો કુવો એટલે બાંધ્યા વગરનો પહોળો કુવો. કોસથી પાણી ખેંચી શકાય, અને તળિયેથી ઉપર સુધીનો ઢાળ ઠીક હોય એટલે અંદર ઉતરી નાહી પણ શકાય. દૂરદૂર નિશાચરને ભડકાવવા ઉભા કરેલા ચાડિયા ચોથપાંચમની આથમની ચાંદનીમા માણસ જેવા દેખાતા ને ખેતર વચ્ચે રખોપા માટે ઉભો કરેલો માચડો અત્યારે રળિયામણો લાગતો હતો. આમલી ને વડનાં પાનમાંથી ચળાઇને આવતાં ચંદ્રનાં કિરણો કંઇક જુદું જ વાતાવરણ ઉભું કરતાં.

અધરાત થઇ. મોટો ભાઇ આખી વાડીને ચક્કર મારી આવ્યો, બેચાર શિયાળડાને ભગાડી આવ્યો અને પછી નાનાને ઉઠાડી પોતે થોડી વાર સુતો. ધામેધામે પરોઢ થવા આવ્યું ને પાછલા પહોરની શીતળતામાં બધું શાંત થતું ગયું. વાતાવરણની મધુરતાથી નાના ભાઇને ઝોકાં આવવા માંડ્યાં એટલે એ ઉઠીને પાછો આંટો મારવા ગયો. પાછા આવીને જરા ડીલ વાળ્યું એવામાં નિંદરની સેં' લાગી ગઈ.

(અનુસંધાન આગળ પાન ૩૪૪ મે)



પાંચમાંથી ચાર જાતનાં વિટામિન તાજાં ફળ અને શાકભાજીમાં રહેલાં છે. એનું નિયમિત સેવન ઘણું લાભકારી ને આરોગ્યવર્ધક છે.

ખોરાકમાં અદૃશ્ય રહેલું પોષક રક્ષક અને સર્જક તત્ત્વ

વીસમી સદીના આરોગ્યશાસ્ત્રીઓની છેલ્લી શોધ

વિટામિન

(ગયા અંકમાંના 'ત્યારે ખાવું શું ?' વાળા લેખને અનુસંધાને)

આજકાલ ખોરાક વિષેનો કોઇ પણ લેખ ભાગ્યે જ એવો હશે કે જેમાં વિટામિન વિષે કંઇ ને કંઇ ઉલ્લેખ ન હોય. વીસમી સદીની આ નવી શોધમાં એવું તે શું મહત્ત્વ છે કે તેણે વિજ્ઞાનના જુના સિદ્ધાંતોને આટલા બધા હચમચાવી નાખ્યા છે ?

આ લેખમાં આપણે વિટામિન શું છે, તે કેટલી જાતના છે, તે મોટા પ્રમાણમાં કયા ખોરાકમાં હોય છે, તેનો કેવી રીતે નાશ થાય છે, તે તદ્દન નહિ મળવાથી તથા ઓછા પ્રમાણમાં મળવાથી શાં નુકસાન થાય છે, આપણા ખોરાકમાં આપણને વિટામિન કેવી રીતે મળે છે વગેરે બાબતોનો વિચાર કરીશું.

વિટામિન શું છે ?

વિટામિનની શોધ આજથી લગભગ ૧૩-૧૪ વર્ષ પહેલાં વિશ્વયુદ્ધ દરમિયાન થઇ એમ કહી શકાય. તે વખતના વિજ્ઞાનશાસ્ત્રીઓ એમ માનતા કે ખોરાકમાં 'કાર્બોહાઇડ્રેટ (સ્ટાર્ચ અને સાકર), પ્રોટીન, ચરબી અને ક્ષાર એ ચાર તત્ત્વોની જ અગત્ય છે. પરંતુ એ ચારે તત્ત્વો દરેક રીતે પુરાં પાડે એવી જાતનો ખોરાક આપવા છતાં સૈનિકોમાં અમુક જાતનાં દરદો ફાટી નીકળ્યાં. દાખલા તરીકે મેસોપોટેમિયામાં હિંદી લશ્કરના સૈનિકોમાં લીલાં ફળ કે શાકભાજી ન મળી શકવાને કારણે 'સ્કર્વી' (scurvy એટલે રક્તપિત્તની જાતનો રોગ) નામનો રોગ એટલી હદ સુધી વધી ગયો ત્યાં તેના ૨૦,૦૦૦ કેસ થયા; પરંતુ તેમને આપવામાં આવતો આટો આખા ઘઉંનો (એટલે થુલા સહિત) હોવાથી 'બેરી બેરી' (beriberi એટલે પક્ષઘાતની જાતનો રોગ) નામનો રોગ એક પણ દરદીને થયો નહિ. જ્યારે અંગ્રેજ સૈનિકોને પડસુદી અથવા મેંદાની રોટી, સુકાં ફળ, માંસ વગેરે આપવામાં આવતાં હોઇ તેમનામાંના હજારો બેરીબેરી રોગના ભોગ થયા. આવી રીતે ફળ અથવા શાકભાજીમાં અમુક એવું તત્ત્વ છે કે જે સ્કર્વીને અટકાવે છે, તથા ઘઉંના થુલા (bran) અને ફણગા (germ)માં અમુક તત્ત્વ છે કે જે બેરીબેરીને અટકાવે છે, એ જાતની શોધ થઇ.

વિટામિનની શોધ પાછળ આ જાતના હજારો અખતરા થયા છે અને તેના પરિણામે અત્યાર સુધીમાં પાંચ જાતનાં વિટામિનની હસ્તી નક્કી થઇ છે. વિટામિન ખોરાકની અંદરનાં એવી જાતનાં તત્ત્વો છે કે જેના અભાવે શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે. વિટામિનની જરૂરિયાત હવે પુરેપુરી સાબીત થઇ ચુકી છે અને જુદાજુદા અખતરાઓમાં એટલે સુધી પુરવાર થયું છે કે જે કબુતરોને વિટામિન વિનાના આટા, અથવા મેંદા અને પાણી ઉપર રાખવામાં આવે છે, તેઓ, કંઇ પણ ખોરાક વિના ફક્ત પાણી ઉપર રાખવામાં આવેલાં કબુતરો કરતાં પણ વહેલાં મરી જાય છે. આ જ રીતે મેંદાની રોટી અને પાણી ઉપર

રહેનાં માણસોનાં વજન તથા બળ, કેવળ પાણી ઉપર રહેતાં—એટલે કે ઉપવાસ કરતાં માણસો કરતાં પણ વધારે પ્રમાણમાં ઘટે છે. વિટામિન વિનાનો ખોરાક શરીરને ટકાવતો નથી એટલું જ નહિ, પરંતુ ઉલટો હાનિ પહોંચાડે છે.

વિટામિન જોઇ શકાતાં નથી તેમજ ખોરાકમાંથી તદ્દન જુદાં પાડી શકાતાં નથી, અને વિટામિન કેવાં છે તે બાબતનું રાસાયનિક (**chemical**) જ્ઞાન હજુ મળી શક્યું નથી, તેથી વિજ્ઞાનશાસ્ત્રીઓ તેને એ, બી, સી, ડી અને ઈ વિટામિનના નામથી ઓળખાવે છે.

વિટામિન 'એ'

વિટામિન 'એ'ને વૃદ્ધિપોષક (**growth-promoting**) વિટામિન તરીકે ઓળખવામાં આવે છે. એ મોટા પ્રમાણમાં ઘી, માખણ, દુધ, દહીં તથા કૉડલિવર ઑઇલમાં હોય છે. ફળ, શાકભાજી, અનાજ તથા કઠોળમાં તે હોય તો છે, પણ ઓછા પ્રમાણમાં.

આ વિટામિન બીલકુલ ન મળે તો શરીરની વૃદ્ધિ એકદમ અટકી પડે છે. પુખ્ત માણસો કરતાં બાળકોને દુધ ઘીની વધારે જરૂર શા કારણે છે તે આથી સમજી શકાય છે; માટે બાળકના શરીરનું બંધારણ સુદૃઢ બનાવવું હોય તો એમને તે વધારે પ્રમાણમાં આપવાની આવશ્યકતા છે.

આપણી આંખની બાજુએ એવી જાતના રસપિંડ (**glands**) રહેલા છે કે જેમાંથી નિરંતર આંસુ વહ્યા કરે છે, જે આંખને ધોઇને સતેજ રાખે છે.

વિટામિન 'એ'ના અભાવની એક ખાસ અસર એ જોવામાં આવી છે કે તેનાથી આંખની અંદરનો આ અશ્રુપ્રવાહ બંધ થઇ જાય છે (**inhibition of the tear glands**) અને તેમ થવાથી આંખ આવવી (**xerothalmia**) વગેરે રોગો ઉત્પન્ન થાય છે. ઘી ખાવાથી આંખનું તેજ વધે છે, એવો આપણા વડીલોનો અનુભવ આ રીતે વિજ્ઞાન સિદ્ધ કરી રહ્યું છે.

આપણી આસપાસ હવામાં અનેક જાતના રોગના જંતુઓ (**bacteria**) ભરેલા હોય છે, પરંતુ આપણા શરીરમાં એવી જાતની રક્ષક શક્તિ (**resistance power**) છે કે જે તે બધાની સામે ટક્કર ઝીલી શકે. વિટામિન 'એ'ની ઉણપથી (તે જરૂર કરતાં ઓછા પ્રમાણમાં મળે તો) શરીરની આ રક્ષકશક્તિ ઘટે છે, અને ક્ષય, ખાંસી, ન્યુમોનિયા વગેરે ચેપી દરદોના જંતુઓને ઘર કરવાનું સ્થાન મળે છે. આ કારણથી પુખ્ત માણસને પણ અમુક પ્રમાણમાં આ વિટામિનની જરૂર છે. સામાન્ય નીરોગી માણસ માટે અરધા રતલથી એક રતલ દુધ કે છાશ અથવા થોડા તોલા ઘી તે ઉણપ પુરવાને બસ ગણાય.

વિટામિન 'એ'નો નાશ

વિટામિન 'એ' વાળા પદાર્થોને થોડો વખત ગરમ કરવાથી તેમાંના વિટામિન તત્ત્વનો નાશ થતો નથી, પરંતુ વધારે ગરમીમાં (**at high temperature**) અને લાંબા વખત સુધી ગરમ કરવાથી તે નાશ પામે છે. ખાસ કરીને **oxidation** એટલે ખુલ્લા વાસણમાં હવા લાગે તેવી રીતે લાંબા વખત સુધી ગરમ કરવાથી તેનો નાશ થાય છે. દાખલા તરીકે દુધને બેત્રણ ઉભરા આવે તેટલું ગરમ કરવાથી વિટામિન 'એ'નો નાશ થતો નથી, પરંતુ દુધપાક અને બાસુદી બનાવવામાં વિટામિન 'એ'નો મોટા પ્રમાણમાં નાશ થાય છે, અને માવો બનાવવામાં તો લગભગ તદ્દન નાશ થાય છે. કેવળ પેંડા તથા મીઠાઇ ઉપર નભતાં બાળકો માયકાંગલાં હોય છે તેનું કારણ, અને દુધને બદલે પેંડા ખવડાવવાથી કેટલો ગેરલાભ છે તે, આપણે આ પરથી જોઇ શકીએ છીએ.

વળી કેટલાક અખતરા ઉપરથી સાબિત થયું છે કે માખણનું ઘી કરવાથી તેમાંના વિટામિન 'એ'નો નાશ થતો નથી, પરંતુ ઘીને તળવામાં વાપરીએ એટલે કે તેને કકડી જાય અથવા બળવા માંડે ત્યાં સુધી (**boiling point**થી વધારે) ગરમ કરીએ ત્યારે તેમાંના વિટામિન 'એ'નો નાશ થવા માંડે છે. પુરી, પોતૈયાં ને રોટલી ત્રણે એક જ જાતની ચાળેમાંથી બનતાં હોવા છતાં પુરી અને પોતૈયાં કરતાં રોટલી વધારે પૌષ્ટિક છે, કારણકે રોટલીને ઉપર ઘી ચોપડવામાં આવે છે; તેમજ કંસાર તથા બ્રહ્મલાડુમાં ઉપર ઘી નાખવાનો રિવાજ છે તેનો હેતુ પણ આપણે આ ઉપરથી સમજી શકીએ છીએ.

વળી નવું જાણવાનું એ મળે છે કે વેજીટેબલ ઘીમાં વિટામિન બીલકુલ હોતાં નથી. ઘી ખાવાનો

મુખ્ય હેતુ વિટામિન 'એ' મેળવવાનો જ છે, તેથી વેજીટેબલ ઘી ખાવાથી બીલકુલ લાભ નથી તે પણ આ પરથી સ્પષ્ટ થઇ જાય છે.

વિટામિન 'બી'

આ વિટામિનને જ્ઞાનતંતુના રોગ અટકાવનારા **(anti-neurotic)** વિટામિન તરીકે ઓળખવામાં આવે છે.

તે મોટા પ્રમાણમાં દરેક જાતનાં અનાજ, કઠોળ, મેવા તથા દુધમાં હોય છે, અને અમુક જ ફળ તથા શાકભાજીમાં ઓછા પ્રમાણમાં હોયછે.

વિટામિન 'બી'ના તદ્દન અભાવ **(absence)**થી ત્રણ માસમાં બેરીબેરી નામનો ભયંકર રોગ ઉત્પન્ન થાય છે. જાપાનની લડાઇ વખતે સૈનિકોને પાલિશ **(polished)** ચોખા ઉપર રાખવામાં આવેલા ત્યારે આ રોગ ઘણા મોટા પ્રમાણમાં ફાટી નીકળ્યો હતો. મદ્રાસ તથા બંગાળા ઇલાકામાં પણ આ જ કારણે તે રોગ વધી પડ્યો હતો.

વિટામિન 'બી'ની ઉણપ **(shortage)**થી ભુખનો અભાવ, અપચો, કબજિયાત અને પેટ તથા આંતરડાંનાં બીજાં દરદો **(gastro-intestinal derangements)** શરૂ થાય છે, અને પછી ધીમેધીમે હાથપગને ખાલી ખડવી, શરીરનું રહી જવું વગેરે જ્ઞાનતંતુનાં **(nervous)** દરદો થાય છે. આ રીતે શરીરની રક્ષકશક્તિ મંદ પડતાં બીજા ચેપી રોગો પણ હુમલો કરી શકે છે.

ખોરાકમાં થુલા તથા ફોતરાંનું સ્થાન

કેટલાક અખતરાઓ પછી એમ માલુમ પડ્યું છે કે જેટલો ખોરાક લઇએ તેના અમુક પ્રમાણમાં વિટામિન 'બી'ની જરૂરત છે; એટલે કે વધુ ખોરાક લેનારને વધુ, ઓછો ખોરાક લેનારને ઓછી. સુભાગ્યે વિટામિન 'બી' અનાજના થુલા તથા ફણગામાં તેમજ કઠોળના થુલા તથા ફણગામાં મોટા પ્રમાણમાં રહેલું છે, તેથી અનાજની સાથે તે જરૂરી પ્રમાણમાં કુદરતી રીતે જ મળી રહે છે.

આપણા શ્રીમંત વર્ગમાં લોટને ચાળીને (થુલું કાઢીને) રોટલી બનાવવાનો રિવાજ છે, તેથી કેટલું નુકસાન છે તે આ પરથી સમજી શકાય છે. આપણી લોટ દળવાની રીત એવી છે કે કેટલુંક થુલું દળાઇને લોટમાં ભળી જાય છે તેથી આપણે ત્યાં બેરીબેરી જેવું અંતિક દરદ ભાગ્યે જ દેખાય છે; છતાં થુલું અને ફોતરાં કાઢી નાખવાથી આપણામાં અનેક રોગ થાય છે એ વાત નિઃસંદેહ છે.

> ## તમે જાણો છો ?
>
> હાથપગને ખાલી શાથી ચડે છે?
> ઘી રોટલી ઉપર શા માટે ચોપડવામાં આવે છે?
> ખોરાકમાં લોહભસ્મ કેવી રીતે મળે છે?
> મીઠાઈ પર નભતાં બાળકો માયકાંગલાં કેમ હોય છે?
> શહેરના વતનીઓમાં વાંઝિયાપણું વિશેષપણે શાથી હોય છે?
> બાળકોને તડકામાં રમવું કેમ ગમે છે?
> ઘી ખાવાથી આંખનું તેજ કેમ વધે છે?
> સોડા નાખીને શાક ચોડવવાથી શું થાય છે?
>
> ❀
>
> વિટામિનની શોધ આ પ્રશ્નો પર અજવાળું પાડી રહી છે.

લોટમાંથી થુલું ચાળીએ નહિ તો સારી અને પાતળી રોટલી થઇ શકે નહિ એ માન્યતા ભુલભરેલી અને અનુભવ વિનાની છે. રોટલી કરવી હોય તે પહેલાં એકથી બે કલાકે કણીક બાંધી રાખી હોય તો થુલું પલળીને કણીકની સાથે એકરસ થઇ જાય છે અને જોઇએ તેવી પાતળી રોટલી વણી શકાય છે. વળી આ પ્રમાણે પલાળી રાખવાથી તેમાં યીસ્ટ **(yeast)** પેદા થાય છે કે જે પાચનશક્તિને મદદ કરે છે.

દળેલા લોટને, ગરમી ન લાગે તેવી જગ્યામાં અને સારી રીતે ઢાંકીને રાખવામાં આવે તો દસથી પંદર દિવસ સુધી તેમાં બીલકુલ જીવાત પડતી નથી. જીવાત છે કે નહિ તે જોવા માટે ચાળવાની જરૂર પડે ત્યારે પણ, જીવાત હોય તો તે કાઢી નાખીને થુલું પાછું લોટમાં ભેળવી શકાય છે. વળી લોટમાં આખા ઘઉં રહી ગયા હોય તો તે મોટાં સારની ચાળણીથી જુદા પાડી શકાય છે.

શ્રીમંત વર્ગમાં ખીચડી બનાવતી વખતે મગની દાળનાં ફોતરાં કાઢી નાખવાનો રિવાજ હોય છે તે પણ આવાં કારણોને લીધે નુકસાનકારક છે.

લોહીને શુદ્ધ રાખવા સારૂ તથા બીજી કેટલીક ક્રિયાઓ માટે શરીરને મોટા પ્રમાણમાં કૅલ્સ્યમ, મૅગ્નેસ્યમ, સોડિયમ, પોટાસ્યમ, ફૉસ્ફરસ, ક્લોરિન, સલ્ફર અને આયર્ન એ આઠ જાતના ક્ષારની જરૂરત હોય છે. ઘઉંમાં આ આઠે જાતના ક્ષાર સારા પ્રમાણમાં છે, અને શરીરને તે થુલા તથા ફોતરાં દ્વારા પુરા પાડી શકાય છે.

વળી મેં ગયા અંકમાં જણાવ્યું હતું કે કબજિયાત અટકાવવા અને આંતરડાંના ખોરાકને ગતિ આપવા 'કુચા' અથવા રેસાવાળા પદાર્થની જરૂરત છે. તે કુચા પુરા પાડનારા પદાર્થોમાં પણ થુલું તથા ફોતરાં ઉત્તમ છે, કારણકે તે આંતરડાંને છોલતાં નથી; જ્યારે પાચક દવાઓ આંતરડાંને છોલીને દસ્ત લાવતી હોવાથી છેવટે ભયંકર રોગ ઉત્પન્ન કરે છે.

ઘઉંમાં પૌષ્ટિક તત્ત્વ કેવી રીતે વહેંચાએલું છે, તે સામેના પાના પરનું ઘઉંના દાણાનું ચિત્ર જોવાથી સમજી શકાશે. એ ચિત્ર પરથી સ્પષ્ટ માલુમ પડે છે કે **થુલું તથા ફોતરાં કાઢી નાખવાથી એવી જાતનાં ઉપયોગી તત્ત્વો નીકળી જાય છે કે જેની ઉણપ બીજી કોઇ પણ જાતના ખોરાકથી ન પુરી શકાય** અને પરિણામે રોગને ઉત્પન્ન થવાને અવકાશ મળે.

વિટામિન 'બી'નો નાશ

ઘણી જ સખ્ત ગરમી સિવાય વિટામિન 'બી'નો ખોરાકમાંથી નાશ થતો નથી. પરંતુ આ વિટામિન (**water-soluble**) એટલે પાણીમાં ઓગળી જાય તેવું હોવાથી જો શાક અથવા કઠોળને બાફીને રાંધવામાં આવે, અથવા ભાતને ઓસાવી લેવામાં આવે તો તેમાંનું આ વિટામિનનું તત્ત્વ પાણી સાથે નીકળી જાય છે. પશ્ચિમમાં તો શાકમા રહેલા પાણીમાં જ શાકને પકાવી શકાય એવી જાતનાં વાસણો (**waterless cookers**) થયાં છે; આપણે ત્યાં પણ ચડી રહે તેટલું જ પાણી મુકીને શાક, કઠોળ કે ભાત રાંધવામાં આવે (ભાતને માટે એસા ભાત રાંધવામાં આવે એમ બોલાય છે) અને પાણી વધારે હોય તો તેને કાઢી નહિ નાખતાં ઉકાળીને બાળી નાખવામાં આવે, તો તેમાંના ક્ષાર તથા વિટામિન 'બી'નો ખોરાકમાંથી નાશ થતો અટકી શકે છે.

વિટામિન 'સી'

વિટામિન 'સી'ને સ્કર્વી અટકાવનારા (**anti-scorbutic**) વિટામિન તરીકે ઓળખવામાં આવે છે.

તે સંતરાં, મોસંબી, કેરી, ટમેટાં વગેરે મધુરાં ફળમાં ઘણા મોટા પ્રમાણમાં, કોબી, મુળા, કાકડી, મોગરી, ચીભડાં વગેરે તાજાં અને કાચાં ખાઈ શકાય તેવાં શાક તથા બધી જાતનાં ફળમાં, તથા લીલું ખડ ખાતી ગાયભેંસના તાજા દુધમા તેથી ઓછા પણ સારા પ્રમાણમાં, અને રાંધેલા શાકમાં થોડા પ્રમાણમાં હોય છે.

વિટામિન 'સી'ના તદ્દન અભાવથી ચાર માસમાં સ્કર્વી (રક્તપિત્તની જાતનો રોગ) લાગુ પડે છે.

વિટામિન 'સી'ની ઉણપથી લોહીની ફિક્કાશ, કમતાકાત, ખાલી ચડવી, હાથપગનો દુખાવો વગેરે નબળાઇનાં ચિહ્નો માલુમ પડે છે. તે ઉપરાંત વિશ્વયુદ્ધ દરમિયાન એવું માલુમ પડ્યું હતું કે વિટામિન 'સી'ની ઉણપ હોય ત્યારે સૈનિકોના જખમ જલદી રૂઝાતા નહિ. મોટાં ઓપરેશન પછી સંતરાં મોસંબી આપવાની પ્રથા જાણીતી છે. ફળ અને શાક ખાવાથી લોહી સુધરે છે એમ આપણા લોકો પણ કહે છે.

કેટલાક અખતરાને પરિણામે માલુમ પડ્યું છે કે માણસને માટે એક દિવસમાં એક ઔંસ સંતરાંનો રસ અથવા કોબી કે ટમેટાંની કચુંબર સ્કર્વીનો રોગ અટકાવવાને માટે પુરતાં છે.


વિટામિન 'સી'નો નાશ

આ વિટામિન ગરમીથી જલદી નાશ પામે છે. રાંધેલા શાકમાંથી લગભગ ૬૦ થી ૭૫ ટકા 'સી' વિટામિન ઘટી જાય છે, આથી આ વિટામિન શરીરને જોઈતા પ્રમાણમાં પુરૂ પાડવા માટે ત્રણથી ચાર ઔંસ શાકની જરૂર ગણાય.


વળી આ વિટામિન પણ વિટામિન 'બી'ની માફક **water-soluble** એટલે પાણીમાં ઓગળી જાય તેવું હોવાથી શાકને બાફીને રાંધવામાં આવે તો તેના પાણી સાથે ઘણાંખરાં વિટામિન નીકળી જાય છે.

ઉપરાંત આપણા સ્ત્રીવર્ગે ખાસ ધ્યાનમાં લેવા જેવું એ છે કે શાકમાં સોડા નાખવાથી વિટામિન 'સી' તરત જ નાશ પામે છે, કારણકે સોડા આલ્કલિ છે.

દૂધ એક વાર ઉનું કરવાથી તેમાંના વિટામિન 'સી'નો અમુક અંશે, અને વધારે વાર ઉનું કરવાથી તદ્દન નાશ થાય છે; પરંતુ દૂધ દોહ્યા પછી દસ પંદર




'હે કુળદીપ! મૃત્યુલોકનું માનવી શું કરે છે?'
('સૂર્યપુત્ર' : બાળવિભાગ)



ફોટોગ્રાફીની ઈનામી હરીફાઈનું પરિણામ

જેઠ માસના (૫૪ મા) અંકમાં જાહેર કરેલી ફોટો—હરીફાઇ માટે ઠીક સંખ્યામાં ફોટોગ્રાફો મળ્યા હતા; પણ પ્રગટ કરવા જેવા તો ઉપર આપ્યા છે તેટલા જ લાગ્યા છે. (૧) 'ફુરસદનાં વખતે': નાગરદાસ વત્સરાજ—માટુંગા (૨) 'ત્ર્યંબકેશ્વર મહાદેવનું મંદિર (ત્રંબક)': વી. ટી. ગાંધી-મુંબાઇ (૩) 'ચોકીદાર': (પહેલું ઇનામ) મોકલનાર પ્રાણલાલ લક્ષ્મીચંદ ધ્રુવ—વઢવાણ (આ જ ફોટોગ્રાફ કુમાર શિવસિંહ—હામપુર એમના નામથી ટાઇમ્સ ઇલસ્ટ્રેટેડ વીકલીમાં છપાઇ ગયો છે: તેનો ખરો પાડનાર હશે તેને જ ઇનામ મળશે.) (૪) 'સરાણીઓ': (બીજું ઇનામ) એમ. જી. પટેલ—ભાવનગર (૫) 'કેનેરી ગુફામાંની બુદ્ધની મૂર્તિ': આર. વી. શાહ—બોરીવલી.



ઘઉંના દાણાનું પૃથક્કરણ

ઉપલો નકશો બતાવે છે કે ઘઉંનું થુલું જે નકામું ગણી કાઢી નાખવામાં આવે છે તેમાં શરીરને પોષક તથા આરોગ્યદાયક ઘણાં તત્ત્વો રહેલાં છે અને એકલો મેંદો ખાનાર એ બધાં તત્ત્વો ગુમાવે છે.

મિનિટમાં જ તેમાં જંતુઓ (**bacteria**) ઉત્પન્ન થવા લાગે છે. તેથી તેને ઉનું કર્યા વિના વાપરવું સલાહભર્યું નથી. વળી બીજાં ફળોમાંથી વિટામિન 'સી' સહેલાઇથી મળી શકે તેમ છે, તો દુધમાંથી તેને મેળવવા માટે જોખમ વહોરવું તે મૂર્ખતા ગણાય.

દુધ ઉપર ઉઝરતાં બાળકોને સાથેસાથે સંતરાં અથવા કેરીનો થોડો રસ આપવાથી ઘણો ફાયદો થએલો માલુમ પડ્યો છે. તેવી જ રીતે ગર્ભ ધારણ કરનારી તથા ધાવણ પર બાળકને ઉછેરનારી માતાઓએ પણ, બાળકને વિટામિન 'સી' પુરતા પ્રમાણમાં મળે તે માટે તાજાં ફળ અથવા શાકનો ઉપયોગ કરવાની જરૂર છે.

વિટામિન 'સી'નો ગરમીથી અમુક પ્રમાણમાં નાશ થાય છે તે ખરૂં, પરંતુ કુદરતની બલિહારી તો ત્યાં છે કે જે ખોરાકમાં વિટામિન 'સી' મોટા પ્રમાણમાં છે તે તો આપણે રાંધ્યા વગર જ ખાઇએ છીએ. ઋતુ પ્રમાણે રોજ એકાદ ફળ અથવા થોડી કચુંબર ખાઈ લેવી, તે વિટામિન 'સી'ની ઉણપની સામે ચોક્કસ વીમો ઉતારવા જેવું ગણાય.

વિટામિન 'ડી'

વિટામિન 'ડી' વિષે હજુ બહુ શોધ થઇ નથી, કારણકે અત્યાર સુધી તેને વિટામિન 'એ' તરીકે ગણવામાં આવતું. છેલ્લાં બે વર્ષથી જ તેને **anti-ricketic** (રિકેટ્સ અટકાવનારા) વિટામિન તરીકે જુદું ગણવામાં આવે છે.

આ વિટામિનના તદ્દન અભાવથી રિકેટ્સ (હાડકાંની નબળાઇ) નામનો રોગ થાય છે; અને ઉણપથી શરીરની રક્ષકશક્તિ ઘટે છે. એથી ત્રણ વર્ષ સુધી પણ બાળકો ચાલતાં શીખતાં નથી અને 'હાથપગ દોરડી ને પેટ ગાગરડી' જેવાં રહે છે તેનું કારણ વિટામિન 'એ' અને 'ડી'ની ખામી છે.

વિટામિન ડી ખેતરમાં ચરતી ગાયભેંસનાં દુધ તથા કૉડ લિવર ઑઇલમાં સારા પ્રમાણમાં હોય છે, પરંતુ સદ્દભાગ્યે તે સૌથી મોટા પ્રમાણમાં સૂર્યનાં કિરણોમાંથી મળી શકે છે.

વીએના શહેરમાં થોડાં વર્ષ પહેલાં થએલા અખતરા વખતે એક જ જાતનો ખોરાક આપીને અમુક બાળકોને ઘરમાં જ રાખવામાં આવ્યાં, અને અમુક બાળકોને બહાર ખુલ્લી હવા તથા તડકામાં ફરવા દેવામાં આવ્યાં. ઘરમાં રાખવામાં આવેલાં બાળકોમાંથી દરેકને ત્રણ માસમાં રિકેટ્સનો રોગ લાગુ પડ્યો, જ્યારે બહાર રમતાં બાળકો પૈકી કોઇને પણ રિકેટ્સનો રોગ થયો નહિ. બહાર ખુલ્લી હવા અને તડકામાં બાળકોની રમવાની વૃત્તિને રોકવાથી કેટલું નુક-

પુષ્કળ વિટામિન પુરાં પાડે તેવા કેટલાક પદાર્થો

❀

વિટામિન 'એ' (વૃદ્ધિપોષક)	વિટામિન 'બી' (જ્ઞાનતંતુ-પોષક)	વિટામિન 'સી' (રક્તશોધક)	વિટામિન 'ડી' (અસ્થિપોષક)	વિટામિન 'ઈ' (સર્જક)
ઘી	યીસ્ટ	સંતરાં મોસંબી,	સૂર્યનો પ્રકાશ	દુધ
માખણ	ફુલાવાળું અનાજ	કેરી, ટમેટાં		
ટમેટા	ફોતરાવાળું કઠોળ	વગેરે મધુરાં ફળ	કૉડ લિવર ઑઈલ	અનાજના ફણગા
લીલા વટાણા	બદામ, પિસ્તા અખ-			
ભાજીપાલો	રોટ વગેરે સુકો મેવો	ભાજીપાલો		ભાજીપાલો
દુધ દહીં	ભાજીપાલો			
કૉડ લિવર ઑઈલ	મધુરાં ફળ			શ્રીફળનાં બી

અમેરિકાની ફિઝિકલ કલ્ચર ફૂડ રીસર્ચ લેબોરેટરીના ડાયરેક્ટર મિ. મિલો હેસ્ટિંગ્ઝ લખે છે કે 'વિટામિન વિષેનું આપણું જ્ઞાન ઘણું અધુરૂં છે, છતાં તેનાથી એટલું તો સિદ્ધ થાય છે કે ખોરાક તરીકે માંસ કરતાં દુધ, અન્ય ચરબી કરતા ઘી, કંદમુળ કરતાં ભાજીપાલા, બીજાં ફળો કરતાં મધુરા સ્વાદવાળાં ફળ, અને ચાળેલા અનાજ કરતાં ફુલા કે ફોતરાવાળા અનાજનું મહત્ત્વ ઘણું વધારે છે.'

સાન છે, અને શ્રીમંત લોકોનાં બાળકોને કૉડ લિવર ઑઈલ પાવું પડે છે જ્યારે ખેડુત વગેરે ગરીબ લોકોનાં બાળકો આપમેળે શા કારણે હૃષ્ટપુષ્ટ રહે છે, તેનાં કારણો કેટલેક અંશે આ અખતરાથી સમજી શકાય છે.

ફિઝિકલ કલ્ચર વાળા મિ. મિલો હેસ્ટિંગ્ઝને મેં જ્યારે પુછાવ્યું ત્યારે તેણે ભાર દઇને લખ્યું કે 'કૉડ લિવર ઑઈલ જ્યાં સૂર્ય ઓછો ઉગતો હોય તેવા દેશના વતની માટે છે. હિંદુસ્તાનના વતનીને તેની ભાગ્યે જ જરૂર હોય.' છતાં આશ્ચર્યની વાત એ છે કે હિંદુસ્તાન વરસમાં એક કરોડથી વધારે રૂપિયાનું કૉડ લિવર ઑઇલ પીએ છે!

ઉઘાડે શરીરે અથવા આછાં સફેદ કપડાં પહેરીને ૧૦ થી ૨૦ મિનીટ તડકામાં ફરવાથી પુરતા પ્રમાણમાં વિટામિન 'ડી' મળી રહે છે. આપણી ઘણીખરી ધાર્મિક ક્રિયાઓમાં શારીરિક હિત ઓતપ્રોત કરેલું હોય છે. તેવી જ રીતે નદીના સ્નાનમાં પણ હોય તેમ આ ઉપરથી સમજી શકાય છે.

વિટામિન 'ઈ'

વિટામિન 'ઇ'ની છેલ્લા વર્ષમાં જ શોધ થઇ છે અને વિજ્ઞાનશાસ્ત્રીઓ તેને reproductive—સર્જક વિટામિન તરીકે ઓળખાવે છે. બીજી દરેક રીતે શરીર બરાબર હોય, છતાં ખોરાકમાં તેનો અભાવ હોય તો વાંઝિયાપણું આવે છે એમ તેમનું કહેવું છે. ઉંદરો ઉપર અખતરા કરતી વખતે અમુક ઉંદરોને બચ્ચાં થયાં અને અમુકને ન થયાં, ત્યારથી આવી જાતના વિટામિનની શોધ પાછળ પ્રયોગશાસ્ત્રીઓ લાગ્યાં હતાં. વિટામિન 'ઇ'ને બાટલીમાં પુરીને હજારો રૂપિએ વેચવાની કોને ઇચ્છા ન થાય?

આ વિટામિનની બાબતમાં હજુ જોઇએ તેટલા અખતરા થયા નથી, તેથી તે કયા કયા પદાર્થોમાં છે તથા તે કેટલા પ્રમાણમાં જોઇએ, અથવા તેનો કેવી રીતે નાશ થાય છે તેની માહિતી હજુ બહાર આવી નથી; પણ એટલું ચોક્કસ થયું છે કે તે દુધમાં, ઘઉં તથા અનાજના ફણગામાં અને કેટલાક કુદરતી ખોરાકમાં સારા પ્રમાણમાં હોય છે. લોટને ચાળીને વાપરવાથી કેટલો ગેરલાભ છે, તે આ પરથી પણ જોઇ શકાય છે.

મને લાગે છે કે આપણા દેશના શ્રીમંત વર્ગમાં માલમલીદા ખાવા છતાં પણ કેટલાક વાંઝિયા રહે છે, અને ગામડામાં ગરીબ લોકોને ત્યાં લુખોપાખો ખોરાક લેવા છતાં પણ ડઝનબંધ બાળકો હોય છે, તેમના ખોરાકનો અભ્યાસ કરવાથી વિજ્ઞાનશાસ્ત્રી-

ઓને વિટામિન 'ઈ' સંબંધી સારૂં જ્ઞાન મળી શકે.

એક સૂચના

આ લેખમાં જુદાંજુદાં વિટામિન મેળવવા માટે કેટલો ખોરાક જોઇએ તેનું ઓછામાં ઓછું પ્રમાણ આપેલું છે, પરંતુ તે વધારે પ્રમાણમાં લેવાથી કોઇ જાતની હરકત નથી. શરીરમાં એક એવી શક્તિ છે કે જે ઉપયોગી તત્ત્વોનો સંગ્રહ કરી રાખે, અને જરૂર હોય ત્યારે પાછા આપે. દાખલા તરીકે કેરીની ઋતુમાં શરીર વિટામિન 'સી'નો એટલો સંગ્રહ કરી શકે કે પછી ચોમાસામાં બે કે ત્રણ મહિના સુધી તેની ઉણપ ન પડે. ફક્ત વિટામિન 'બી'નો મોટો સંગ્રહ થઈ શકતો નથી.

વિટામિનની દ્રષ્ટિએ આપણો ખોરાક


શરીરને જરૂરી પ્રમાણમાં કાર્બો હાઇડ્રેટ, પ્રોટીન, ચરબી અને ક્ષાર આપણા ખોરાકમાંથી મળી રહે છે તે બાબત હવે જગજાહેર થઇ ચુકી છે. વિટામિન શામાં રહેલાં છે અને તેનો કેવી રીતે નાશ થાય છે તે જાણ્યા પછી, રાંધીને તૈયાર કરવા છતાં આપણા ખોરાકમાંથી આપણને વિટામિન કેવી રીતે મળી રહે છે તે સમજવું મુશ્કેલ નથી.

દુધ, દહીં અને ઘીમાંથી આપણે વિટામિન 'એ' મોટા પ્રમાણમાં મેળવી શકીએ છીએ; થુલાવાળા લોટની રોટલી, રોટલા કે ભાખરી તથા બેહા ભાત અને ખીચડીમાંથી વિટામિન 'બી' મોટા પ્રમાણમાં મેળવી શકીએ છીએ; ગરીબ લોકો પણ આપણે ત્યાં કેરી, દાડમ, પોપૈયાં, ચીભડાં, કાકડી, મુળા, ભાજી વગેરે ખાય છે જ, તેથી શાક તથા ફળમાંથી આપણે વિટામિન 'સી' મેળવી શકીએ છીએ; તથા સૂર્યના પ્રકાશમાંથી વિટામિન 'ડી' અને દુધ તથા અનાજમાંથી વિટામિન 'ઇ' મેળવી શકીએ છીએ.

જેનો મુખ્ય ખોરાક આ છે એવા શીખ, પઠાણ, રોહિલા, બ્રાહ્મણ, જાટ વગેરે ઉત્તર હિંદના વતનીઓને ઇન્ડિયન મેડિકલ સર્વિસના પ્રખ્યાત લેફ્ટનન્ટ કર્નલ રૉબર્ટ મૅક્કૅરિસન મનુષ્યજાતિના ઉત્તમ નમુના (**finest specimens of manhood**) રૂપે દુનિયામાં ઓળખાવે તેમાં કંઇ નવાઈ જેવું છે?

(જૈન ગુરુકુળ: પાલીતાણા) **જી. એમ. શાહ**

પ ક્ષી નિ રી ક્ષ ણ



ટીટોડી

ટીટોડી તો બહુ જ જાણીતું પક્ષી છે. તેનો અવાજ એક વાર સાંભળો તો કદિ વિસરી ન શકાય તેવો છે. ગીચ વસ્તીનાં શહેરો સિવાય મે માસથી તે છેક સપ્ટેમ્બર સુધી દિવસ રાત આ અવાજ બધે સંભળાયા જ કરે છે. એના એ વિચક્ષણ અવાજ ઉપરથી અંગ્રેજીમાં તેને 'ડીડ યૂ ડુ ઇટ? પિટી ટુ ડુ ઇટ' (**Did you do it? Pity to do it**)ના નામથી ઓળખવામાં આવે છે. આપણે ત્યાં તો તેના અવાજ ઉપરથી ઉપજેલી લોકકથા જાણીતી છે. તે બોલે છે ત્યારે 'વ્રત કરતી'તી; વ્રત કરતી'તી' એ શબ્દોને મળતો અવાજ સંભળાય છે, તે પરથી વાર્તા એવી બનાવી છે કે એક બાઇ ઉપવાસ કરી વ્રત કરતી હતી; ઘણા ઉપવાસ કરવાથી મરી ગઇ અને ટીટોડી જન્મી તેથી વ્રત કરતી'તી, વ્રત કરતી'તી એમ એ બોલે છે. આમ આ પક્ષી લોકોમાં ખુબ જ જાણીતું છે. એ સિવાય તેને વિષે બીજી પણ અનેક માન્યતાઓ લોકોમાં પ્રચલિત છે. જેવી કે

(૧) દરિયાકિનારે, તળાવને કાંઠે, કે નદીને તટે —એમ કોઈ જળાશય આગળ જ આ પક્ષી ઈંડાં મુકે છે. (૨) રાત્રે એ પગ અદ્ધર રાખી ચત્તું સુએ છે. (૩) તે ચાર ઈંડાં મુકે છે. એ ચારે ઇંડાંના અણીવાળા ભાગ જો જમીન તરફ ભેગા હોય અને પહોળા ભાગ ઉપર હોય તો ચોમાસાના ચારે માસ સારો વરસાદ આવે; પણ એકાદ ઈંડું પડી ગયું હોય તો તે માસ વરસાદ વગરનો ખાલી જાય. (૪) જો ટીટોડી ઝાડ ઉપર બેસે તો જળપ્રલય થાય. (૫) આ પક્ષી એક આંખે ઉંઘે છે ને એક આંખે ચોકી કરે છે.

ગયા ઉનાળામાં આ પક્ષીનો વિગતવાર અભ્યાસ કરવાનો મને પ્રસંગ મળ્યો અને તેમાં ઉપરની માન્યતાઓ સંબંધે મેં ખાસ ધ્યાન રાખીને નિરીક્ષણો કર્યાં. આપણે એ જોઇએ.

આ પક્ષી કદમાં કાબર જેવડું જ હોય છે, પણ તેના પગ લાંબા હોઈ પ્રથમ દષ્ટિએ આપણને તે મોટું લાગે છે. તેનું માથું કાળું હોય



ટીટોડી

પાંખોનો ઉપરનો ભાગ ભુખરો કાળો હોય છે. પેટનો ભાગ સફેદ હોય છે અને પગ રંગે પીળા. એની આંખ આગળથી એક સફેદ પટ્ટી શરૂ થઇને ઠેઠ પેટ સુધી જાય છે. પુંછડી ઉપર પણ એક ધોળો પટ્ટો હોય છે અને જ્યારે તે ઉડે છે ત્યારે તેની પાંખોમાં આવેલા બે સફેદ પટ્ટા આ પુંછડીના સફેદ પટ્ટા સાથે જોડાઇ જઇને અંગ્રેજી W અક્ષરના જેવો સફેદ આકાર સાફ તરી આવે છે. એની ચાંચ લાલ હોય છે અને કપાળમાં લાલ લટકતી ચામડી હોય છે.

આ ઉનાળામાં મે માસમાં હું ત્રાપજને બંગલે રહેતો હતો. મને માલુમ પડયું કે બંગલાની પાસેના ઉજ્જડ ખેતરમાં સહેજ ઉંચી જગ્યા ઉપર એક ટીટોડીએ માળો બનાવ્યો હતો. સામાન્ય રીતે ટીટોડી જમીન ઉપર જ પોતાના માળા બનાવે છે. આજુબાજુની જમીનથી સહેજ ઉંચી જમીન પસંદ કરી તેમાં પગ વતી ખોતરી શંકુ આકારનો એક ખાડો બનાવે છે અને તેમાં નાનાનાના કાંકરા ચાંચ વતી ઉપાડી લાવી બહુ જ સફાઇથી ગોઠવે છે. આ માળો આજુબાજુની જમીન વગેરેના દેખાવ સાથે એવો તો એકરંગ મળી જાય છે કે તમે એક વાર જોયો હોય છતાં બીજીવાર શોધી ન શકો; તમારા પગ પાસે માળો હોય પણ ન જડે. આ પક્ષીમાં કુદરતે કોઇ અદ્દભુત પ્રેરણાશક્તિ મુકી છે. તેના રચેલા માળાનો, માળામાંના પત્થરનો અને તેમાં મુકેલાં ચાર ઈંડાંનો રંગ એવો તો મેળ લે છે કે ટીટોડીનો માળો શોધવો બહુ જ મુશ્કેલ પડે છે. અને ઇંડાં મુક્યા પછી તો આ પક્ષી એવું તો ચાલાક થાય છે કે તેના માળાનો પત્તો તમને લાગવા જ ન દે. તે જુદીજુદી દિશાએ ઉડીને જાય, બીજેબીજે સ્થળે જ ફર્યા કરે, તમારા ઉપર ઘણે દૂર સુધી હુમલા કરે અને તેનો માળો કોઇ બીજે જ સ્થળે હશે એમ તમને લાગે તેવો દેખાવ કરે. તેનો માળો શોધવાનો એક જ રસ્તો છે. કોઇ ઓથવાળી જગ્યાએ ખુબ વાર સુધી છુપાઇને બેસી જઇ, ટીટોડી ઇંડાં સેવવા ક્યાં બેસે છે તે સ્થળ દૂરથી જોઇ લેવું અને તેની આજુબાજુ આવેલા કોઇ મોટા પત્થર કે ઝાડનું નિશાન યાદ રાખી લેવું. પછી સીધા ત્યાં જઇ જોશો તો એક નાના માળામાં લીંબુ જેવડા ચાર ઇંડાં જણાશે. રંગે એ પીળાશ પડતાં ને ઉપર કાળા ડાઘ જણાશે, અને તેના અણી વાળા છેડા નીચે જમીન તરફ ભેગા થએલા હશે. મેં આ સાલ ટીટોડીના લગભગ છ માળા જોયા, પણ ઈંડાની ગોઠવણ બધે ઉપર પ્રમાણે જ જોઈ છે. હું નથી માનતો કે વરસાદને અને આ ગોઠવણને કાંઇ સંબંધ હોય.

આ વર્ષમાં મે માસની પાંચમી તારીખે ટીટોડીનો પ્રથમ માળો ત્રાપજ બંગલાની નજીકમાં આવેલા ખેતરમાં મેં જોયો. રાતદિવસ ટીટોડી અને ટીટોડો ઇંડાંનું રક્ષણ કરે. કોઇ ખેતરમાં જાય ત્યાં તો ઉડીને શોરબકોર મચાવી મુકે. કાગડા, સમળી કે કુતરાં ઉપર તો જોસથી હુમલો લાવે અને તેમને નસાડે ત્યારે જ જંપે. ટીટોડી ઇંડાં ઉપર સેવવા બેસી જાય ત્યારે તેનું કાળું માથું અને ભુખરી પાંખો આજુબાજુની જમીન સાથે એવી તો મળી જાય કે આપણને છેક પાસેથી પણ દેખાય નહિ. બંને નરમાદા વારાફરતી સેવે અને વારાફરતી ચોકી કરે. ચોકીદાર હમેશ ઉંચી જગ્યા ઉપર બેસે અને જેવું કોઇ ખેતરમાં દાખલ થાય કે 'ટક ટક, ટક ટક' કરી ઇંડાં સેવનારને ખબર આપી દે જેથી તે પણ માળામાંથી ઉડી જાય; પણ એવી ઝડપ ને સફાઇથી કે આપણને ખબર પણ ન રહે કે તે ક્યાંથી ઉડયું ! રાતમાં પણ ટીટોડીનો અવાજ તો સંભળાયાં જ કરે.


એક અજવાળી રાતે ખેતરના ખુણા પાસે મોડી રાત સુધી બેસી મેં જોયું તો જણાયું કે બધાં જંપી ગયા પછી નરમાદા વારાફરતી પાસેના કુવાની નીકમાંથી પાણી પી આવ્યાં, અને અરધો અરધો કલાક

રખડી ખોરાક પણ ખાઇ આવ્યાં. તેઓને રાતમાં આરામ પણ વારાફરતી લેતાં મેં જોયાં અને મારી ખાતરી થઇ કે તેઓ પગ ઉંચા રાખીને નહિ પણ પગ વાળીને જ ઉંઘે છે. લશ્કરી પહેરાની માફક તે પહેરો બદલે છે તેથી આપણે અલંકારિક ભાષામાં કહી શકીએ કે ટીટોડી એક આંખે નિદ્રા લે છે અને બીજી આંખે ચોકી કરે છે. વળી, મેં ઘણા ખેડુતોને પુછયું છે અને જાતે પણ ઘણાં ટીટોડાંનું નિરીક્ષણ કર્યું છે, પણ ક્યાંય ટીટોડાંને ઝાડ ઉપર બેઠેલાં દીઠાં નથી. કદાચ તેના પગની રચના જ એવી હોય કે તે ડાળી પકડી ન શકે.

આ પછી મારે થોડા જ દિવસમાં ત્યાંથી ભાવનગર જવાનું થતાં ટીટોડીનાં બચ્ચાં તો જોઇ શક્યો નહિ. ટીટોડીનાં ઈંડાં સેવાઇને તેમાંથી બચ્ચાં લગભગ પચ્ચાસ દિવસે બહાર નીકળે છે.

પણ ભાવનગર પહોંચતાંની સાથે જ ખબર પડી કે અહીં પણ એક ટીટોડીએ મારા મકાનની પાછળના ઉજ્જડ ભાગમાં ચાર ઇંડાં મુકયાં છે; એટલે ત્રાપજમાં અધુરૂં રહેલું નિરીક્ષણ પુરૂં કરવાની મને તક મળી ગઇ. નરમાદા ઈંડાં સેવે, દિવસ રાત ચોકી કરે અને અમે દિવસમાં બે વાર જોઇ આવી સંતોષ માનીએ. સમળીઓ અને કાગડાની ઝપટ તો ચાલ્યા જ કરે; પણ ટીટોડાના ઉપર નીચેના એકસાથેના હુમલા સામે તેઓ પહોંચી ન શકે. અમને તો ભરોસો બેસી ગયો કે ઇંડાં નિર્વિઘ્ને સેવાશે અને બચ્ચાં તૈયાર થશે. ટીટોડાંને પણ અમારો વિશ્વાસ પડવા લાગ્યો અને હવે તો અમે પાસે જઇ ઇંડાં જોઇએ તોપણ તે હુમલો ન કરતાં. ઇંડાં વજનમાં વધવા લાગ્યાં અને તેના ઉપરના કાળા ડાઘ વધારે ઘેરા થવા લાગ્યા. હવે થોડા જ દિવસમાં બચ્ચાં બહાર આવશે તેવી આશાથી અમે આનંદમાં આવી ગયા.

પણ આગળના એક લેખમાં આપણે જોઇ ગયા છીએ તેમ પક્ષીઓમાં ઈંડાં મોટાં થવાં એ ઘણું કઠિન કામ છે. તેને અનેક જાતની આફતો નડે છે. એક દિવસ સવારે જઇને જોયું તો ચારમાંથી એક ઇંડું ગુમ ! અમે ચોક્કસ માન્યું કે નોળીઓ, સાપ કે ઘો, કોઈક આ ઈંડાનો નાસ્તો કરી ગયું હશે અને બાકીનાં ઇંડાં પણ હવે એકાદ બે દિવસમાં ખલાસ



ટીટોડીનાં ઇંડાં   સ્કેચ : ગજાનન ભટ્ટ

થઇ જશે. સામાન્યરીતે હમેશાં એવું જ જોવામાં આવે છે કે દુશ્મન માળો જોઇ ગયો એટલે ઈંડાં એક પછી એક નાશ પામતા જાય છે; એમાંથી હરગીઝ બચે નહિ. પણ અહીં એમ ન બન્યું. બીજા આઠ દિવસ સુધી બાકીનાં ત્રણ ઇંડાંમાંથી એકકે ઓછું ન થયું, અને ટીટોડાં સતત ચોકી કર્યે જતાં હતાં. આ બીનાથી મને તથા મારા કેટલાક મિત્રોને બહુ જ નવાઇ લાગી, અને અમે એવી કલ્પના પર આવ્યા કે ચારમાંથી એક ઇંડું ખોટું હશે અથવા વા-ખેદું હશે તેથી ટીટોડીએ તેને નાખી દીધું હશે. ત્યાં તો નવમા દિવસની સવારે ત્રણે ઇંડાં ગુમ, અને ટીટોડાં પણ ઉડી ગએલાં ! અમને બહુ જ દિલગીરી થઇ. દુશ્મન કોણ હતું તેની પણ ખબર ન પડી.

આ બનાવને પુરા આઠ દિવસ પણ નહિ થયા હોય ત્યાં તો મારા ઘરના બારણાથી માત્ર પચાસ જ વારને છેટે એક કરેણના ક્યારાની નજીક તેજ ટીટોડાંએ બીજાં ચાર ઈંડાં મુકયાં. આ ઉપરથી સમજાશે કે કાંઇ જળાશય પાસે કે માણસનો પગરવ ઓછો હોય ત્યાં જ ટીટોડી ઇંડાં મુકે છે એ વાત યથાર્થ નથી. ‘આ બાબતમાં ટીટોડાંને કદાચ એમ થયું હોય કે અમારી નજીકમાં જો તેનો માળો હોય તો અમે તેને કાંઇ મદદ કરી શકીએ.’

વળી પાછું પ્રથમની માફક વારાફરતી સેવન અને રાતદિવસની ચોકી શરૂ થયાં અને હું તો ઘરને ઉંબરેથી જ નાના દૂરબીન વતી રોજ ઇંડાં ગણી લઉં.

આટલો નજીક માળો જોઇ મારા એક સંબંધીને આ ઇંડા સેવતી ટીટોડીનો ફોટો લેવાનો વિચાર થયો. માળાથી થોડે દૂર ખાટલા ગોઠવી તેના ઉપર કપડું નાખી અમે ઓથાણું બનાવ્યું અને એક બપોરે ફોકસ ગોઠવી ફોટો પાડવા બેઠા. પરંતુ ટીટોડાં એવાં તો ચેતી ગયાં કે દૂર ને દૂર ફરે, પણ માળા પાસે ન જ આવે. લગભગ એકાદ કલાક શાંતિથી રાહ જોયા છતાં ટીટોડી ન આવી, એટલે અમે બીજા દિવસ ઉપર ફોટો લેવાનું મુલતવી રાખી ઉઠી ગયા.

બીજે સવારે વહેલાં મેં તથા મિ. . . . . એ ફોટો પાડવાનું શરૂ કર્યું. મિ. . . . . ને ખાટલા પાછળ ખુરશી ઉપર બેસાડી તેમના ઉપર કપડું ઢાંકી હું દૂર જઇને બેઠો, અને એમ નક્કી કર્યું કે જેવી ટીટોડી માળામાં આવે કે મારે તેમને ધીમી સીટી મારી ચેતાવી દેવા, જેથી તે ફોટો પાડવા તૈયાર થઇ જાય. પાએક કલાક આજુ બાજુ ભમી ટીટોડી માળા પાસે આવી. મેં સીટીથી નિશાની આપી, પણ ટીટોડા જે આ બધો વખત દીવાલ ઉપર બેઠો હતો તેણે 'ટક ટક' કરી ટીટોડીને કાંઇક કહ્યું અને તે એકદમ પાછી ચાલી ગઇ. પછી તો ટીટોડી માળાની આજુબાજુ ફરે, પણ ઇંડાં પાસે તો આવે જ નહિ; અને જેવી તે આવવા લલચાય તેવો ટીટોડો અવાજ કરી તેને બોલાવી લે.

મિ. . . . . એક કલાક બીલકુલ હલ્યા ચલ્યા સિવાય બેઠા, છતાં જ્યારે કાંઇ જ થઇ શક્યું નહિ ત્યારે તેઓ ઉઠી ગયા અને ટીટોડાં દેખે તેમ મારી પાસે આવ્યા.

હવે તો ટીટોડાંને છેતર્યા સિવાય ફોટો આવે તેમ ન હતું, તેથી અમે બંને માળા પાસે ગયા. હું સંતાઇ ગયો અને ટીટોડાં દેખે તેમ તેઓ પાછા ફર્યા. ટીટોડાંએ માન્યું કે સંતાએલો આદમી ચાલ્યો ગયો એટલે એકદમ ટીટોડી ચાલીને માળામાં આવીને બેઠી અને મેં ફોટો પાડ્યો; પણ ફોટો પાડ્યાનો અવાજ થતાં તો તે ઉઠી ગઇ. પછી તો મેં આખો દિવસ ઘણા યત્ન કર્યા, પણ તે માળામાં સ્થિર નજ રહી.



ગુજરાતનો સુબો

અજબ માણસ છે આ ગુજરાતનો સ્વયંનિર્મિત સુબો. દીવાની અને ફોજદારી કજીઆ; મ્યૂનિસિપલ અને જાહેર જીવનનો કારભાર; કૉન્ફરન્સો ને કૉન્ગ્રેસો; અમદાવાદનાં લોહીઆળ બંડો અને નાગપુરનો શાંત સત્યાગ્રહ; રાજકીય ખટપટ અને મહાત્માજીનો અહિંસાત્મક અસહકાર;—આ બધામાં રમીરમીને પાકો થઇ રહ્યો છે. રાજ્યસત્તા અને લોકપ્રાબલ્ય બંનેની નિર્બળતા એ જાણે છે; બંનેને નચાવવામાં એ કુશળ છે. એ કૌશલ્ય પર કીમિયાગરના કીમિયાનો પાશ લાગ્યો છે, છતાં તે ઓછું થયું નથી. એનો ગાંધીવાદ ગાંધીજીના વાદથી જરા જુદો છે:-મહાયાન બૌદ્ધ ધર્મ બુદ્ધના પોતાના સિદ્ધાંતોથી જુદો હતો તેમ.

તે લગભગ વૃદ્ધાવસ્થાને સ્પર્શી રહ્યો છે. આકારવિહોણી તેની કાબરચીતરી મુછો ફરફરે છે; નશાભરી હોય એવી તેની આંખો ક્રૂર છે; એનો સીનો ડરાવે એવો છે;—એને રસ્તે જતાં જોઇએ તો આડે નહિ આવીએ. એ પોતાને 'ગુજરાતનો સુબો' કહાવે છે. ગુજરાતનું દુઃખ પોતાને માથે વહોરવા, તેનો ભય પોતાને હાથે વિદારવા, તેની કીર્તિ પોતાને પરાક્રમે વધારવા તે તત્પર છે. ગયે વર્ષે પ્રકૃતિ કોપી ત્યારે તે તેને શમાવવા મથ્યો; આજે રાજ કોપ્યો ત્યારે તેને ડારવા તૈયાર થયો. 'ગુજરાતનું કોઇ નામ લેશો મા' એ એના કીર્તિલેખ તરીકે લખાય. જે ગુજરાતની ગરિમતા આપણે માત્ર સાહિત્ય દ્વારા સેવીએ છીએ તેને એ કર્તવ્ય દ્વારા સેવે છે.

કનૈયાલાલ મુનશી

(સાહિત્ય સંસદના છઠ્ઠા વાર્ષિકોત્સવને પ્રમુખપદેથી)

સ્કેચ : કનુ દેસાઇ

આ ઉપરથી એટલું તો સ્પષ્ટ છે કે ટીટોડાં માણસ યાદ રાખી શકે છે અને તેને ઓળખી માળામાં આવતાં નથી. બીજે દિવસે અમે બેત્રણ જણ માળા પાસે ગયા. મિ. . . . . સંતાઇ રહ્યા અને અમે બીજા બધા, ટીટોડાં જુએ તેમ વાતો કરતા પાછા ફર્યા. તરત જ ટીટોડી માળામાં જઇને બેઠી અને તેમણે બીજો ફોટો લીધો.

કલાકોના કલાક એકીસાથે માળા પાસે બેસી રહેવાથી મને એક બીજું ખાસ એ જણાયું કે ટીટોડાં વાતચિત કરી શકે છે, અને નરમાદા એકબીજાને ઘણુંઘણું સમજાવી શકે છે. થોડાક દાખલા આપું. એક વખત હું સંતાયો ત્યારે મારો વાંસો દીવાલ ઉપર બેઠેલો ટીટોડો જોઈ શકતો હતો, જ્યારે જમીન ઉપર ફરતી ટીટોડી જોઇ શકતી ન હતી. જેવી ટીટોડી માળા પાસે આવી કે તરતજ ટીટોડે કાંઇક ટુંકા અવાજમાં કહ્યું અને તે ઇંડાં ઉપર બેસતી બેસતી ઉભી થઇ ચાલી ગઈ. થોડી વારે તે ફરી આવી ને ફરી ટીટોડે કાંઇક કહ્યું અને તે ચાલી ગઈ. પછી તો બંને વચ્ચે કાંઇક વધુ વાતચિત થઇ અને ટીટોડી માળા ઉપર ન આવતાં હું સંતાયો હતો તે બાજુ આવી અને મારો વાંસો દેખાતો હતો તે જોઇ ગઇ, અને પછી હું જ્યાં સુધી બેસી રહ્યો ત્યાં સુધી આવી જ નહિ. માળામાંથી પક્ષીને અરધા કે પોણા કલાકથી વધુ દૂર રાખવાં ન જોઇએ કેમકે હૂંફ સિવાય ઈંડાં ઠરી જાય અને પછી તે સેવવાને માટે નિરર્થક થઇ જાય.

એક દિવસ સમળી અને કાગડાએ ટીટોડીનાં ઈંડાં ઉપર બહુ જ ઝપટ કરી. ટીટોડો ક્યાંક ચારા માટે ગએલો અને માળામાં ટીટોડી એકલી. એણે બહુ જ અવાજ કર્યો, પણ ટીટોડો આવ્યો નહિ. પરંતુ તેણે બધા સાથે યુદ્ધ કરી ઈંડાં તો જાળવ્યાં. થોડી વારે ટીટોડો આવી પહોંચ્યો, પણ તે વખતે સમળી–કાગડા ઉડી ગયાં હતાં. પછી બંને જણ દીવાલ ઉપર બેઠાં અને ટીટોડીએ તેને એટલી તો લાંબી વાત કરી—તે વાતમાં જાતજાતના અવાજ હતા—કે આપણને એમ જ થાય કે સમળી–કાગડાના હુમલામાંથી પોતે ઇંડાં કેમ બચાવ્યાં તે વાત એ કહેતી હતી. વાત સાંભળી ટીટોડો ઉડ્યો ને બીજાં બે ટીટોડાં લઇ આવ્યો, અને જબરૂં યુદ્ધ મચાવી એ આખા મેદાનમાંથી તેમણે સમળી તથા કાગડાને હાંકી કાઢ્યાં.

આવા હુમલાઓ વખતે અમે પણ ટીટોડાંની મદદે વારંવાર જતા. પણ એક વખત અમારી ગેરહાજરીનો લાભ લઇ સમળાઓએ એકઠી મળી ટીટોડાંનાં બધાં બચ્ચાંનો નાશ કર્યો. આ બનાવ પછી અમને બહુ જ ખેદ થયો. મારા એક મિત્રે કહ્યું કે તમે ઇંડાં વારંવાર જુઓ છો તેથી બીજાં પક્ષી પણ ટીટોડીનાં ઈંડાં ક્યાં છે તે જાણી જાય છે અને તેથી જ તેઓ માળો શોધી તેને મારી શકે છે.

આજથી એક માસ ઉપર ટીટોડીએ એક વધુ માળો બાંધ્યો. (હું નથી કહી શકતો કે તેઓ પ્રથમનાં જ ટીટોડાં હતાં.) હવે તો હું તે માળો કે ઈંડાં જોવા બીલકુલ ગયો જ નહિ. આજે ચકલાં ચકલાં જેવડાં ટીટોડાંનાં બચ્ચાં મારા ફળીમાં આમતેમ ફરે છે. જોકે મને બીજી હકીકત મળી છે કે કોઈ જોવા નહિ જતું હોવા છતાં ટીટોડાંના ત્રણ માળા નાશ પામ્યા છે. આ હકીકત ઉપરથી હું દિલાસો લઇ શકું કે મારી વારંવારની નિરીક્ષણની મુલાકાતોથી જ કાંઇ ખાસ નુકસાન નથી થયું. **ગજાનન ભટ્ટ**

અથાણું

એક શોખીન લાલાજી મોટર લઇને ગામડાની સડકે ફરવા નીકળેલા. રસ્તે કોઇ બુઢ્ઢો ગામડિયો મળ્યો. મોટરવાળાને ઉમળકો આવ્યો કે કાકા કોઈ દહાડો મોટરમાં નહિ બેઠેલા હોય તેથી થોડી લહેર કરાવીએ. બુઢ્ઢાને બેસાડીને એણે તો મોટર કલાકના ૭૦ માઇલની ઝડપે મારી મુકી. અચાનક અકસ્માતે મોટર એક ઝાડ સાથે અથડાઈ પડી. સદ્ભાગ્યે મોટરનો જ ચુરો થયો અને બંને સલામત નીકળી જવા પામ્યા. બુઢ્ઢાજીએ બહાર આવી એક પત્થર પર બેસી હળવેથી પોતાની ચુંગી કાઢીને સળગાવી અને લહેરથી પુછવા લાગ્યા, 'ગાડી તો બહુ મઝાની છે; પણ રસ્તે આડું કોઈ ઝાડ ન આવે તો તમે ઉભી કઇ રીતે રાખો એ ન સમજાયું!'

ૐ

શાન્તિ—કાન્તિ, કેમ હમણાં કંઇ હાથે મોજાં પહેરવાનો શોખ લાગ્યો છે?

કાન્તિ—ખાસ શોખ તો નથી થયો. પણ બાપાને મેં વચન આપ્યું છે કે હવેથી કદિ હું ગંજીપાનાં પાનાંને હાથ નહી અડાડું.

ૐ

શેઠ—(નોકરને ધમકાવતાં) સુવ્વરના બચ્ચા!

નોકર—શેઠ, આપ માબાપ છો; ચાહે તે કહો.

બાન . . . અનુસંધાન પાન ૩૩૨ થી આગળ

અરધી કલાક માંડ ગઇ હશે ત્યાં મોટો ભાઇ જાગ્યો. એની છાતી ઉપર કાંઇક દબાતું હતું. જુએ તો દાઢીવાળો એક જુવાન પોતાની છાતી ઉપર લાકડીનો ગેબો દબાવીને ઉભેલો. પાછલી રાતના ગાઢ થતા અંધારામાં પણ એની આંખ ચમકતી હતી.

'છાનો મરજે, નીકર ખોપરીનાં કાચલાં ઉડી જાશે. ઝટ આ તારા ભાઇને ઉઠાડય ને ઘેરે મોકલ્ય કે હાલ ઘડીએ રૂા. ૨૦૦ લઇને આંહી આવે. ઇ આવશે તંયે તું છુટીશ. અને ઇ જો કાંઈ વાર બાર લઈ આવ્યો તો તું તો નો'તો એમ માનજે.'

મોટો સંજોગ પામી ગયો. અત્યારે આ માણસ એકલો ન હોય; અને પોતે બરોબર સપડાયો છે. નાનો જાગશે તો એ જરા રાઇયાળો હોઇને અજડાઈ કરશે ને નાહક ટીપાઇ જશે. આવો વિચાર કરીં યુક્તિથી બોલ્યો, 'પણ અમે તો સાથી છીએ. અમારા પૈસા કોણ આપે?'

એટલામાં આ બોલવાનો સંચર સાંભળી નાનો ભાઇ જાગી ગયો. આંખ ઉઘાડી કરીને જુએ ત્યાં તો ભાઇ ઉપર મંડાઇને સંધી ઉભો છે! એનો સળવળાટ સાંભળી સંધીની નજર ગઇ. સંધીના હાથમાં છરો તોળાવા માંડ્યો. એણે નાનાને કહ્યું, 'ઉભો થાજે મા; નીકર આ તારી કાળી છાતી નોંધી દેશ?'

પણ નાનો તો એ સાંભળ્યા કર્યા વિના હાકોટો કરી ઉઠ્યો, 'એલા કોણ છો?'

'આંહી ગાડો નથી ઉથલાવવો, સમજ્યો! છાનોમાનો જા ભાગ્ય ઘેરે, ને તારા ભાઇને જીવતો જોવો હોય તો રૂપિયા બસેં લઇને ઝટ પાછો આવ્ય. ઉઠ, અસુર કર મા; ભડકિયો હમણાં દેખાશે.'

નાનાએ હવે એનો સાદ પારખ્યો. 'એલા વલીઓ કે? હેઠ સાળા ખુટલ; ગામનો માણસ થઇ ગામની જ વાડી વેડવા આવ્યો છો?'

'છાનો મર્ય છાનો; આંહીં વાતું કરવા નથી આવ્યા. ઝટ ઉડીને રૂપિયા લઇ આવ્ય; નીકર તારો ભાઈ નથી માનજે.'

નાનાને હાડોહાડ વ્યાપી ગઇ. હજી કાલ સવારે રખોપું માગવા કરગરતો'તો એ વલીઓ આજ બેયને દબાવે! આંખના પલકારામાં એ ઉભો થયો અને સંધીને વિચાર કરવા વખત મળે એ પહેલાં તો એની લાકડીની કડીઓએ વલીઆની ખોપરી ખોખરી કરી નાખી! એક બે ને ત્રણ! વલિયો તો હતો નહોતો થઇ ગયો. આ એટલી ઝડપથી થઇ ગયું કે મોટો ભાઇ તો હજી બેઠો યે નહોતો થયો.

પણ એવામાં અચાનક આંબલીની ડાળ ખરતી હોય એમ એકસામટી સાત લાકડીઓ વીંઝાઇ ને નાનો મોંભર ઢગલો થઈ પડ્યો. એનું માથું ફાટી ગયું હતું ને આંખો બહાર નીકળી પડી હતી. મોટો બેઠો થાય એ પહેલાં એનો વાંસો પણ ખોખરો થયો

ને એ માંડ ઉભો થયો. બે સંધીઓએ એને મુશ્કેટાટ પકડી રાખ્યો અને પછી ઘેર જઇ રૂપિયા લઇ આવવા સમજાવ્યો. પણ એનામાં ચાલી શકવાના પણ હોશ રહ્યા નહોતા; અને વળી નાનાની દશા જોઇ એ દિગ્મૂઢ થઇ ગયો હતો.

સંધી વિચારમાં પડ્યા. પલીઓ મરેલો પડ્યો હતો, નાનો મરવાની અણી પર હતો અને મોટો જઇ શકે એમ નહોતો. હવે રૂપિયા લેવા કોણ જાય? છેવટે એક સંધીએ બાનના ખબર કહી આવવાનું માથે લીધું, અને અમુક દિવસે અમુક ઠેકાણે રૂપિયા પહોંચાડી જાય એટલા સમાચાર દઇ આવવા એ ઉપડ્યો. બાકીના, મોટાના હાથ જકડી આંખે પાટા બાંધી પોતાની સાથે લઇ રસ્તે પડ્યા. એક તો ચાલવાની પણ શહુર નહોતી, તેમાં આંખે પાટા બંધાયા એટલે મોટાને તો ડગલું ભરવું પણ વસમું થઇ પડ્યું. પણ પાછળથી ગાળો ઠોંસા અને લાકડીના ઘોદા મારતા સંધી તેને ઘસડીને લઇ ચાલ્યા. એ દરેક ધબ્બે અને ઠોંસે એને અંગોઅંગ ઝાળ વ્યાપતી અને સંધીઓને ઝબ્બે કરવાના નિશ્ચય કરતો. નાનાનું છુંદાએલું માથું એની આંખ આગળ ફરતું ને વેરની કંપારીથી એ ધ્રુજી ઉઠતો. પણ અત્યારે એ નિરાધાર હતો.

બાનને પકડીને સંધીઓ નજીકના કોઇ ડુંગરાઓમાં કે કોઈ અવાવરૂ કુવામાં સંતાડી રાખતા. ખાવામાં દાળિયા (ચણા) ને ખજુર આપતા. એક જણ ચોકી કરવા રહેતો ને બાકીના શિકારની શોધમાં ફરતા.

સંધીઆને મન બેચાર ગાઉ, પણ મોટાને મન સેંકડો ગાઉ ચાલી તેઓ ધારેલે સ્થળે પહોંચ્યા. કુવો અવાવરૂ હતો અને અંદર પાણી ન હતું, પણ એના જેવા કેટલા યે અંદર આવી ગયા હતા એટલે તળિયું જરા સાફ લાગતું હતું. બે કાંખમાંથી દોરડું કાઢી એને નીચે ઉતાર્યો. થોડો ખજુર, દાળિયા ને પાણી પણ ઉતાર્યું. મોટાને એનું ભાન ન હતું. એ તો ઉતર્યો એવો ઢગલો થઇને પડ્યો.

બાનના સમાચાર પહોંચાડવા ગએલો સંધી ગામના ઝાંપા સુધી ગયો, પણ અંદર જઇ કહેવાની હિંમત ન ચાલી એટલે પાછો આવતો રહ્યો; ને પોતે બીકણ ન કહેવાય એટલા માટે 'કહી આવ્યો' એવી ગપ મારી.

બીજે દિવસે મોટાને કંઇક કળ વળી. એ પાછો ઠીક થઇ ગયો. બે ટંકનો ભેગો થએલો ખજુર અને દાળિયા બધું ખાઇ ગયો, પાણી પીધું ને પછી નીરાંતે વિચાર કરવા બેઠો. એક પછી એક બધું એને સાંભરવા માંડ્યું ને એના લોહીમાં જાણે વેરની ઝાળો ઉઠવા માંડી. ઝનુનથી એણે કુવાની ભોંયમાં નહોર ભરાવ્યા.

એણે ઉંચે જોયું. કુવો ઠીક ઉંડો હતો. ચડવા ધારે તો ય મહા મુશ્કેલીએ ચડાય એમ હતું. બપોર થયા હતા એટલે ખજુર, દાળિયા ને પાણી આવ્યું. પણ એ તો ઢોંગ કરીને પડ્યો જ રહ્યો. ઉપર વાત થતી સાંભળી કે 'સાળાનાં હાડકાં ઠીક ખોખરાં થયાં છે; હજી ઉભા થવાની સેં નથી આવી.'

સાંજ પડતી ગઈ તેમ મોટો વધુ સતેજ થતો ગયો. વેરની જ્વાળા હર પળે વધતી જ જતી હતી. ભાઇ આંખ આગળથી ખસતો ન હતો. એ જીવતો હશે કે કેમ એ કલ્પના આવતાંવેંત એને રોમાંચ થઇ જતાં.

સપ્તર્ષિ માથે આવી ગયા હતા. અધરાત ભાંગી ગઈ હતી. ઉપર સૌ ટોળે વળી બીજા શિકારની શોધમાં જવાનો વિચાર કરતા હતા. વાત પરથી એ સમજ્યો કે સંધીઓએ પોતાના બાપને ફરી સમાચાર કહેવડાવ્યા હતા ને બીજે દિવસે રૂપિયા આવવાના હતા. થોડી વારે એક જણને ત્યાં રાખી સૌ ઉપડ્યા.

એ ગયા ને કલાકેક પછી ઉપરથી ઘોરવાનો અવાજ આવવા માંડ્યો. મોટો કાન માંડીને જ બેઠો હતો. એ હવે મરણિયો થયો હતો. બીજો કોઇ ડહાપણનો રસ્તો એને સુઝે એમ નહોતો. એણે પછેડી ઉતારી કેડે બાંધી, ખજુર વગેરે ખાઇ લીધું ને કુવાની દીવાલ ઉપર આંગળીઓનાં ટેરવાં ભરાવી શરીર જરા ઉંચું કર્યું. ઉપરથી ચંદ્રનું અજવાળું આવતું હતું ને દીવાલ થોડી થોડી દેખાતી હતી. એ ઉપર ચડ્યો. પણ અરધેક પહોંચ્યો હશે ત્યાં હાથ નીચેની કાંકરી ખસી ગઈ ને એ નીચે પછડાયો. અવાજ થયો ને એ લપાઇને સુઇ ગયો. થોડી વાર થોભ્યો, પણ ઉપરનો ચોકીદાર જાગવાનાં કાંઈ ચિહ્ને ન લાગ્યાં એટલે પાછો સાવચેતીથી ચડવા માંડ્યો. આ વખતે હાથ કે પગ ટેકવતાં પહેલાં ટેકાની મજબુતી જોતો ગયો.

અંતે પાળ સુધી એ પહોંચ્યો. ધીમેથી ડોકિયું કર્યું તો સંધી નીરાંતે પછેડી ઓઢી ઘોરતો હતો. ધીમેથી બહાર આવી મોટાએ સંધીને પકડેથી એની લાકડી

ઉઠાવી ને એને દબાવ્યો. મોટાને જોતાંવેંત સંધીના તો રામ રમી ગયા!

મોટાએ પોતાની પછેડી કાઢી દૂર મુકી ને સંધીને કહ્યું, 'ઉઠ; આ પહેરી લે ને તારાં લુગડાં બધાં કાઢય. જો, જરા આડીઅવળી થૈ ચું કરી છે તો ખોપરાનાં કાચલાં ઘડાઇ જાશે.' સંધી હજી પાવરધો થએલો નહોતો લાગતો. સામાને લાકડી સાથે ને પોતાને નિર્બળ જોઇ એ દબાઇ ગયો ને કહ્યું એમ કર્યું. મોટાએ લુગડાં લઇ લીધાં ને હજી સંધી નવરો થાય તે પહેલાં તો વાઘની પેઠે ઓચિંતો કુદ્યો અને સંધીઆને નીચે પટકી એવો તો ઠોંસો માર્યો કે તેનો શ્વાસ રૂંધાઇ ગયો. પછી પોતાની પછેડી ચીરીને એના મોઢામાં ડુચો દીધો ને હાથપગ બાંધી નિર્દયતાથી કુવામાં હડસેલી મુકયો.

સંધીનાં કપડાં પોતે પહેર્યાં એટલામાં દૂર કાંઇક સંચર લાગ્યો ને એ પાસેના ઝાડ પાછળ સંતાયો. પાછલી રાતનું અંધારૂં જામતું જતું હતું. દૂરથી ત્રણેક જણની વાતચિતનો અવાજ સંભળાયો. થોડી વારે ત્રણ જણ ત્યાં આવ્યા ને પોતાના સાથીને ન જોવાથી શંકાયા. આમતેમ નજર ફેરવી કુવામાંના કેદીની તપાસ કરવા કુવાને કાંઠે જઇ ઉભા. મોટા આવો લાગ કેમ ચુકે? ત્રણેની પીઠ તેના તરફ હતી. તેઓ વાંકા વળીને અંદર જોવા લાગ્યા. મોટાએ પોતાનો શ્વાસ દાબ્યો, ધીરે પગલે થોડું ચાલી પછી એકદમ દોટ મુકી, અને આ અવાજ સાંભળી સંધીઓ સાવધ થાય તે પહેલાં તો પછવાડેથી આવીને ત્રણેને જોરથી હડસેલો માર્યો.

બે તો બરોબર લથડ્યા ને ઉંધે માથે કુવાના તળિયાની ભેટ લેવા ગયા. પણ ત્રીજો કાંઠા પર જ રહ્યો. એક હાથનો ટેકો લઇ એ બેઠો થવા જાય છે ત્યાં તો ફટાક કરતીને લાકડી એના માથા પર પડી. તે બેભાન થઇ નીચે પડ્યો. બેપાંચ પળમાં તો આ પતાવી કુવામાં પડેલાઓને હજી કળ વળે તે પહેલાં તો એ ત્યાંથી મુઠીઓ વાળીને નાઠો અને આડેધડ દોડદોડ કરીને ચારપાંચ કલાકના રખડપાટે એક ગામમાં આવ્યો. ગામ જાણીતું હતું એટલે એને સથવારો મોકલી ઘેર પહોંચાડ્યો.

નાનો ભાઇ તો ત્રણ દિવસથી ગુજરી ગયો હતો; બાપા અરધા થઇ ગયા હતા. મોટો આવ્યો એટલે બાપાને કાંઇક ટાઢક વળી. પણ મોટાને નાનાનું મૃત્યુ બહુ સાલ્યું. ગામ આખામાં નાનાના મરણે ફે ફાટી ગઇ હતી ને હવે તો રખોપું સદંતર બંધ થઇ ગયું હતું. મોટાથી આ સાંખ્યું ન ગયું. એક તો પોતાની જમણી બાંય જેવો ભાઇ ગયો, ને બીજી બાજુથી રખોપું રઝળે, સંધી પેધી જાય ને ગામનું નાક લેવાઇ જાય એ એને માથાનો ઘા થઇ પડ્યો.


એણે ગામચોરે વાત મુકી કે આમ રખોપું છોડશું તો સંધી પેધી જાશે. ગામલોકને એની વાત ગળે તો ઉતરી, પણ એનો ઉપાય નહોતો જડતો. મોટાએ રસ્તો બતાવ્યો કે 'વલીઆને લીધે હવે આ ગામ પર સંધીઓની નજર કરડી છે. એક તો આ ગામના ત્રણેય ગામેતી (સંધી)ને બોલાવી ચેતાવી દો કે વડાળા વાળાં પોતાનાં બધાં સગાંઓને તેઓ કહેવડાવી દે કે એ હવે જો આ ગામ તરફ ઢબશે તો એમનાં ઘરબાર જોખમમાં છે. અને બીજું એ કે ગામના બધાય જુવાનિયા થાય ભેગા. રખોપે જઇ શકે એવડી ઉમરનો એકેય માટી ઘરમાં ન રહે. ગામના ખાંટ, કોળી, રબારી, આયર બધા ય થાય ભેળા. આપણને આપણા ખેતરની બીક છે તો રબારી, આયરને એમના માલ (જાનવર)ની બીક છે. ગામનો એકેએક જુવાનિયો જો નીકળે તો આપણે ચાર વીસું જણ થઇએ. રોજ રાત્રે વીસ વીસ જણની ચાર ટોળી સીમમાં જાય ને એકેક દિશા સંભાળી લઇ આખી સીમનું રખોપું કરે. સંધીઆના બાપની દેન નથી કે આમ ચાર વીસું માટીને માથે થઇને સીમમાં પગ માંડે.'

ગામને આ વાત ગમી. સૌને પોતપોતાનો સ્વાર્થ હતો, અને નાનાના તાજા મરણથી તો ગામના દરેક જણને ઝેર આવ્યું'તું, એટલે ઘરોઘરના જુવાનિયા તૈયાર થઇ ગયા. બીજા જ દિવસથી ગામના એંશી જુવાનિયાનું રખોપું શરૂ થયું. સંધીઓને ગામના સંદેશાની બીક પેઠી હોય કે પછી આ એંશી જુવાનની કડિયાળી લાકડીઓના ખણકારા, અજવાળી રાતે ગુંજતા એમના પાવાના ને દુહાના લલકાર અને કલ્લોલતા હોકાર આકરા પડ્યા હોય. ગમે એમ હોય, પણ એ પછી સંધીઓએ એ બાજુ પગ માંડ્યો નથી.

વિનોદ

દર વર્ષે હિંદનાં સાઠ લાખ માણસોનો ભોગ લેતા ટાઢિયા તાવ

મેલેરિયાના દૂત મચ્છરો



મેલેરિયાને ફેલાવનાર એનોફિલિસ મચ્છર

આપણામાં સામાન્ય રીતે ટાઢિયા તાવને નામે ઓળખાતો તાવ એ જ મેલેરિયા અને તેને ફેલાવનાર મચ્છરો જ છે એ વાત તો હવે જગ-જાણીતી છે. છતાં તેની સામે ચાંપતા ઉપાય લેવાનું આપણા લોકોને હજી સુઝતું નથી, જેમને સુઝે છે તેમને પુરૂં જ્ઞાન નથી. હિંદુસ્તાનમાં દર વર્ષે સરેરાશ છ કરોડ માણસને મેલેરિયા લાગુ થાય છે, અને તેમાંથી શુમારે દસ લાખ માણસો એ તાવને લીધે મરણ પામે છે એ વાતની જો લોકોને જાણ હોય તો આટલી ભયંકર જનહાનિ કરનારા તાવનાં ફેલાવનારા દુશ્મન મચ્છરોની સામે તેઓએ જંગ માંડ્યો હોત. અને એ જનહાનિમાં ઘટાડો કર્યો હોત. માનવજાતિના એ ભયંકર દુશ્મન વિષે આપણે ઉપયોગી માહિતી જાણી જ લેવી જોઇએ.

મચ્છરોની તો જુદીજુદી લગભગ સોએક જાતો છે, પણ તેમાંથી ચાર જાતના—અને ખાસ કરીને તો બે જ જાતના એનોફિલિસ નામના મચ્છરો જ મેલેરિયાના દૂત છે. બીજા મચ્છરો મેલેરિયા ફેલાવવાના દોષથી મુક્ત છે; જોકે તેમનામાં બીજી કેટલીક કુટેવો હોય છે જ. દરેક જાતના મચ્છરની ઉડવાની, ખાવાની, જાત વધારવાની બધી રીતો જુદીજુદી હોય છે; પણ આપણે મેલેરિયા વધારનારા મચ્છરો વિષેની હકીકત તો ખસુસ જાણી લેવાની જરૂર છે.

મેલેરિયાના એનોફિલિસ મચ્છરો ખાસ કરીને પાણીનાં ખાબોચિયાંમાં, જળાશયો પાસેની ભેજવાળી જગ્યાઓમાં, ગીચ ભાજીપાલા નીચે, નાળાં ખાબોચિયાં અને મોરીમાં, ઉંચા ઘાસની વચ્ચે, ઝાડનાં કુંડાં આગળ કે વેલામાં રહે છે ને ઉછરે છે. ભીનાશવાળી ને સૂર્યનો પ્રકાશ ન પહોંચી શકે એવી કોઈ ઓથવાળી જગ્યા તેમને મળી કે બસ. તેમનો જન્મ, બચપણ અને કુમારાવસ્થા બધું પાણી ભરેલા સ્થળમાં જ વીતે છે અને પાણી પર તરતાં પાદડાં ઘાસ કે કચરા પર તેઓ ઉછરે છે.

નાનકડા મચ્છરને પાંખ આવી ને તે ઉડતો થયો કે તરત તેમાંની માદા મચ્છરીઓ તો ઈંડાં મુકતી થઇ જાય છે, ને તેમની વસ્તી કુદકે ને ભુસકે વધવા માંડે છે. અખતરાઓ કરીને સાબિત કર્યું છે કે જે મચ્છરોને માણસ કે જનાવરનું લોહી મળી શકે છે તેઓ જ ઇંડાં મુકી શકે છે; બાકીના નહિ ! એટલે ઇંડાં મુકવાની શક્તિ મેળવવા તેમને લોહીનો ખોરાક જોઇએ છે. બીજી જાણવા જેવી બાબત એ છે કે માત્ર માદાઓ—મચ્છરીઓ જ ડંખ મારી શકે છે; નરને કાણું પાડી લોહી ખેંચવાની ચાંચ જ હોતી નથી !

આ મેલેરિયા-દૂત પોતાનું ભોજન ઘણુંખરૂં સૂર્યાસ્ત પછી જ લે છે. પુરતા હવા-પ્રકાશ વાળા ઓરડામાં આવવાની તેની હિંમત ચાલતી નથી. દિવસે તે કોઇ અંધારે ખુણે લપાઇ રહે છે, ને અંધારૂં થતાં પોતાનો શિકાર શોધે છે. લોહીથી તૃપ્ત થઇ ત્રણચાર દિવસે તે પાછી ઇંડાં મુકવાના સ્થળની શોધમાં ફરે છે, અને ઘણુંખરૂં જ્યાં પોતે ઉછરી હોય ત્યાં જ ઇંડાં મુકે છે. ઇંડાં બહાર પાડ્યા બાદ વળી પાછી તેને લોહીની જરૂર પડે છે અને શોધમાં નીકળે છે. આમ તેનું જીવન લોહી ચૂસવામાં અને વંશ વિસ્તારવામાં જ વીતે છે.

આ ઉપરથી, મચ્છર મેલેરિયા કેવી રીતે ફેલાવે છે એ તો સ્પષ્ટ સમજાય એવું છે. મેલેરિયાવાળાં કોઇ એકાદ માણસને મચ્છર કરડે છે એટલે લોહી વાટે મેલેરિયાના જંતુ એ મચ્છરમાં પ્રવેશે છે, અને તેમાં ઘર કરી વધારો પામે છે. ત્રણચાર અઠવાડિયાંમાં તો મચ્છરના શરીરમાં એ જંતુઓ એટલા બધા વધી જાય છે કે છેક તેની ચાંચ સુધી આવે છે. એ ચાંચ આગળ એવો રસ હોય છે કે જે ચાંચ દ્વારા માણસના લોહીમાં જતાં લોહી સરળતાથી ખેંચી કાઢે છે. મેલેરિયાના જંતુઓ પણ એ રસ વાટે જ માણસમાં પ્રવેશે

છે; અને એકવાર જંતુઓને લોહીમાં પ્રવેશ મળ્યો, એટલે પછી તે ઝપાટાબંધ વૃદ્ધિ પામે છે ને અઠવાડિયામાં માણસ માંદો પડે છે. આમ એકને કરડેલો મચ્છર જેટલાને કરડે છે તે બધામાં મેલેરિયા ફેલાવે છે.

મેલેરિયાના મચ્છરોની એક ખાસિયત એ હોય છે કે તે એક જ સ્થાનમાં મુખ્યત્વે કરીને રહે છે; એટલે ઘરમાં કોઇ એક માણસને મેલેરિયા હોય તો ઘરનાં બધાં માણસો તેનો ભોગ થઇ પડે છે. આમ, મેલેરિયાવાળો માણસ બીજા કરતાં પોતાના જ ઘરનાં માણસોને વધુ જોખમકારક છે.

એટલે મેલેરિયાને અટકાવવો હોય તો બે ઉપાય લેવા જોઇએ: (૧) તંદુરસ્ત માણસોએ મચ્છરોથી બચવું અને (૨) મેલેરિયાવાળાએ કિવનાઇન લઇને મેલેરિયાના જંતુઓનો નાશ કરવો.

મચ્છરોથી બચવાના વિવિધ ઉપાયો છે; પણ સૌથી મુખ્ય તો એ છે કે મચ્છરને ઉત્પન્ન જ ન થવા દેવા; અને ઉત્પન્ન થયા હોય તો તેનો નાશ કરવો.

સૂર્યનો પ્રકાશ અને સુકી જગ્યા એ મચ્છરને માટે પ્રાણઘાતક છે. ભીનાશ દૂર કરો એટલે મચ્છર એની મેળે નાશ પામશે. સૂર્યનો પ્રકાશ પુરો ન આવી શકતો હોય એવા ઓરડાઓને ચોમેરથી બંધ કરી તેમાં ગંધક, લીમડાનાં પાન, સીસમના વેર અથવા ધતુરાના પાનનો ખુબ ધુમાડો કરવાથી મચ્છર નાશ પામશે. ધુમાડી માટે ઇન્સેકટ પાઉડર પણ આવે છે. ધુમાડો કરી ઓરડો બંધ કરી અરધો પોણો કલાક અંદર ધુમાડો રહેવા દેવો. આમ અઠવાડિયા સુધી રોજ ધુમાડો ચાલુ રાખવો. આંગણામાંનાં ખાડાખાબોચિયાં કોરી માટીથી પુરી દઇ જમીનને કોરી રાખવી.

મચ્છરો ઉછરવાની જગ્યાએ ગ્યાસતેલ, ફિનાઇલ, ક્રુડ ઑઇલ વગેરે નાખવું. ગ્યાસતેલ મચ્છરોને માટે જીવલેણ ગણાય છે. પાણીનાં ખાબોચિયામાં તથા જે ખાળકુંડીઓ લાંબે વખતે સાફ થતી હોય તેમાં ગ્યાસતેલ નાખવાથી, તે પાણી ઉપર તરે છે એટલા વખત મચ્છર ત્યાં રહી શકતા નથી; અને પાણી પરના મચ્છરો, ઉપર શ્વાસ લેવા આવી ન શકવાને લીધે નાશ પામે છે. દર અઠવાડિયે આમ ગ્યાસતેલ નખાતું રહે તો બસ છે.

ગ્યાસતેલનું ઇમલ્શન નીચે પ્રમાણે બનાવીને પણ વાપરી શકાય: પોણોશેર પાણીમાં નવટાંક સાબુના કટકા નાખી, પાણી ઉનું કરી અંદર સાબુ ઓગાળી નાખવો. પછી તેમાં સહેજ ઉનું કરેલું ચારશેર જેટલું ગ્યાસતેલ ધીમેધીમે રેડતા જઇ હલાવતા જવું. આથી પાણીમાં ગ્યાસતેલનું મિશ્રણ થશે. આ ઇમલ્શનનો એક ભાગ લઇ ૨૦ ભાગ પાણી સાથે મેળવી ચોમેર છંટકારવું તથા ઉડાડવું. એ ઉડાડવાની ખાસ પિચકારીઓ આવે છે, જેથી તેની ઝીણીઝીણી ઝણ ઉડીને હવામાં બધે ફેલાઇ જાય છે.

ઘરનો ખુણેખુણો રોજ સાફ રાખવો; કબાટ, ટેબલ ખુરશી કે પેટીપટારા હેઠળ બધે ગ્યાસતેલનું ઇમલ્શન છાંટવું કે ધુમાડો કરવો; ઘર આગળ ફુલઝાડ કે વેલ હોય તો તેમાં મચ્છર ભરાઇ ઉછરે નહિ તેની ચોંપ રાખવી; ફુલછોડનાં કુંડાં વગેરે હોય તે દૂર કરવાં.

કહેવાય છે કે તુલસીનો છોડ એ મચ્છરનો દુશ્મન છે. એની વાસથી મચ્છરો દૂર નાસે છે. હિંદુઓએ એ છોડને અમસ્થો પવિત્ર નહિ ગણ્યો હોય. ધર્મશ્રદ્ધાથી નહિ તો આરોગ્યને ખાતર પણ ઘરઆંગણે તુલસીનો છોડ રાખવો.

રાત્રે સુતા પછી મચ્છરને કરડતા અટકાવવા માટે, જેને પોસાઇ શકે તેણે મચ્છરદાની વસાવી લેવી એ જાણીતો ઉપાય તો છે જ. મચ્છરદાની ચારે તરફથી બરોબર બંધ કરીને, તથા અંદર કોઇ મચ્છર રહ્યા નથી તેની ખાતરી કરીને જ સુવું.

મચ્છરદાની વસાવી ન શકે તેવાઓએ ગ્યાસતેલ અથવા ટર્પેન્ટાઇન શરીરના ખુલ્લા રહેતા ભાગો ઉપર ચોળીને સુવું. તેની વાસથી મચ્છરો દૂર નાસે છે ટર્પેન્ટાઇનમાં બોળેલું કપડું પથારી પર ટાંગી રાખવું અથવા ઓશીકે ટર્પેન્ટાઇનવાળો રૂમાલ રાખવો.

સીટ્રોનેલાના તેલ (ઑઇલ સિટ્રોનેલા)માં સરખે ભાગે કપુરના અર્ક (સ્પિરિટ કૅમ્ફર) અને અરધે ભાગે સીડરનું તેલ (ઑઇલ સીડર) મેળવી તેનું મિશ્રણ ચોપડીને સુવાથી પણ મચ્છરો દૂર નાસે છે. પણ ટર્પેન્ટાઇન એ વધુ ઘરગથ્થુ ઇલાજ છે. વાસ તો બંનેની ખરાબ છે; પણ મચ્છરોથી બચવું હોય તો ચલાવી લેવું પડે.

પાશેર કપાશિયાના ઝીણો ભુકો કરી તેને અચ્છેર

પાણીમાં ખુબ ઉકાળવો. એ પાણીને ગળી લઈ શીશીમાં પૅક ભરી રાખવું. રાત્રે એ પાણી શરીરે ચોળી સુવાથી મચ્છર પાસે આવતા નથી એમ કહેવાય છે.

મચ્છરના કરડથી ઉપડેલા ફોલ્લા પર સાબુ સહેજ ભીનો કરી ચોપડવાથી ફોલ્લો બેસી જશે. લીંબુનો રસ, સ્પિરિટ ઍમૉનિયા, કોલનવૉટર કે ગ્લિસરિન લગાડવાથી પણ મચ્છરના કરડ ઉપર ફાયદો થાય છે.

મેલેરિયા લાગુ પડ્યા પછી તેને અટકાવવા, હઠાવવા અને નાબુદ કરવા માટે તો ક્વિનાઇનનું સેવન એ જ અકસીર ઇલાજ મનાયો છે. હમણાં હમણાં જર્મન બનાવટની પ્લૅસ્મોચિન નામની દવા પણ મેલેરિયાની મારક મનાઈ છે. એનામાં એક સગવડ એ છે કે ક્વિનાઇન પેઠે તે કડવી નથી તથા બહુ જ ઓછી-નાની ગોળીઓમાં—લઇ શકાય છે. પણ તે હુશિયાર દાક્તરને હાથે અપાવી જોઇએ.

પેધી ગએલા મેલેરિયાને જલદી અટકાવવા માટે ક્વિનાઇનનાં ઇન્જેક્શન પણ લઇ શકાય છે. તેની અસર તો તાત્કાલિક થાય છે.

મેલેરિયા અટક્યા પછી પણ ક્વિનાઇનનું સેવન લાગટ બે માસ સુધી ચાલુ રાખવું જોઇએ; તો જ શરીરમાંના મેલેરિયાના જંતુઓનો તદ્દન નાશ થઇ શકે. બીજી રીતે પણ ક્વિનાઈનનું સેવન તંદુરસ્તી બક્ષનારૂં છે. હમેશાં પાંચ ગ્રેન ક્વિનાઇન બેએક માસ સુધી સતત લીધા કરવાથી મેલેરિયા નાબૂદ થાય છે.

ગોળીઓ કરતાં ક્વિનાઇનની ભુકી લીંબુના રસમાં પીધાથી જ ફાયદો થાય છે. પી ન શકનારાએ ગોળીઓ વાપરવી હોય તો ઉંચી જાતની ગોળીઓ વાપરવી. હલકી ગોળીઓ બરાબર પચતી નથી અને એમે જાય છે. મેલેરિયાની ઋતુમાં તેના ચેપથી બચવા માટે હમેશ એકથી બે લીંબુનો રસ લીધા કરવાથી મેલેરિયાથી બચી શકાય છે.

આ સિવાય મેલેરિયામાં મીઠાનો ઉપયોગ પણ અસરકારક જણાયો છે. નીચે પ્રમાણે તેનો અખતરો પણ કરી જોવા જેવો છે:

ઘરમાં વાપરવાના મીઠાને શેકી નાખવું: તેનો રંગ ભુરો થઇ જાય ત્યાં સુધી શેકી ઉતારી લેવું. આ શેકેલા મીઠામાંથી અઢી રૂપિયાભાર મીઠું એક પ્યાલા ગરમ પાણીમાં, તાવ ન હોય તે દિવસે સવારના પહોરમાં તદ્દન નરણે કોઠે લેવું. મીઠાનું પાણી લીધા પહેલાં કાંઇ પણ ખાધેલું અગર પીધેલું ન હોય તે ખાસ સંભાળવું. આ પીધા પછી દરદીને તરશ લાગશે, પણ સહેજ ગરમ કરેલા પાણી સિવાય બીજું કશું જ પીવું કે ખાવું નહિ. આ પાણી પણ ધીમેધીમે ચમચો ચમચો કરીને લેવું. આ રીતે મીઠાનું પાણી લીધા પછી ૪૮ કલાક સુધી દરદીને કાંઇ જ અપાય નહિ અને તે દરમિયાન ઠંડીમાં ફરવું નહિ: ગરમ કપડાં પહેરી રાખવાં. (સંપાદિત)



સોરઠી બહારવટીઆ (ભાગ ૨જો): સંપાદક ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક સૌરાષ્ટ્ર લિમિટેડ રાણપુર; કીમત ૧ રૂપિયો; પાકું પુઠું ૧। રૂપિયો: સળંગ ક્રીટનું પુઠું ૧।। રૂપિયો.

વીરની વાતો (ભાગ ૩જો): લેખક-પ્રકાશક તારાચંદ્ર પોપટલાલ અડાલજા, કોઠી પાસે વડોદરા. પાકું પુઠું ૨-૮-૦

પહેલા પુસ્તકનાં બસ્સો પાનાંમાં ત્રણ જ કથાઓ છે તે પરથી સમજાશે કે શ્રી મેઘાણીએ ચોમેરથી ઝીણીઝીણી અનેક વિગતો મેળવીને કાઠિયાવાડના એ નામી બહારવટિયાઓ (૧: જોગીદાસ ખુમાણ; ૨: જોધો માણેક-મુળુ માણેક; ૩: જેસાજી વેજાજી) વિષે કેવી સંપૂર્ણ, સમૃદ્ધ અને સંગીન કથાઓ ગુંથી હશે. સામાન્ય જનતામાં રસદાયક વાંચન ઉપરાંત જુની સંસ્કૃતિનાં તત્ત્વોની પિછાન કરાવનાર તરીકે શ્રી મેઘાણી જેટલા જાણીતા ને માનીતા છે તેટલો જ આદર એમનાં આ પુસ્તકો સાહિત્યની દૃષ્ટિએ શિષ્ટ સમાજમાં પણ પામ્યાં છે. શ્રી અડાલજાએ પોણા પાંચસો પાનાંના પોતાના પુસ્તકમાં અઢાર વીરકથાઓ આપી છે અને તેને બે ત્રિરંગી તથા બીજાં સાદાં એવાં પચાસ ચિત્રો વડે શણગારી છે. લોકરૂચિને અનુકૂળ કથાઓ ગુંથવામાં શ્રી અડાલજાની કલમ આદર પામી છે.

કુમારજીવનમાં પ્રેરણા પુરતાં સાહિત્યતત્ત્વોમાં વીરકથાઓનું મહત્ત્વ ઘણું આગળપડતું છે. દેશાજ વીરોની કથાઓ ઘણી જ રોચક અને રોમાંચક બાનીમાં આપનારા ઉપલા બંને લેખકો તરફથી આપણને એ જ ઢબનાં બીજાં પુસ્તકો અગાઉ મળી ગયાં છે અને એ પુસ્તકોની એક કરતાં વધારે આવૃત્તિઓ આજ સુધીમાં બહાર પડી છે તે એની લોકપ્રિયતાનો પુરાવો છે.

કંકાવટી અને **ચુંદડી:** શ્રી ઝવેરચંદ મેઘાણીએ સંપાદિત કરેલાં એ બંને પુસ્તકોની બીજી આવૃત્તિઓ આટલી

ટુંક મુદતમાં બહાર પડી છે એ જ બતાવે છે કે એ પુસ્તકો કેટલાં લોકમાન્ય થયાં છે. વ્રતકથાઓ અને લગ્નગીતોના એ બંને સંગ્રહ પહેલી આવૃત્તિ વખતે વસાવવા જેને રહી ગયા હશે તે આ તક નહિ ભુલે. કંકાવટીને તો આ વખતે ચિત્રો મુકીને શણગારી છે. અનુક્રમે આઠ આના ને દસ આનાની કીમતે રાણપુર સૌરાષ્ટ્ર કાર્યાલયમાંથી મળશે. પાકા પુઠાની ચુંદડી ચૌદ આને મળે છે.

મૂલ્ય પરિવર્તન: મુંબાઇ સાહિત્ય સંસદના છઠ્ઠા વાર્ષિકોત્સવ પ્રસંગે પ્રમુખ તરીકે શ્રી કનૈયાલાલ મુનશીએ દર વર્ષની જેમ આપેલા આ વાર્ષિક વ્યાખ્યાનમાં એગણે, આઠ મહીના પહેલાં નિર્માલ્ય મનાતા ગુજરાતનો તાલુકો બારડોલી આજ ગુજરાતનું જીવંત મહાકાવ્ય કેમ બની ગયો, માનવતાના કયા કીમિયાએ આ મૂલ્ય પરિવર્તન કરી નાખ્યું તેનો—ગાંધીજીના સત્ય અને અહિંસાએ ગુજરાતમાં કરેલા વિપ્લવનો પ્રેરક વાણીમાં બહુ સબળ ચિતાર આપ્યો છે.

વીર વલ્લભભાઈ: લેખક શ્રી મહાદેવ દેસાઇ, પ્રકાશક પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ: પો. સાથે ૦-૨-૬. ગાંધીજીના અંતેવાસી હોવાને લીધે શ્રી મહાદેવભાઇ આધુનિક યુગના રાષ્ટ્રનેતાઓનાં નિકટ પરિચય અને નિરીક્ષણ મેળવવાને ભાગ્યશાળી થાય છે; અને પરિણામે એમના જેવા કલમકસને હાથે એ નેતાઓનાં રેખાચિત્રો મનોહર રંગપુરણી સાથે મળે છે એમાં જનતાનું પણ ઓછું ભાગ્ય નથી. એવાં રેખાચિત્રો આલેખવા માટે મહાદેવભાઇની કલમ પ્રજાની પ્રેમપાત્ર બની છે. બારડોલીની લડતમાં પ્રજાને વિજય અપાવનાર પોતાના વીર સરદારનું આ રેખાચિત્ર પ્રજાએ પોતાના ઘરમાં વસાવવું જોઇએ. પહેલી આવૃત્તિ તો ખપી પણ ગઇ; બીજી છપાય છે.

'પ્રતાપ'નો બારડોલી સત્યાગ્રહ વિજયાંક અમને બીજા પત્રોના એ પ્રસંગના ખાસ અંકો કરતાં ઘણી રીતે ચડિયાતો લાગ્યો છે. લોકોને બારડોલી અને તેના સત્યાગ્રહ વિષે જ્ઞાન અને અભ્યાસનીય માહિતી આપનારા અનેક આંકડા, માહીતીઓ અને માર્ગદર્શક લેખો તથા ચિત્રોથી ભરપુર છે. મળવાનું ઠેકાણું, પ્રતાપ પ્રેસ, ક્ષ્યુપીઠ સુરત.

ઇતિહાસદિગ્દર્શન: કર્તા-પ્રકાશક બલવંતરાય ક. ઠાકોર, મદનઝાંપે વડોદરા; ૦-૮-૦. ગયા અંકમાં અવલોકેલી શ્રી ઠાકોરની પ્રયોગમાલાના આ બીજા મણકામાં આમાં અમદાવાદની સાહિત્ય પરિષદ્ વેળાએ ઇતિહાસવિભાગના અધ્યક્ષસ્થાનેથી આપેલું વ્યાખ્યાન છે. અભ્યાસીઓએ એ સંઘરવા જેવું છે.

આરામગાહ: લેખક પૃથુ હ. શુકલ, સોલએજન્ટ એન. એમ. ત્રિપાઠી એન્ડ કં: મુંબઇ-૨; કી. ૧-૦-૦. ફુલવાદડીના સંગ્રહથી પ્રખ્યાત થએલા આ લેખકનો એ જ ઢબનાં લખાણોનો આ બીજો સંગ્રહ છે.

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય માળા નામની જેવી ટચુકડી પુસ્તિકાઓની બાલરોચક માળાનો ત્રીજો ને ચોથો સેટ, બાળકોને પ્રિય થવામાં આગલા બંને સેટની હરીફાઇ કરે એવા છે. ત્રીજા સેટમાં મારા ગોઠિયા, જરા હસો, ક્યાંથી આવ્યાં? મકનો ને રાક્ષસ, રૂપસિંહ-રાગસિંહ અને ટપાલની પેટી તથા ચોથા સેટમાં ગધેડું, ચીડિયાખાનું, મહાસભાઓ, કહેવતનું મુળ, ગપગોળા અને આફ્રિકા સાંભર્યું એ બારે ચોપડીઓ ગિજુભાઈની જ લખેલી છે.

આનંદકુંજ (ભાગ ૧): લેખક–પ્રકાશક રમણલાલ નાનાલાલ શાહ, બાલજીવન કાર્યાલય બાજવાડા વડોદરા; ૦-૮-૦. બાળકોનાં જ્ઞાન ને ગમ્મતને કાજે લખાએલા આ સંગ્રહમાં ૧૦ વાર્તાઓ અને ૧૪ ચિત્રો છે. એ જોતાં કીમત ઠીક છે.

સુદામો (ત્રિઅંકી બાળ નાટક): લેખક–પ્રકાશક જેઠાલાલ છ. ચોધરી અને હિ. જ. પંચોળી, ગોપીપુરા સુરત; ૦-૬-૦. કવિ પ્રેમાનંદના સુદામા ચરિત્ર ઉપરથી ઉપજાવેલું આ બાળ નાટક વાંચતાં રસ અને રમુજ આપે એવું છે.

જાંબુડાં અને **બાની રામકથા** ભાગ ૧: રચી પ્રસિદ્ધ કરનાર શાન્તિલાલ સારાભાઈ ઓઝા, ઘંટિયાવાડા વડોદરા; ૦-૩-૬. પાકું પુઠું ૦-૮-૦. બાળસાહિત્ય સર્જવાના જે વિવિધ પ્રયત્નો અત્યારે ચોમેરથી થઇ રહ્યા છે તેમાંના આ પ્રયત્નને પણ અમે આવકાર આપીએ છીએ.

કલ્પતરૂ કક્કાવલિ અથવા રમણિક બાલગીતા: પ્રયોજક વેલજી ધનજી; પ્રકાશક ઝવેરભાઈ ભાઈચંદ, રાધનપુરી બજાર ભાવનગર ત્યાંથી બે પૈસાનું પોસ્ટેજ મોકલવાથી વિનામૂલ્યે મંગાવી લેવી. બાળકોને આનંદ સાથે જ્ઞાન આપવાના ઉદ્દેશથી યોજાએલું છે.

ગીતાભ્યાસ-જ્ઞાનયોગ: ભગવદ્ગીતાના જ્ઞાનયોગમાં જણાવેલા તત્ત્વજ્ઞાનનો આપણા રોજના જીવનમાં વ્યવહારૂ ઉપયોગ કેમ થઇ શકે તે બતાવનારો આ લઘુ ગ્રંથ શ્રી ચુનીલાલ શામજી ત્રિવેદીએ રચી પ્રસિદ્ધ કર્યો છે. ખંભાતથી લેખક પાસેથી એક રૂપિયાની કીંમતે મળી શકશે.

અમીબિન્દુ (ભાગ ૧લો): જુદાજુદા ધર્મના પ્રાચીન અર્વાચીન કવિઓના પદ્યોમાંથી ચુંટેલો સુબોધક સંગ્રહ: કરનાર તથા પ્રકાશક વેલજી દેવરાજ શાહ; ૯૭, ગુલાલવાડી મુંબાઇ-૪: ૦-૬-૬.

બારમાસી આણંદના દા. ન. વિનયમંદિરના વિદ્યાર્થીઓના એ હસ્તલિખિતનો પાંચમા વર્ષનો પહેલો છાપેલો અંક.

પ્યારા નબી (સલ૦): મહંમદ પયગંબરસાહેબનું ટુંક જીવન ચરિત્ર: પ્રો. સૈયિદ નવ્વાબઅલીના ઉર્દુ ઉપરથી અનુવાદક આઝમ મહંમદ ઇસ્માઇલ રાંદેર: ૦-૫-૦

વાઘોડિયા તાલુકા સમાજસેવામંડળની તાલુકા રેલસંકટ નિવારણ સમિતિનું નિવેદન.

સુરતના જૈન વિદ્યાર્થી આશ્રમનો નવમો વાર્ષિક રીપોર્ટ.

શ્રી પુના ગુજરાતી બંધુસમાજનો પંદરમા વર્ષનો રીપોર્ટ.

આતંકનિગ્રહ ફાર્મસી (જામનગર)નું ફોટો આલ્બમ.



સૂર્યપુત્ર

દેવપ્રસાદ શેઠ ગામના નગરશેઠ હતા. તેમની આબરૂ અને સમૃદ્ધિ દિન પર દિન વધતી જતી હતી. ઘરમાં શેઠાણી સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર હતાં. પણ શેઠ અને શેઠાણી આધેડ ઉમરનાં થયાં છતાં ઘરમાં ઘોડિયું બંધાયું નહોતું; એટલે બાળક વિના એ બધું યે સુખ ધુળ જેવું લાગતું અને ઘર સ્મશાન જેવું ખાવા ધાતું.

શેઠે ઘણાં ધર્મદાન કર્યાં, શેઠાણીએ ઘણાં વ્રત-નિયમ કર્યાં, પણ કંઈ ફળ્યું નહિ. છેવટે એક મોટા જોશી પાસે જોશ જોવડાવ્યા તો તેણે કહ્યું કે તમારા નસીબમાં સંતાનનું સુખ લખ્યું જ નથી, એટલે કોઇ પણ યત્ન નકામો છે. આ સાંભળી શેઠ ઘણા જ ઉદાસ થઇ ગયા, અને નિરાશ થઈ જીવનનો અંત લાવવાનો નિશ્ચય કરી એક દિવસ શેઠાણીને બધી કુંચીઓ સોંપી વેપારને બહાને ઘરમાંથી ચાલી નીકળ્યા.

ચાલતાં ચાલતાં એક અઘોર વનમાં પહોંચ્યા. ત્યાં એક પુરાતન શિવાલય જોયું. શેઠને વિચાર થયો કે અમસ્થા પ્રાણ કાઢવા કરતાં અહીં તપ કરીને જ દેહ પાડું તો જીવનું કલ્યાણ થશે. એટલે એમણે તો શિવાલયમાંથી બધો કચરો કાઢી નાખી આસપાસની જગ્યા સાફ કરી નજીકમાં ઝુંપડી બાંધી વાસો કર્યો અને માત્ર ફળપાન આરોગીને મહાદેવની રોજ પૂજા કરવા માંડી. આથી મહાદેવજી અંતરમાં શેઠ ઉપર પ્રસન્ન થયા. પણ ધ્યાનથી જોયું તો શેઠને પુત્રસુખ જોઇએ છે, અને તેના નસીબમાં પુત્ર લખાયો નથી એટલે મુંગા રહ્યા.

આ બાજુ શેઠ તો એક ધ્યાનથી તપ કર્યે જ જાય છે. એવામાં એક દિવસ એવું બન્યું કે શેઠ વનમાં ફળફુલ વીણવા ગયા હતા તે પાછા આવીને જુએ તો શિવના બાણ ઉપર કોઇ માછલાંનો ઢગલો કરી ગયું હતું. એ જોઇ શેઠને અપાર ક્લેશ થયો અને બધું સાફસુફ કરી, અનેક વાર જળથી બધી જગ્યા શુદ્ધ કરી ફરી પુષ્પો વગેરે ચડાવી પૂજા કરી. કોઇ દુષ્ટ ચાંડાળનું આ કામ છે એમ વિચારી શેઠે બીજે દહાડે છુપાઇને નજર રાખી.

બીજે દિવસે મધ્યાહ્ન થયા ત્યાં તો પ્રચંડ શરીર-વાળો ભયંકર લાગતો એક પારધી ત્યાં આવ્યો અને મહાદેવ સામે બેસી બોલ્યો, 'એલા જોગટા! પુત્ર દે છે કે નહિ? નહિ તો આ બધું તારા ઉપર નાખું છું.' શિવાલયમાંથી કંઇ જવાબ ન મળ્યો, એટલે જાળમાંનાં બધાં માછલાં શિવલિંગ ઉપર ફેંકીને એ ચાલતો થયો. શેઠને તો 'અરરર! ઘોર પાતકી' એમ થઇ ગયું. બીચારાએ કચવાતા જીવે વળી પાછા આવી બધું સાફ કર્યું અને મહાદેવને વિનંતિ કરી કે 'હે દેવાધિદેવ, તમે આવું દુષ્કૃત્ય જોયા કરો છો અને આ દુષ્ટને કંઇ સજા કરતા નથી એટલે તે વધારે ફાટશે.' પણ શંકરે કંઈ જવાબ આપ્યો નહિ.

વળી ત્રીજે દિવસે એ જ પારધી દૂરથી આવતો દેખાયો, એટલે શેઠ પાછા છુપાઇ ગયા. પારધી તો પાસે આવીને પહેલાંની જેમ મહાદેવને ગાળો દઈ પુત્ર માગતો બેઠો અને છેવટે માછલાં ફેંકવાની ધમકી આપી. મહાદેવજી તો ત્રણ દિવસથી આ ભ્રષ્ટ રીત-ભાતથી અકળાઇ રહ્યા હતા, એટલે આજે પારધી

માછલાં નાખવા તૈયાર થયો કે તરત અંદરથી 'મા' એમ માકારો થયો. પારધી એ સાંભળી હસ્યો અને બોલ્યો, 'હં, હવે ઠેકાણે આવ્યો. લે બોલ, પુત્રો આપે છે કે નહિ? આ માછલાં નાખું એટલી જ વાર છે.' અંદરથી વાણી આવી કે 'જા તને સો પુત્રો થશે.' પારધી એ સાંભળી પ્રસન્ન થતો જાળ અને તીર કામઠું લઇ ચાલતો થયો.



શેઠ છુપાઇને આ બધું જોતા હતા. તેને હૃદયમાં એકદમ દુ:ખ થઇ ગયું. 'ફટ રે! જીવ! આ ચાંડાળનો હક પણ તારાથી વધી ગયો છે, તો હવે તારે જીવીને શું કરવું છે? શંકર જેવા દેવને પણ તારી દયા નથી! મને એક જ પુત્ર જોઇએ છે તે માટે આટઆટલા માસથી તપ કરી રહ્યો છું તેની સામે યે જોતા નથી, અને આ દુષ્ટ આવી ભયંકર ભ્રષ્ટતા કરતાં છતાં તરત સો પુત્રોનું વરદાન પામ્યો. હવે તો શંકર ઉપર જીવ જ આપું.'

આવો નિશ્ચય કરી, સ્નાન કરી આવી, શંકરની પૂજા કરી, ગળામાં દોરડું નાખી ફાંસો કર્યો અને જ્યાં ખેંચવા જાય છે ત્યાં શંકરથી આ નિર્દોષ જીવની હત્યા નહિ ખમાયાથી માકારો થઇ ગયો. શેઠે જાણ્યું કે આ ઉપરથી જ શંકરનું સત્ત્વ કંપ્યું છે, એટલે બોલ્યા, 'મહારાજ મારા માટે હવે બીજો કોઇ માર્ગ નથી. જીવતો રહેવા દેવો હોય તો પુત્ર આપો.' અંદરથી વાણી થઈ કે તારા નસીબમાં પુત્રસુખ લખાયું નથી એટલે હું લાચાર છું. બીજું કંઇક માગી લે.'

શેઠ કહે, 'હે ભોળા દેવ, તમે આ ચાંડાળને ત્રણ દિવસ ભ્રષ્ટતા કરવાના ફળ રૂપે સો પુત્રોનું વરદાન આપ્યું અને મને એક પુત્ર માટે આટલી લાચારી બતાવો છો?' વાણી થઈ કે 'એ ચાંડાળને કેવું વરદાન મળ્યું છે તે જોવું હોય તો પાસેના બિલિવૃક્ષ ઉપર ચડીને જો.'

શેઠ ઝાડ ઉપર ચડીને જુએ છે તો ચાંડાળનું ઘર દેખાયું અને ચારે તરફ સો પુત્રપુત્રીનો વિસ્તાર ખદબદી રહેલો જણાયો.' એટલું બહોળું કુટુંબ જોઇ શેઠને અદેખાઇ આવી. નીચે આવી શંકરને કહ્યું, 'મહારાજ, એને તો પાર વિનાનું સુખ મળી ગયું છે.' વાણી થઇ કે 'શેઠ, ધીરા થા. બહાર જમીન ઉપર છાણનો પોદળો પડયો છે તેમાં જો.' શેઠ જઇને જુએ છે તો અંદર હજારો કીડા ખદબદી રહ્યા છે, અને જોતજોતાંમાં તેમાંથી સેંકડો મરી જતા દેખાયા. મહાદેવ પાસે આવી શેઠે એ વાત જણાવી ત્યારે જવાબ મળ્યો કે 'ચાંડાળને ઘેર એ જીવડાઓએ જન્મ લીધો છે, અને તેં જે દેખાવ જોયો તે ભવિષ્ય છે. એ ચાંડાળનું કુટુંબ છાણના જીવડાઓની પેઠે જીવશે અને મરશે; તે સો હોય કે હજાર તેની શી કિમત? બોલ, તારે એવું સુખ જોઇએ છે?'

શેઠ કહે, 'ક્ષમા કરો મહારાજ! હું તમારે શરણે આવ્યો છું. મારા પર દયા કરી એક જ બત્રીશલક્ષણો પુત્ર આપી મારો ઉદ્ધાર કરો. મારાથી પુત્રની લાલસા મુકાતી નથી. મારી સ્ત્રીનો અવતાર આ જ

કારણે દુ:ખી છે.' મહાદેવ કહે, શેઠ, ત્રણ દિવસ ધીરજ ધર. હું બ્રહ્માંડમાં તારા માટે પુત્રની શોધ કરી આવું. તારા પોતાના નસીબમાં તો પુત્ર નથી જ; પણ કોઈ દેવ કૃપા કરી ધારશે તો મળશે.' શેઠે શાંતિ ધરી.

મહાદેવ બ્રહ્મા પાસે ગયા અને કહ્યું, 'બ્રહ્મદેવ તમે સૃષ્ટિ આખી ઘડી રહ્યા છો તો આ પુણ્યવાન શેઠને એક પુત્ર આપવા જેટલી તો ઉદારતા કરો.' બ્રહ્મા કહે, 'મારાથી એમ પુત્ર અપાય નહિ. વિધાતાના લેખ પ્રમાણે જ હું તો વર્તવાનો. એ શેઠને પુત્રસુખ લખ્યું જ નથી, પણ તમે સૂર્યદેવ પાસે જાઓ. તેમને સો પુત્ર છે, એટલે એકાદને પૃથ્વી ઉપર મોકલશે.'

મહાદેવજી તો ગયા સૂર્યદેવ પાસે, અને શેઠની વાત કરી. સૂર્યદેવને શેઠની દયા આવી, પણ કહ્યું કે 'તમે જ્યારે આટલી મહેનત લઇ રહ્યા છો ત્યારે એક પુણ્યવાન માનવીનું દુ:ખ ભાંગવા મારો પુત્ર તો આપીશ; પણ તે સૃષ્ટિના સંબંધમાં બંધાઈ ન જાય માટે તેનાં લગ્ન ન કરે એટલું એ શેઠને કહેજો.'

આ તરફ ત્રીજો દિવસ થયો. શેઠે અતિ આતુરતાથી પૂજા કરી અને મનમાં નક્કી કર્યું હતું કે આજે મહાદેવજી કંઇ ન કરે તો જરૂર દેહનો અંત લાવવો. પણ પૂજા પુરી થઇ કે તરત વાણી થઇ, 'હે શેઠ, તને સૂર્યનારાયણનો એક પુત્ર થશે અને તારૂં વાંઝિયાપણું ટળશે; પણ તારાથી તેનું લગ્ન નહિ કરાય. લગ્ન કરીશ કે તરત સૂર્યનારાયણ તેને બોલાવી લેશે.'

શેઠે પ્રણામ કરી કહ્યું, 'મહારાજ, બહુ કૃપા થઇ. હું હવે વધુ લોભ નહિ કરૂં.'

શેઠ તો ઘણે મહીને ઘેર આવ્યા એટલે ગામના આનંદનો પાર રહ્યો નહિ. શેઠના મોં ઉપર પ્રસન્નતા જોઇ શેઠાણી પણ હરખાયાં અને તે દિવસથી બંનેનું સુખ વધતું ચાલ્યું.

બરોબર નવ માસે શેઠાણીની કુખે ગર્ભ પાકીને સૂર્ય સમાન કાન્તિ વાળો પુત્ર જન્મ્યો. ચારેકોરના ગામગામાન્તરમાં આનંદઆનંદ થઇ રહ્યો. શેઠે એ પ્રસંગે મહા ઉત્સવ કર્યો, દાન દીધાં ને અનેક ગરીબોનાં દુ:ખ કાપ્યાં.

શેઠાણીનો તો અવતાર સફળ થઇ ગયો અને ખુબ હોંશથી પુત્રસ્નેહનો લ્હાવો લેવા લાગ્યાં. રાતદિવસ અપાર પ્રેમ ને લાડમાં પુત્ર દિનદિન વધવા લાગ્યો. તેની બુદ્ધિ ને તેજનો કંઈ પાર નહોતો. અતિ ચકોર બુદ્ધિ અને સુંદરતાથી લોકો તેના પર મોહ પામતા અને શેઠશેઠાણીને પરમ ભાગ્યવંતા માનતા.



(એમની સાઠમી જન્મજયંતિના પુણ્ય સ્મરણમાં)

મોહનદાસ ગાંધી

રોળા : સૉનેટ

રાષ્ટ્રજનકના આત્મ, અલખ જગ કેરા યોગી
મહાપ્રાણ, વિરાટ પુરુષ શો દેશપિતા તું;
ઉરઉર વિષઉતાર પીએ, અમૃત તપિયા તું!
નારાયણ દારિદ્ર, નમું નવજીવન ભોગી.

કોમળ દેવહુતાશ! બલિ સળગે તુજ આંસુ
માનવ-લોક-સ્વરાજ્ય તણાં કર્મે નિષ્કામી;
તારો વિશ્વવિકાસ સરલ, સત્પ્રેમ અનામી,
તું બહુઓમાં એક વજ્ર—કરુણાળુ 'બાપુ'.

નગદ સત્યના ધ્યેય ઉપર નિશ્ચલ મીટ બાંધી
તું ફરતો સ્થિતપ્રજ્ઞ–બૃહદ હિમનગ શો આડો;
— પ્રણવમંત્ર પ્રતાપ રોપી અંધારઅખાડો —
સો ટચના ગુજરાત સ્વરૂપે ગરવો ગાંધી.

તોપણ લિપ્ત અલિપ્ત ઉભય ધરણી ને દ્યો શો:
દીસે દૂર અદૂર સદા સ્વ પર ને સૌનો.

દેશળજી પરમાર

(સ્કેચ: કનુ દેસાઈ)

એમ કરતાં કરતાં પુત્ર સોળ વર્ષનો થયો અને તેનો દેહ યુવાની ધરવા લાગ્યો, ત્યારે શેઠાણીને તેનું લગ્ન કરવાની ઇચ્છા થઇ. ચારે તરફથી મોટાં ઘરની કન્યાઓનાં માગાં આવવા લાગ્યાં. પણ શેઠ તે વાતમાં જરા યે નમતું આપે નહિ. શેઠને ભાવિની ચિંતા થતી હતી, એટલે એ બાબતમાં તે ઉદાસ રહેતા.

પુત્ર વીસ વર્ષનો થતાં શેઠાણીની ધીરજ રહી નહિ અને શેઠને રોજરોજ કહી સંભળાવી એવી આકરી રઢ લીધી કે શેઠે કચવાતે મને પુત્રનાં લગ્ન કરવાની હા પાડી. એક મોટા ઘરની સુલક્ષણી સુંદર કન્યાનું માગું સ્વીકાર્યું અને અતિ ધામધુમથી પુત્રનાં લગ્ન કર્યાં. જાન ઘેર આવી તે દિવસ આખો શેઠ એકાં-તમાં ચિંતાતુર અને ધ્યાનમગ્ન રહી પ્રભુનું સ્મરણ કર્યા કરે, પણ ભાવિની વાત કોઇને કહી શકે નહિ.

બીજી તરફ પુત્ર અને વહુ ઘરમાં પધરાવ્યાં અને વહુને મળવાને ખાસ શણગારેલી મેડી ઉપર પુત્ર ચડવા જાય છે, ત્યાં પહેલે જ પગથીએ પગ મુકતાં, એક કાળો નાગ તેને અંગુઠે ડંખ્યો.

પુત્ર ઢળી પડ્યો અને પળમાં સર્વત્ર હાહાકાર ને રોકકળ થઈ પડ્યાં. આખા ગામમાં અરેરાટ થઇ ગયો. શેઠ ભાવિ જાણતા હતા એટલે કપાળે હાથ મુકી દુઃખ પામતા બેસી રહ્યા. શેઠાણીએ દુઃખથી આક્રંદ કરતાં અનેક પછાડા માર્યા. પણ કોઇનો ઇલાજ ચાલે ?

વિધવા થએલી વહુની રીતભાત જુદી જ હતી. તે આ બનાવ બનતાં ન રૂએ ન હસે; તદ્દન પુતળા જેવી એક ઠેકાણે ગુમસુમ બેસી રહી. લોકો કહેવા લાગ્યા, 'વહુ તમારૂં કરમ ફુટી ગયું. આ પાનેતર અને ચુડી ઉતારી નાખો; પાન ખાધેલું મોં ધોઇ નાખો.' પણ વહુ તો જાજરમાન થઇને બોલી ઉઠી, 'સૌ વિચારીને બોલજો. મારૂં એવાતણ અખંડ છે; મારૂં મીંઢળ નહિ છુટે, અને શણગાર નહિ ઉતરે. જાઓ તમે તમારે રસ્તે!' શેઠાણીએ બધાંને કહ્યું કે 'વહુ હજુ બાળક છે, એટલે પોતાનું દુઃખ પુરૂં સમજે નહિ. કોઇ એને દુભવશો નહિ. મોટાં થશે ત્યારે પોતાની મેળે એનો ધર્મ સમજશે.'

શેઠશેઠાણી રાતદિવસ પુત્રને સંભારી આંસું પાડી પાડી આંધળાં થયાં અને મોત માગવા લાગ્યાં. વહુ તેમની દરેક પ્રકારે સેવાચાકરી કરી તેમને સુખી કરવા મહેનત કરે; પણ કોઇ રીતે તેમના મનને સમાધાન મળે નહિ. એક દિવસ વહુએ સસરાને કહ્યું કે 'આ તમારૂં દ્રવ્ય હવે શા કામનું છે? કોઇ ધર્મના કામમાં વાપરો. બીજું સાથે શું આવશે?' શેઠે તો એ સાંભળી વહુને કુંચીઓ સોંપી દીધી અને કહ્યું, 'બાપુ તું જ હવે અમારો દીકરો કે દીકરી છે. તારે જેમ કરવું હોય એમ કર.'

વહુએ તો ગામ બહાર એક મંદિર ચણાવ્યું અને ત્યાં બેસીને, જે કોઇ સાધુ સંન્યાસી પ્રવાસી આવે તેને સદાવ્રત આપવા માંડ્યું. જે કોઈ સદાવ્રત લેવા આવે તેને આપતાં પહેલાં તેની પાસે એક દીઠી કે અણદીઠી વાત કહેવડાવે, એટલે દુનિયાનાં સુખદુઃખની કથા સાંભળતાં વખત વીતે.

એવામાં એક દહાડો એક બ્રાહ્મણ જાત્રાઓ કરતોકરતો એ જ ગામની પાસેના મોટા જંગલમાં આવી ચડ્યો. રાત પડી ગઇ અને ગામ આઘું રહ્યું, એટલે રાતવાસો રહેવાને એક મોટા વડ ઉપર ચડીને બેઠો.

મધરાતનો પહોર થયો. રાત ઘનઘોર જામી હતી. એવામાં એણે આકાશમાં ઘરઘરાટ કરતો અવાજ સાંભળ્યો. ઉંચે જુએ છે તો વાદળાંના ગોટેગોટા જાણે પૃથ્વી ઉપર ઉતરી આવતા હોય એમ લાગ્યું. થોડી વારમાં તો સફેદ ઘોડા ઉપર બેઠેલા દેવતાઇ કાંતિવાળા કેટલા યે કુમારો નીચે ઉતરી આવ્યા અને બ્રાહ્મણ બેઠો હતો એ જ વડ નીચે ભેગા થયા. બ્રાહ્મણ તો આ કૌતક જોતો ભય અને વિસ્મયથી લપાઇને ઝાડની ડાળને ચોંટી જ રહ્યો.

સૌથી આગળ આવતા કુમારે વડ નીચેના એક પત્થરને હાથ અડાડ્યો કે તરત એક ગુફાનું મોં ખુલ્લું થયું. તેમાં એક પછી એક દરેક જણ પોતાના ઘોડાને દોરી ગયો. સૌની પાછળ ધીરે ડગલે એક નાનો કુમાર ઉદાસ મોંએ ઉતર્યો.

બ્રાહ્મણને વિચાર થયો કે જીવ્યા કરતાં જોયું ભલું; માટે અંદર શું થાય છે તે જોવું તો ખરૂં. એટલે તે પણ થોડી વારે અંદર ઉતર્યો અને લપાતો લપાતો એક ખુણામાં છૂપાઇને બધું જોવા લાગ્યો.

અંદર વિશાળ ચોક વાળો એક મોટો મહેલ હતો. ચોકમાં પાણીનો સુંદર હોજ હતો; ઓસરીઓમાં

ભાતભાતનાં મેવામીઠાઈના થાળ પડેલા હતા. દરેક સવારે પોતપોતાનો ઘોડો બાંધી દીધો અને નાહીધોઇ થોડુંથોડું ખાઇ આરામ લેવા ઓસરી પર પાથરેલા પલંગો પર પોઢી ગયા. પણ પેલો પાછળ રહેલો નાનો કુમાર સૌના સુઇ ગયા પછી ઉઠ્યો. એકબાજુ જઇ એક ફુટેલી થાળીમાં ટાઢો રોટલો લઇ તે બેઠો. પછી ઘીનો દીવો કરી, ધીરે હાથે ત્રણ તાળી પાડી દીવાને કહ્યું, 'હે કુળદીપ! મૃત્યુલોકનાં માબાપ અને મૃત્યુલોકનું માનવી શું કરે છે?'

દીવાને વાચા થઇ: 'હે સૂર્યકુમાર! મૃત્યુલોકનાં માબાપ રોઇરોઇને અંધાપો પામ્યાં છે. મૃત્યુલોકના માનવીએ હજુ મીંઢળ છોડ્યું નથી, પાનેતર ઉતાર્યું નથી, ચોરીનું પાન થુંક્યું નથી. ગામ બહાર મંદિર બાંધીને સદાવ્રત આપે છે અને જે કોઇ પરદેશી આવે છે તેની પાસે દીઠી અણદીઠી વાત કહેવડાવે છે.' એટલું કહી દીવો ઓલવાઇ ગયો. કુમારે ઉંડો નિસાસો મુક્યો ને રોટલાનું બટકું ખાઈ પાણી પી સુઇ ગયો.

બ્રાહ્મણ કંઇ સમજ્યો નહિ; પણ પાછો બહાર આવી વડ પર ચડી ગયો. સવાર પડવા આવી ત્યાં તો ઝપોઝપ બધા ઘોડેસવારો બહાર નીકળ્યા. સૌની પાછળ ધીરે પગલે નાનો કુમાર પણ ચાલ્યો, ને વાદળાં ચડે એમ સૌ આકાશમાં ચાલ્યા ગયા. ગુફા બંધ થઇ ગઇ.

દિવસ ઉઘડતાં બ્રાહ્મણે પણ આગળ ચાલવા માંડ્યું; પણ આ અજબ સ્થળની નિશાની રાખવા પોતાની પાઘડી ફાડીને તેનાં ચીંથરાં રસ્તે નાખતો નાખતો ચાલ્યો.

ચાલતો ચાલતો એ પહોંચ્યો શેઠના ગામમાં. ત્યાં તેને ખબર પડી કે જે પ્રવાસી આવે તેને અહીં સદાવ્રત અપાય છે. બ્રાહ્મણ પણ તે લેવા ગયો. ત્યાં ઘણા યાત્રાળુ ભેગા થયા હતા. છેવટે બ્રાહ્મણનો વારો આવ્યો. બાઇએ સદાવ્રત આપતાં પહેલાં કહ્યું, 'ભાઇ, દીઠી કે અણદીઠી એક વાત કહો ને સદાવ્રત લઇ જાઓ.' બ્રાહ્મણ કહે, 'બહેન, દીઠી કહું કે અણદીઠી?'

બાઇ કહે, 'ભાઇ, દીઠી જ કહોને.'

બ્રાહ્મણે તો ગઇ રાતે તાજી જોએલી વાત આખી યે માંડીને કહી સંભળાવી. વાત સાંભળીને બાઈ મનમાં તેનો મર્મ પામી ગઇ અને કહ્યું, 'ભાઇ, મને એ ઠેકાણું બતાવશો?'

બ્રાહ્મણ કહે, 'હા, હાલ જ લઇ જાઉં. હું મારી પાઘડીનાં ચીંથરાં આખે રસ્તે વેરતો આવ્યો છું એટલે તરત જડશે.'

બાઇએ કહ્યું, 'ત્યારે એમ કરો. મારાં સાસુ–સસરા આગળ આવીને કહો કે હું તમારા આ વહુનો ભાઇ છું અને થોડા દહાડા વિસામા માટે તેડવા આવ્યો છું, માટે મોકલો.' બ્રાહ્મણ કહે, 'બહુ સારૂં; ચાલો.'

બંને જણ શેઠ શેઠાણી પાસે ગયાં. શેઠે બ્રાહ્મણને આવકાર આપ્યો, જમાડ્યો અને ખબર અંતર પુછ્યા. બ્રાહ્મણે શેઠ પાસે બહેનને લઇ જવાની રજા માગી. એ સાંભળી શેઠ શેઠાણી બોલ્યાં, 'ભાઇ, અમારા આંધળાની આંખ એ વહુ છે. અમારાથી મોકલવાની ના તો ન કહેવાય. ભલે બીચારી એ બહાને દુઃખ વિસરશે. પણ જલદી પાછી મુકી જજો.' બ્રાહ્મણ કહે, 'કાંઇ ચિંતા કરશો નહિ.'

આમ, શેઠની રજા લઇ બંને જણ પાઘડીનાં ચીંથરાં જોતાજોતા પેલા વડ પાસે પહોંચી ગયા અને મધ્યરાતની વાટ જોતા ઉપરની ડાળે છુપાઇ રહ્યાં.

બરોબર મધરાત થઇ કે આકાશમાંથી વાદળાંના ગોટા ઉતરી આવ્યા અને તેમાંથી ઘોડેસવારો નીકળી આવી વડ નીચે ઉતરી ગુફામાં દાખલ થયા. સૌથી પાછળ પેલો નાનો કુમાર પણ હતો. બાઇએ તેને તરત ઓળખી કાઢ્યો અને પાછળપાછળ ચાલી. રોજની માફક સૌ કુમારો ખાઇપી સુઇ ગયા એટલે પહેલાંની પેઠે નાના કુમારે ઉઠી ઘીનો દીવો કર્યો અને પુછ્યું, 'કાં કુળદીપ, મૃત્યુલોકનું માનવી શું કરે છે?' દીવામાંથી વાચા થઇ, 'મૃત્યુલોકનું માનવી તારી પાછળ જ ઉભું છે!'

કુમાર પાછું વાળી જુએ તો બાઇ જાતે ઉભેલી! તેણે એને ઓળખી અને બોલ્યો, 'અરે! તું અહીં ક્યાંથી? જતી રહે, જતી રહે; નહિ તો મારા પિતા સૂર્યદેવ તને ને મને બંનેને શાપ આપશે.'

બાઇ કહે, 'હવે તો હું કરોડ ઉપાયે પણ પાછી જવાની નથી. તમે જ્યાં જશો ત્યાં હું તમારી પાછળ જ આવીશ.'

સૂર્યપુત્રે તેને ઘણું સમજાવી, પણ બાઇ એકની બે ન થઇ. એટલે પોતાની પાછળ ઘોડા ઉપર બેસીને આવવા કહ્યું. [અનુસંધાન માધુકરીને છેડે]



માધુકરી

અહો! આપી આપી પળવિપળ આપી અવનવું,
વિના માગ્યું હોંશે હઈ જગતને રિક્ત બનવું:
સુકર્મો સંભારી પછી હૃદયમાં રંજિત થવું,
નહિ નિભાંગીની નિયતિ મહીં એવું નિરખવું.

વસી ખુણે ખાતા મનુજ નજરે પુષ્કળ પડે,
અને વેંચી ખાતા પણ બહુ વિવેકી જન જડે:
પરંતુ કૈં માગ્યા વગર નિજ સંચ્યું જગતને,
સમર્પી સંતોષે વસવું વિરલાથી પ્રિય બને. (શરદનો મેઘ) —**બોટાદકર**

આયર્લૅંડે સજીવન કરેલો પ્રાચીન ઉત્સવ

સ્વતંત્ર થતી કે થવા મથતી પ્રજા હંમેશાં પોતાનું આત્મ-ગૌરવ અને સ્વદેશાભિમાન કેળવવા પોતાના ભુલાઈ ગએલા જુના જ્વલંત ઉત્સવો અને પ્રણાલિકાઓનો પુનરુદ્ધાર કરે છે. અંગ્રેજોના પંજા તળે દબાએલા આયર્લૅન્ડે પણ વીસમી સદીમાં પ્રવેશ કરતાંની સાથે જાગ્રત થઈ પ્રજામાં દરેક દિશામાં જે ક્રાન્તિ કરી નાખી તેમાં તેણે પોતાની જુની ગૌરવશીલ રમતોનો પુનરુદ્ધાર પણ કર્યો. એઆનાક ટેઇલટીઅન એ એમની એક પ્રાચીન રમત અને મોટો ઉત્સવ છે. એઆનાક ટેઇલટીઅન એ કંઇ તમાસા કે નાટક જેવું નથી, તેમ તે કંઇ એકલી રમત પણ નથી. એ તો આયર્લૅન્ડના રાષ્ટ્રના પ્રાણ જગવતો ને તેની સંસ્કૃતિ પોષતો કળામય ઉત્સવ છે.

ટેઇલટી જુના આઇરિશ લોકોની દેવી હતી. તેનો પાલક પુત્ર લગેધ અર્જુન જેવો મહાબાહુ હતો. તેણે પોતાની માતાના માનમાં આ એઆનાક ટેઇલટીઅન ઉત્સવ પહેલી વાર ઉજવેલો. ત્યારથી ૨૨૦૦ વર્ષ સુધી એ ઉત્સવ એકધારો વર્ષોવર્ષ ઉજવાયા કરેલો. પરંતુ છેલ્લાં ૮૦૦ વર્ષની આઇરિશ પ્રજા પરની અંગ્રેજોની હકુમત દરમ્યાન એ ગુલામી દશામાં એ પ્રજાએ પોતાનો આ ઉત્સવ પણ ગુમાવ્યો હતો. હમણાં જ તેમણે અંગ્રેજ પ્રજાનો સખ્ત વિરોધ છતા સ્વરાજ્ય મેળવ્યું, અને સ્વરાજ્ય મળતાંની સાથે ટેઇલટીઅનના ઉત્સવ તેમણે સજીવન કર્યો. સ્વતંત્રતા અને વીરતાના યુગમાં જે પ્રેમ અને શૌર્ય પોતે કેળવ્યાં હતાં તેનું સ્મરણ આ ઉત્સવથી આયર્લૅન્ડને ફરી થઇ રહ્યું છે, અને તેના નવા પ્રાણમાં જુની સંસ્કૃતિનું તેજ ભરાઇ રહ્યું છે.

જ્યાં બોઇન નદી કાળા સમુદ્રને મળે છે એવા આયર્લૅન્ડના રમણીય પ્રદેશમાં આ ઐતિહાસિક અને આખી પ્રજાને પ્રેરણા આપનારો મહાન ઉત્સવ થતો. તે સ્થળે આ પ્રસંગે કસરતબાજ નવજવાનો નાના પ્રકારની કસરતો કરતા, પુરાણીઓ કથાઓ કહેતા, કલાકારો અવનવા કલાસંદેશ જનતાને આપતા. પોતાની સંસ્કૃતિના રક્ષકો અને પ્રજા-સ્થંભો આ જ ઉત્સવમાંથી આયર્લૅન્ડે ઉત્પન્ન કર્યા હતા અને અદ્ભુત શક્તિની ખીલવણી કરી હતી. આઇરિશ પ્રજાની વીરતા અને સમરના વિજયો જેમ આ ટેઈલટીઅનના મેદાનની પ્રેરણા પ્રસાદી હતી, તેમ શાંતિના સમયમાં તેનાં સંગીત, સાહિત્ય અને કળાના સર્જક પણ એ ટેઈલટીઅન ઉત્સવો જ હતા. આયર્લૅન્ડની તે સમયની એ સંસ્કૃતિએ જગતમાં નામના મેળવેલી છે.

પછી તો આયર્લૅન્ડની કળા, તેની રાજકીય સત્તા, તેની એકતા, પ્રજાના હૃદયમાંની પ્રજાત્વની ભાવના, એ બધું તોડી નાખવા પુષ્કળ પ્રયત્નો થયા; પરંતુ કોઈપણ પ્રજા, જે પ્રજાના નામને યોગ્ય છે તે પોતાનો તેજસ્વી ભૂતકાળ એમ કેમ ભુલે? એમ છતાં ૧૭મી, ૧૮મી અને ૧૯મી એ આયર્લૅન્ડની ત્રણ સદી પરાધીનતામાં ગઇ. પણ વીસમી સદીની શરૂઆતમાં તેણે પોતાનું માથું ઉંચું કર્યું અને દરેક દિશામાં પ્રગતિ કરી

ગેઇલીક મંડળે ગેઇલીક સંઘ સ્થાપ્યો, અને આયર્લૅન્ડની જુની સંસ્કૃતિ સજીવન કરવા માંડી. મતભેદો દૂર કરીને અને પક્ષાપક્ષીથી પર રહીને આ કામ તેમણે જોસભેર આરંભ્યું. ૧૯૨૪માં તો ડબ્લિનમાં એઆનાક ટેઇલટીઅન ઉત્સવો શરૂ પણ કર્યા.

આયર્લૅન્ડ પક્ષાપક્ષી અને મતમતાંતરો બાજુ પર મુકતાં આ રમતો દ્વારા જ શીખ્યું. ટેઇલટીઅન ઉત્સવથી આઇરિશ પ્રજાનું સાચું સંગઠન થયું, તેનામાં અસ્મિતા જાગી અને નવા ચૈતન્યનો પ્રવાહ રેડાયો. આયર્લૅન્ડના જેમ તેટલા દૂર

અંધારે ખુણે રહેનારાને પણ આ ઉત્સવથી ભાન થયું કે આપણો રાષ્ટ્ર એક છે અને સ્થળના અંતર છતાં આપણી પ્રજાકીય એકતા તુટી શકે તેવી નથી.

૮૦૦ વર્ષ પછી આ રમતો ૧૯૨૪માં શરૂ થઈ ત્યારે તેમાં ૬૫૦૦ ભાગ લેનારા હતા અને ૨૨૨૫ ઇનામો હતાં. સાહિત્યકારો, કલાકારો અને રમતો રમનારા, છેક અમેરિકા, ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ, કેનેડા, ઑસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, ન્યુઝીલેન્ડ, ન્યુફાઉન્ડલેન્ડ, ઇટાલી, જર્મની, અને સ્પેઈનમાં—જ્યાં જ્યાં, જગતને જે જે ખુણે આઇરિશ બચ્ચો રહેતો હતો ત્યાં ત્યાંથી આવ્યા હતા.

આપણા દેશે પણ સ્વાધીનતા મેળવવાનો નિશ્ચય કર્યો છે. સ્વરાજ્યની પ્રાપ્તિને માટે જે સાહસ અને સંસ્કૃતિની આપણને જરૂર પડશે તે મેળવવા સારૂ આઇરિશ પ્રજાની માફક આપણે પણ આપણા વિસરાઇ ગએલા અનેક ઉત્સવો સજીવન કરવા જોઇએ. દશેરા એ આપણો આવો જ એક સર્વમાન્ય ઉત્સવ થઇ શકે. મ્હૈસુર રાજ્યે નવરાત્રિ અને દશેરાના ઉત્સવને નવા જમાનાને યોગ્ય રૂપ આપ્યું છે. રમત-ગમતો અને કુસ્તીની સ્પર્ધાઓને તે વખતે યોજવામાં આવે છે. ઘોડદોડની શરતો અને સરઘસો પણ ગોઠવાય છે. આર્થિક, રાજકીય અને સાહિત્ય પરિષદો તે વખતે ભરાય છે. જ્ઞાનચર્ચા, સંગીતના જલસા, વિદ્વાનોનાં વ્યાખ્યાનો અને જુદાંજુદાં પ્રદર્શનો રાજ્ય તરફથી યોજવામાં આવે છે. આપણે પણ એ ઉત્સવને અંગે આવી કંઇક યોજનાઓ કરીએ તો દેશને જરૂર ઘણો ફાયદો થાય.

('વેલફેર' ઉપરથી) રવિપ્રસાદ હરિપ્રસાદ દેસાઈ

ઉધઇનો ઉપદ્રવ

આપણે ઉધઇ શબ્દનો ઉચ્ચાર કરીએ એટલે સામાન્ય રીતે ઘરમાં કે ખેતરમાં અહીંતહીં જણાતા રાફડામાં રહેતી ઉધઇનો ખ્યાલ આવે છે. પરંતુ ખરૂં જોતાં તેમ નથી. ઉધઇની ઘણી જુદીજુદી જાતો હોય છે, અને તેમની રહેણીકરણી પણ જુદીજુદી રીતની હોય છે. એવી ગણતરી કરવામાં આવી છે કે એકલા દક્ષિણ હિંદમાં જ ચાળીસ કે પચાસ જાતની ઉધઈ માલુમ પડી છે. ફક્ત કોઇંબતુરના સરકારી ફાર્મ ઉપરથી જ બાર જુદીજુદી જાતો મળી આવી હતી. આમાંની કેટલીક જાતો ઉગતાં વૃક્ષોને નુકસાન કરે છે; કેટલીક ઝાડ પર ચડે છે; કેટલીક ઈમારતી લાકડાંમાં છિદ્ર પાડે છે; બીજી કેટલીક એવી હોય છે કે જે ફક્ત સુકાઈ ગએલાં લાકડાં ને એવી જ વનસ્પતિ પર પોતાનું ગુજરાન ચલાવે છે ને આ બધાથી જુદા પ્રકારની એક ઉધઇ એવી થાય છે કે જે ઘાસ અને દુગ જેવી વનસ્પતિ ખાઇને જીવે છે. આ ઉપરથી જણાશે કે જ્યારે ઉધઇનો ઉપદ્રવ માલુમ પડે ત્યારે સૌથી મુખ્ય જરૂરની બાબત એ છે કે નુકસાન કરનારી ઉધઈ કઇ જાતની છે તેનો ચોક્કસ નિર્ણય કરવો કે જેથી ચોક્કસ ઈલાજ યોજી શકાય. દાખલા તરીકે ખેતરના વૃક્ષમાં ઉધઇનો ઉપદ્રવ માલુમ પડે, પરંતુ વૃક્ષને નુકસાન કરનારી એ જાત જો પોતાના રહેઠાણ માટે રાફડા બનાવતી ન હોય, તો ખેતરમાં જણાતા બીજી ઉધઇઓના રાફડા ખોદી નાખવાથી કાંઇ વળે નહિ.


ચોમાસાની શરૂઆતમાં કેટલીક નર તેમજ માદા ઉધઇને પાંખો આવે છે અને તે પાંખોવાળી ઉધઈ રાફડામાંથી ઉડતી માલુમ પડે છે. 'જીવો જીવસ્ય જીવનમ્' એ સૃષ્ટિના નિયમ પ્રમાણે પક્ષીઓ, દેડકાં, ગરોળી તથા વાંદા વગેરે કીટકોને આ પાંખ વાળી ઉધઇનો ભક્ષ કરવાનું ઘણું ગમે છે અને તેથી રાફડામાંથી નીકળેલાં પાંખવાળાં એ કીટકોમાંથી ઘણાં જ થોડાં આ દુશ્મનોના પંજામાંથી બચે છે. બચવા પામેલાં કીટકો નરમાદાનાં જોડકાં બનીને પોતાને રહેવા માટે એક સ્થાન પસંદ કરી ત્યાં દર બનાવી રાફડાની શરૂઆત કરે છે. આ વખત દરમિયાન તેમની પાંખો ખરી પડે છે અને દર તૈયાર થયે માદા નવા દરમાં ઇંડાં મુકવાની શરૂઆત કરે છે ત્યારથી તે રાણીપદને પામે છે. રાણીએ મુકેલાં ઇંડાંમાંથી સેવક તથા રક્ષક વર્ગ પેદા થાય છે અને એ પ્રમાણે ધીમે ધીમે રાફડાની વૃદ્ધિ થતી જાય છે. સાથેસાથે રાફડો કરનારી રાણીનું કદ પણ ક્રમે ક્રમે વધતું જાય છે, તે એટલે સુધી કે ઉધઇની કેટલીક જાતોમાં તો રાણી વધીવધીને જાડા માણસની આંગળી જેવડી બને છે. આવડું કદ થાય છે ત્યારે રાણી દરરોજનાં ૩૦,૦૦૦ લેખે વરસો સુધી ઇંડાં મુકયા કરે છે.

ઉધઇ વિષે આટલા સામાન્ય જ્ઞાન પછી તેને દૂર કરવાના ઉપાયો તરફ આપણે વળીએ: (૧) ઉધઇના રાફડામાં ત્રણ જાતનાં કીટકો હોય છે. સેવક, રક્ષક અને રાણી. રાણી ઇંડાં મુકે છે અને રાફડાની વસ્તી વધારે છે. રાણી ન હોય તો રાફડો વધે જ નહિ, માટે રાણીનો નાશ અવશ્ય કરવો જોઇએ. (૨) ઝાડની છાલ ઉપર ઉધઈ ન ચડે તેટલા માટે ગેરૂ, ડીકામારી, ખોળ ને ગુગળ વગેરેનું મિશ્રણ થડની આજુબાજુ બે ફુટ ઉંચે સુધી લગાડવું. (૩) ઝાડના મુળને ઉધઇથી થતું નુકસાન અટકાવવા માટે મીઠું અને દીવેલીનો ખોળ થડની આસપાસ પુરવો. (૪) ક્રુડ ઑઇલ ઈમલ્શન અથવા ફિનાઇલના આછા મિશ્રણવાળા પાણીનું સિંચન કરવાથી પણ છોડ કે ઝાડને ઉધઇ લાગતી નથી. (૫) ખેતરમાં ઉધઇ ન થાય તેટલા માટે ખુંપરા વગેરે સુકી વનસ્પતિ સેન્દ્રીય દ્રવ્યો—ને ખેતરમાં રહેવા દેવાં નહિ. કારણકે તે ઉધઇના ખોરાક છે. (૬) ઉંડી ખેડ કરીને વૃક્ષ વાવવાથી તથા ત્યાર બાદ પાછલી ખેડ વારંવાર કરવાથી ઉધઇનો ઉપદ્રવ ઓછો થાય છે. (૭) બાગાયત વૃક્ષો માટે પાણીની નીકમાં કે થાળામાં ક્રુડ ઑઇલ ઇમલ્શન અથવા દીવેલીનો ખોળ મુકવાથી પાણી સાથે દવાની વાસ ખેતરમાં પ્રસરે છે અને તેથી ઉધઈ નાસી જાય છે. (૮) હળદર તથા દીવેલીના પાકને ઉધઇનો ઉપદ્રવ થતો

વીસ સેકંડમાં આઠ જુદાજુદા ફોટોગ્રાફો પાડી આઠ મિનિટમાં હાથમાં મુકનાર

ફોટોમેટન

અથવા યાંત્રિક ફોટોગ્રાફર



આ નવાઇભરેલું યંત્ર અમેરિકા ને ઇંગ્લંડમાં હમણાં હમણાં લોકોની સાધારણ મોજ થઇ પડયું છે. એની કામ આપવાની ઝડપ ને સફાઇ ઘણી હેરત પમાડે એવી છે. બેસનારને કોઈ જાતની તકલિફ પડતી નથી. સ્થિર રહેવું પડતું નથી, એટલે બચ્ચાં માટે તો બહુ જ મજાનું. ફોટો પડાવનારે ફક્ત યંત્રના કાણામાં એક શિલિંગ સેરવવો ને અંદર વીસ સેકંડ બેસવું. માત્ર આઠ મિનિટ થોભે ત્યાં તો એની આઠ જુદી જુદી છબીઓ લઇને ચાલતો થાય! આ સામે બતાવેલા એ અદ્દભુત યંત્રની સમજ જાણવા જેવી છે. (નં. ૧) તમારો સિક્કો અંદર પડતાવેંત વિજળીનો પ્રવાહ સંધાય છે, એટલે નીચેથી પારો ભરેલી નળી હાલે છે અને તરત યંત્રના બધા ભાગો સચેત બને છે. (નં. ૨) એક ચાલુ વિજળિક મોટરથી યંત્રની બીજી બધી ક્રિયાઓ ગતિમાન જ રાખેલી હોય છે. પારાની નળીના ધક્કાથી વિજળીનો પ્રવાહ ચાલ્યો તે એક વિજળિક હાથાને હડસેલે છે એટલે યંત્રનાં ચક્રો ફરવા માંડે છે. (નં. ૪) એક મોટા ડાબડામાંથી ફોટોગ્રાફિક કાગળની પટ્ટી ખેંચાવા માંડે છે તે સાથે જ એક ચકરડા (નં. ૫) ઉપર તે લંબાતી જાય છે. એ ચકરડુ વીસ સેકંડમાં પોતાનો એક આંટો પુરો કરી અટકી જાય છે. (નં. ૬) તે જ વખતે સાથેસાથે બીજુ ચક્કર આઠ વાર લેન્સનુ મોં ઉઘાડવાસ કરી લે છે. આ દરમિયાન બીજાં ચક્રો ઉપરની જોરદાર રોશની પ્રગટાવી મુકે છે એટલે ફોટો પડી જાય છે. વીસ સેકંડે રોશની બંધ થઈ જાય છે અને (નં. ૭) આગળ ફોટો પટ્ટી ઉપર એક છરીનો કાપ પડતાં તે (નં. ૮) આગળથી દવાઓના કુંડમાં ડુબકી મારે છે. રોશની બંધ થાય એટલે ધગાક બહાર આવી (નં. ૧૪) યંત્રની આરસીની પાછળ શબ્દ જુએ છે, અને અંદરની બેઠક સામે સિક્કો નાખવાની જગ્યા ઉપર નવા ધગાકનું વંચાય છે કે 'ચાલો તમારો વારો આવ્યો.' દરમિયાન (નં. ૯-૧૦-૧૧-૧૨-૧૩) આઠ મિનિટમાં પેલી પટ્ટી દવામાં ચીતરાઇ ધોવાઇ પાકી થઈ સુકાઇને દરવાજે જવા નીકળી ચુકી હોય છે. તેમાં બધો મળી સાડાસાત મિનિટ જેટલો વખત લાગે છે. એની પાછળ બીજી પટ્ટીઓ ચાલુ હોય છે. આ ફોટોગ્રાફીમાં ચાલુ રીત મુજબ નેગેટિવ થઇ બીજી ઓ પાડવાની ક્રિયા નથી બનતી, પણ સીધેસીધા દવાવાળા કાગળ પર જ છબી પડીને દવાઓથી સવળી છાપ બતાવે છે.

નથી; તો આ તૂલો અવારનવાર કરવાથી પણ ઉપદ્રવ અટકાવી શકાય છે. (૯) ઈમારતી લક્કડને પ્રથમ સોડિયમ આર્સેનેટના પાણીમાં બોળી મુકવાથી ને તે પછી ડામર ચોપડવાથી ઉધઇ લાગતી નથી. મહાદેવપ્રસાદ હ. દેસાઈ 'ગુજરાતી'માંથી

ટેલીવિઝન અથવા દૂરદર્શન

મિ. બેર્ડ નામના એક બ્રિટિશ સંશોધકની આ નવી જ શોધ છે. ટેલિફોનમાં જેમ દૂરના માણસની વાતચિત સંભળાય છે તેમ આમાં દૂરના માણસનું ચિત્ર પણ પ્રત્યક્ષ થાય છે. ૧૯૨૬માં તેણે 'સોહો'ની નાની પ્રયોગશાળામાં એક ઓરડામાં રહ્યાં રહ્યાં બીજા ઓરડાનું દૃશ્ય બતાવ્યું હતું. બે વરસ પછી લંડન અને ગ્લાસગોનાં ટેલીફોનનાં દોરડાં દ્વારા એક જગ્યાનું દૃશ્ય બીજે બતાવ્યું હતું. તે પછી વાયરલેસ મારફત લંડન અને ન્યૂ યૉર્ક વચ્ચે દૂરદર્શન કરાવ્યું હતું. થોડાં અઠવાડિયાં પહેલાં કિનારેથી ૧૫૦૦ માઇલ દૂર એક આગબોટમાં તેના વાયરલેસ કામદારે પોતાની વિવાહિતાને લંડનમાં જોઇ હતી. યુનાઇટેડ સ્ટેટ્સે આ શોધમાંથી નવો ઉદ્યોગ કાઢવાનો પ્રયાસ કર્યો છે. યુ૦ સ્ટેટ્સ, કાનડા ને મેક્સિકોમાં દૂરદર્શનનાં મથકો થોડા સમયમાં સ્થપાશે. આ યંત્રની મદદથી કોઇ પણ બનાવ બનતી વખતે જ જોઈ શકાશે.

આ શોધને અંગે બીજી પણ એક શોધ થઈ છે. મિ. બેર્ડે એવાં અદૃશ્ય કિરણો શોધી કાઢ્યાં છે જેનાથી અંધારા ને ધુમ્મસમાં પણ જોઈ શકાય છે. આનું નામ નૉક્ટોવિઝન કે નિશાદર્શન છે. બીજી શોધ ફોનોવિઝનની છે, જેથી ફોનોગ્રાફ સાંભળતાં સાંભળતાં આપણે ગાનારને દેખી પણ શકીશું.

આ નવી શોધ સીનેમા, વાયરલેસ બ્રૉડકાસ્ટિંગ અને ગ્રામોફોન ત્રણેયને પાછળ મુકી દેશે એમ જણાય છે. સાધારણ માણસને આ યંત્ર ૨૫ પૌંડની કિંમતે મળશે. (પ્રસ્થાન)

કબરવાસીનો ઠપકો!

જનરલ નોબાઇલ અને એના સાથીઓ ઇટાલિયા નામના વિમાનમાં બેસી ઉત્તર ધ્રુવના છેડાને સ્પર્શવા ઉડ્યા હતા. તેઓ ધારેલે સ્થાને પહોંચ્યા- તો ખરા, પરંતુ તેમનું વિમાન બરફ સાથે ટકરાઈ નાશ પામ્યું. બીજી બાજુ તેમના કંઈ સમાચાર નહિ મળવાથી લોકો તલપાપડ થવા લાગ્યા અને ચિંતા ફેલાઈ. તરત થોડા સાહસી નવજુવાનો બહાર પડ્યા. તેમણે જનરલ નોબાઈલની ભાળ લાવવાનું બીડું ઝડપ્યું. પોતાનું એક વિમાન તૈયાર કરી તેઓ તે તરફ ઉપડ્યા. ભારે પ્રયાસો પછી જનરલ નોબાઈલનો કંઇક પત્તો લાગ્યો. તેની હાલત બહુ બુરી હતી. તેના કેટલાક સાથીઓનો પત્તો ન લાગ્યો. એ શોધક મંડળમાંના કેટલાક જનરલ નોબાઇલને લઇને પાછા ફર્યા. બાકીનાઓ તેના સાથીને શોધવા ધપ્યા. આગળ ધપનારાઓમાં જેપ્પી, ગામેગ્રીન અને મેરીનિયો એ ત્રણ હતા. તેમની પાસે એક મહિના જેટલી ભોજનસામગ્રી હતી. થોડે દૂર ગયા પછી મામેગ્રીન થાકી ગયો. 'બસ, હવે આગળ નહિ જવાય.' એણે સાથીઓને કહ્યું, 'મારે માટે એક કબર અહીં બનાવી દ્યો અને ભોજનસામગ્રી લઈ તમે આગળ દોડો.' તેઓ સહેજ આગળ ગયા, પણ જીવ ન ચાલ્યો. પાછા ફર્યા ને મામેગ્રીન પાસે આવ્યા. એમની કાયરતા અને મોહભાવ જોઇ મામેગ્રીન કબરમાંથી મોં કાઢી બોલ્યો, 'અરે! મારા એકના જાનની શીદ પરવા કરો છો? અનેક પ્રાણને બચાવવાને તમારાં ડગલાં લંબાવો, ફતેહ કરો!' પોતાની ધગશ પર મરી ફીટનાર આવા નવજવાનો ભારતમાં ક્યારે પાકશે? (ગાંડીવ)

[અનુસંધાન પાન ૩૫૫થી]

સવારમાં બધા ઘોડેસવારો વિદાય થયા, તે વખતે સૂર્યકુમારની પાછળ બાઇ પણ બેસી ગઈ અને સૂર્યલોકમાં પહોંચી.

સાંજ પડી એટલે સૂર્યભગવાન આખું આકાશ ફરીફરી થાક્યાપાક્યા ઘેર આવ્યા અને પાણી માગ્યું. તે વખતે બાઇએ ઠંડું પાણી લાવીને આપ્યું અને સૂર્ય મહારાજને પવન ઢાળવા લાગી તથા આરામ માટે સાફ સુંવાળી પથારી નાખી આપી.'

સૂર્યભગવાન તેની આ સેવાથી પ્રસન્ન થઇ ગયા અને કહ્યું, 'બેટા, તારી સેવાથી હું તુષ્યમાન થયો છું. તારે જોઇએ તે માગી લે.'

બાઈ કહે, 'મારે જોઇએ આપનું વચન.'

સૂર્યભગવાન કહે, 'જા મારૂં વચન છે; ગમે તે માગી લે.'

બાઇ કહે, 'મહારાજ આપના સૌથી નાના પુત્ર મૃત્યુલોકમાં આવી મને પરણીને તરત આપની આજ્ઞા પ્રમાણે પાછા આવતા રહ્યા છે. તેને પાછા મોકલો.'

સૂર્ય કહે, 'તથાસ્તુ. જા બેટા મારા પુત્રને પાછો મોકલું છું. તું અખંડ સૌભાગ્યવતી, પુત્રવતી થઇશ.'

સૂર્યપુત્ર અને બહુ બંને બ્રાહ્મણ હતો ત્યાં પાછાં આવ્યાં અને બ્રાહ્મણને વધામણી આપવા આગળ મોકલ્યો. ગામ આખું હરખાઇ ગયું.

સૂર્યપુત્ર ઘેર આવી શેઠશેઠાણીના પગમાં પડ્યો અને માબાપને મોઢે હાથ ફેરવ્યો એટલે આંસુનાં બનેલાં પડળ તુટી ગયાં અને માબાપ દેખતાં થયાં.


કુળવંતી સુલક્ષણી વહુના પુન્ય પ્રતાપે શેઠનો વંશવિસ્તાર વધ્યો અને છોકરાંનાં છોકરાં રમાડવાનું સુખ પામ્યા. એવું સુખ સૌને હજો.

[સંપાદિત] **નર્મદા બહેન**

રસ્કિન પોતાને મળવા આવનારને વૉલ્ટર સ્કૉટના વુડસ્ટૉક નામના પુસ્તકની હસ્તલિખિત પ્રત બતાવતો અને તેમાંનાં બે પાના તરફ તેમનું ધ્યાન ખેંચી કહેતો 'આ પાનું લખ્યું ત્યારે સ્કૉટ પોતાને પૈસાદાર માનતો, ને આ પાનું લખતી વેળા એ ગરીબ થઇ ગયો હતો. જુઓ, આ ધ્રુજતે હાથે લખાએલું છે. કેટલી ધીરજ !'

સરખા શબ્દો: કોશ=ગાઉ, કોષ (શબ્દનો), કૉશ (ખોદવાની), કોસ (કુવાનો)

હાડકાંના બનેલા છરી ચપ્પુના પીળા પડી ગએલા હાથા સાફ કરવા માટે હાઇડ્રોજન પેરૉકસાઇડમાં ગરમ કપડાનો કટકો બોળીને તે પર ઘસવો. સાફ થઈ જશે.



સ્પિટ્સ બર્ગન (ઉત્તર ધ્રુવ પાસે)ના પ્રદેશમાં મધરાતે ઉગતો સૂર્ય

વાસી જણાતાં બટેટાં બાફતી વખતે પાણીમાં થોડી સાકર નાખી જોજો.

બુચ કરતાં પાણી ચારગણું ભારે છે.


ચીનમાં ૭૫૦ ફુટ લાંબો એક ઝુલતો પુલ એકલા વાંસનો જ બનેલો છે.

ગરમ કરેલું દુધ ઉંડા કરતાં છીછરા વાસણમાં રાખવાથી વધુ સમય સારૂં રહે છે.

ઉના પાણીમાં થોડો ટંકણખાર નાખી, પાણી ઠરી ગયા પછી તે વડે કોઇપણ જાતના કાચ કે ચીનાઇ માટીનાં વાસણ સાફ કરવાથી ચકચકિત બની જશે.

લીલી હરિયાળી જમીન સામું જોઇ રહેવાથી આંખનું તેજ વધે છે.

ગરમ તેમજ ગુંથેલાં કપડાં ધોવાના પાણીમાં સહેજ નવસાર નાખી જોજો.



ઠેકતા વાંદરાની રમત

બે ધોળા ને બે કાળા મળી ચાર વાંદરા ઉપલા ચિત્રમાં ચાર ખુણાનાં ચાર સ્ટુલ રોકી બેઠા છે. આપણે તેમને એક સ્ટુલ પરથી બીજા સ્ટુલ પર ઠેકાવતાં ઠેકાવતાં કાળાની જગ્યાએ ધોળા ને ધોળાની જગ્યાએ કાળા વાંદરા આવી જાય એમ કરવાનું છે. કાળા વાંદરાની જગ્યાએ પૈસા અને ધોળાની જગ્યાએ નિકલની આનીઓ મુકીને આ રમત કરવાની મઝા પડશે. ખુબ દુદકા ઠેકાવી ઠેકાવીને તો ઉપર જણાવેલું કામ સહેલાઇથી કરી શકાય તેમ છે; પણ વધુમાં વધુ ફક્ત સાત જ ઠેકડા આપીને પરિણામ લાવવામાં જ બુદ્ધિની કસોટી અને ગમ્મત છે. ઠેકડો એક સ્ટુલથી બીજા સ્ટુલ સિવાય બીજે કયાં ય ન મારી શકાય; પણ એક સાથે ત્રણ ચાર સ્ટુલ ઠેકવીને સળંગ ચાલો તો એક જ ઠેકડો ગણાય. જેમકે નં. ૩ની જગ્યા ખાલી હોય તો નં. ૮ વાળો વાંદરો નં. ૪ પર જઇને ત્યાંથી નં ૩ પર પહોંચી શકે ને ધારે તો નં. ૭ સુધી પણ આવી શકે, અને તે એક જ ચાલ ગણાય. લીટી સિવાય આડીઅવળી ચાલ ન થઇ શકે, અને એક જ સ્ટુલ પર બે વાંદરા ન આવી શકે એટલું સંભાળવાનું.